Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૦૧
તા.૨૭-૦૮-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૩ ભાદરવા સુદ - ૦૬
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૦ સૂર્યાસ્ત : ૦૭:૦૪

તાપમાન: ડીસા ૩૪.૬ | અમદાવાદ ૩૪.૦ | ગાંધીનગર ૩૪.૦ | વડોદરા ૩૧.૪ | સુરત ૩૨.૪ | નલિયા ૩૧.૮

ચાંદી : ૩૯૫૦૦ સોનું : ૨૯૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# રાજકીય લાભ માટે રાજયોને સળગવા દીધા : કોર્ટ

## સતત બીજા દિવસે ખટ્ટર સરકારને હાઈકોર્ટે ફટકાર લગાવી : કાયદો-વ્યવસ્થાને હાથમાં લેનારની સામે કાર્યવાહીની ચેતવણી : ડેરાના ૩૬ આશ્રમ સીલ : તોફાનમાં સામેલ શખ્સોની ઓળખ કરી સંપત્તિ સીલ કરાશે

ચંદીગઢ

પંજાબ અને હરિયાણામાં સતત બીજા દિવસે હરિયાણા સરકારને જોરદાર ફટકાર લગાવી હતી. પંચકુલા અને સિરસામાં થયેલી આગ અને તોડફોડની ઘટનાઓથી નારાજ કોર્ટે કહ્યું હતું કે, રાજકીય ફાયદા માટે આ હિંસાને તક આપવામાં આવી હતી. કોર્ટે કહ્યું હતું કે, કોઈપણ સંગઠન જો કાયદો અને વ્યવસ્થાની સામે જશે તો તેની સામે કઠોર કાર્યવાહી કરાશે. હવે હાઈકોર્ટ દ્વારા મંગળવારના દિવસે ફરી સુનાવણી હાથ ધરવામાં આવશે. ગઈકાલે ડેરા પ્રમુખ બાબા રામ રહીમને બળાત્કારના કેસમાં દોષિત જાહેર કરવામાં આવ્યા હતા ત્યારબાદ ભડકેલી હિંસામાં પંચકુલા અને સિરસામાં ૨૧ લોકોના મોત થઈ ગયા હતા. કોર્ટે સરકારને પ્રશ્ન કર્યો હતો કે, જ્યારે ડેરા પ્રમુખની સાથે આવનાર ગાડીઓની સંખ્યા નક્કી હતી તો તેના કાફલામાં ૧૦૦થી વધારે કાર કઈરીતે પહોંચી ગઈ હતી. કોર્ટને રાજ્ય સરકાર તરફથી માહિતી આપવામાં આવી હતી કે, અધિકારીઓએ આ અંગે જાણ કરી હતી. આનાથી નારાજ કોર્ટે કહ્યું હતું કે, રાજ્ય સરકાર એવા અધિકારીઓના નામ જાહેર કરે જે અધિકારીઓએ સરકારને ગેરમાર્ગે દોર્યા હતા. શુક્રવારના દિવસે પણ કોર્ટે જોરદાર ફટકાર લગાવી હતી. ઈન્ટેલીજન્સ માહિતી હોવા છતાં સરકારે ભીડને કાબૂમાં લેવા માટે પુરતા પગલા કેમ લીધા ન હતા. કલમ ૧૪૪ લાગૂ હોવા છતાં મોટી સંખ્યામાં લોકો પંચકુલા કઈ રીતે પહોંચી ગયા હતા.

કોર્ટે હિંસામાં થયેલા નુકસાનની વાત કરતા કહ્યું હતું કે, જે લોકોએ નુકસાન કર્યું છે તે લોકોની ઓળખ કરવામાં આવે તે જરૂરી છે. ત્યારબાદ તેમની સંપત્તિ જપ્ત કરવામાં આવશે જેથી નુકસાનની ભરપાઈ કરી શકાશે. કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, જે લોકોને નુકસાન થયું છે તે લોકોની ભરપાઈ કરવામાં આવશે. ડેરાની તમામ સંપત્તિ સીલ કરી દેવામાં આવે. સંપત્તિઓની એક યાદી તૈયાર કરવામાં આવે જેને આગામી આદેશ સુધી વેચવામાં અથવા તો ટ્રાન્સફર કરી શકાશે નહીં. આ ઉપરાંત પંજાબ અને હરિયાણાના ડેપ્યુટી કમિશનર લોકોને થયેલા નુકસાન માટે ક્લેઈમ પિટિશન લેશે જેથી જજની સામે રજૂ કરીને મુલ્યાંકન કરવામાં આવશે. કલમ ૧૪૪ લાગૂ કરાઈ હોવા છતાં પંચકુલામાં લાખો લોકો એકત્રિત કરવાને લઈને સરકારની આજે ફરી એકવાર ઝાટકણી કાઢવામાં આવી હતી. દરમિયાન ૩૬ ડેરા આશ્રમોને સીલ કરી દેવામાં આવ્યા છે. સિરસાના ડેરાને ખાલી કરાવવાના પ્રયાસ થયા છે. અસામાજિક તત્વો ઉપર બાજ નજર રાખવામાં આવી રહી છે.

### વિચાર વૈભવ...

આજકાલ મંત્રીમંડળો અને અધિકારીઓ નજીવી વાતની ચર્ચા અને નિર્ણય માટે, મિલન- મુલાકાત માટે, 'જમણ' સાથેની બેઠક બોલાવે અને સરકારી ખર્ચે 'જમણ' થઈ જાય. વળી ઘરે પણ બે નંબરની આવક જ 'ચલણ' માં હોય, પ્લોટ, ફિક્સ, ખાતાં ભરાઈ જાય પછી પણ 'કાળાં' નાણાં સંતાડવા દેશ- વિદેશમાં મોકલે છે.

આવા રાજા- પ્રધાનો- સાહેબ લગભગ રોગીષ્ઠ હોય અને દવા- ગોળી સિવાય કંઈ ખાઈ જ નથી શકતા.

એક રાજાની પ્રામાણિકતા અને ન્યાયનાં ખુબ વખાણ સાંભળી આવા રાજાને આશીર્વાદ આપવા સંત રાજાના દરબારમાં ગયા અને કહ્યું, 'રાજન મારે તારી સંપત્તિ જોવાની ઈચ્છા છે. રાજા તો નિઃસ્પૃહી અને નિર્ભય હતો. તરત ધનભંડાર- અન્નભંડાર અને તમામ સ્થાવર- જંગમ મિલકત બતાવી દીધી.

ત્યાં જમવાનો સમય થયો. સાવ સાદી પિત્તળની થાળીમાં ખીચડી- કઢી- રોટલો ને શાક આવ્યાં. સંત તો રસોઈ જોઈ આશ્ચર્ય સાથે આનંદ પામ્યા અને કહ્યું, મહારાજા, મને તો આ વાનગી અને સાત્વિક ભોજન જોઈ ખુબ જ આનંદ થયો છે, પણ આશ્ચર્ય પણ થાય છે, આમ કેમ?

રાજા કહે, મારા બાપ- દાદાની એક એકર જમીનમાં હું અને રાણી જાતમહેનતથી અનાજ પકવીએ છીએ અને એ જ અનાજની રાણી રસોઈ કરે છે અને એ ભોજન જ અમે ખાઈએ છીએ, જે મીઠું તો લાગે જ છે પણ એને કારણે રાજ્યની સુખાકારી- સાત્વિકતા સચવાઈ રહી છે.

- સુરેશ પ્રા.ભટ્ટ

### સાર સમાચાર...

#### ડેરા હિંસાના એક દિવસ બાદ સ્થિતી હજુ પણ વિસ્ફોટક છે

નવી દિલ્હી

રેપના કેસમાં ડેરા સચ્ચા સૌદાના વડા બાબા ગુરમીત રામ રહીમ સિંહને પંચકુળાની ખાસ સીબીઆઈ કોર્ટે દોષિત જાહેર કર્યા બાદ અને તેમને કસ્ટીમાં લઈ લેવાયા બાદ શરૂ થયેલી હિંસાનો દોર મોડી રાત્ર સુધી જારી રહ્યો હતો. બાબાના સમર્થકો હિંસા પર ઉતરી આવ્યા હતા. વ્યાપક હિંસા ફેલાવી હતી. હિંસાના કારણે દિલ્હી, રાજસ્થાન, પંજાબ અને હરિયાણા સહિત પાંચ રાજ્યો હચમચી ઉઠ્યા છે. આગ, ગોળીબાર, હિંસામાં હજુ સુધી મોતનો આંકડો વધીને ૩૨ ઉપર પહોંચી ગયો છે. ઓછામાં ઓછા ૩૨ જેરા સમર્થકો માર્યા ગયા છે. ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. હવે સ્થિતી તમામ જગ્યાએ કાબુમાં હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. એકલા પંચકુલામાં ૨૮થી વધુના મોત થઈ ગયા છે. તમામ જગ્યાએ સુરક્ષા જવાનો અને પોલીસ તેમજ સેનાના જવાનો મોરચા સંભાળી ચુક્યા છે,સિરસામાં ડેરાના ત્રણ સમર્થકો માર્યા ગયા છે. તેમના આશ્રમની સાધ્વી પર રેપના કેસમાં આરોપીને ૧૫ વર્ષ બાદ દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ હિંસા શરૂ થઈ હતી. પંચકુલા અને ચંદીગઢમાં સરકારી હોસ્પિટલમાં તબીબોએકહ્યુ છે કે મોતનો આં- કડો વધુ ઉપર જઈ શકે છે. કારણ કે કેટલાકની હાલત ગંભીર છે.

### આત્મઘાતી હુમલો કરાયા બાદ ઓપરેશન જારી

## પુલવામાં ભીષણ ત્રાસવાદી હુમલો : પાંચ જવાન શહીદ

### વહેલી પરોઢે ૪.૨૦ વાગે હુમલો કરાતા ચકચાર ફેલાઇ ઓપરેશનમાં એક ત્રાસવાદી ઠાર : અભૂતપૂર્વ સલામતી

શ્રીનગર

જમ્મુ કાશ્મીરના પુલવામાં આજે સવારે ફરી એકવાર ત્રાસવાદીઓએ આત્મઘાતી હુમલો કર્યો હતો. આ આત્મઘાતી હુમલામાં પાંચ જવાન શહીદ થયા છે. શહીદ થયેલા જવાનોમાં બે સીઆરપીએફના અને ત્રણ જમ્મુ કાશ્મીર પોલીસના છે. ત્રાસવાદીઓ ડિસ્ટ્રીક્ટ પોલીસ લાઈનમાં ઘુસી ગયા હતા ત્યારબાદ તેમને બહાર ખદેડી મુકવા અને તેમનો ખાત્મો કરવા મોટાપાયે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. એક ત્રાસવાદીને ઠાર કરી દેવાયા બાદ છેલ્લા સમાચાર મળ્યા ત્યારે પણ ઓપરેશન જારી હતી. પોલીસ લાઈનમાં રહેતા તમામ પરિવારોને સુરક્ષિતરીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા. લેફટી જનરલ જેએસ સંધુએ કહ્યું હતું કે, કોઈને બાન પકડી રાખવામાં આવ્યા નથી. ત્રાસવાદીઓએ પહેલા ગ્રેનેડ ઝીંક્યા હતા અને ગોળીબાર કર્યો હતો જેમાં હવાલદાર ઈમ્તિયાઝ શેખ શહીદ થયા હતા. આત્મઘાતી હુમલાખોરોનો ખાતમો કરવા માટે જવાબી કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઓપરેશન મોટા પાયે ચાલી રહ્યુ છે. વહેલી પરોઢે ૪.૨૦ વાગેની આસપાસ આ હુમલો કરવામાં આવ્યો હતો. જેના કારણે સીઆરપીએફના ત્રણ જવાનો પણ ઘાયલ થયા હતા. અન્ય ત્રણ પોલીસ જવાન પણ ઘાયલ થયા હતા. છેલ્લા સમાચાર મળ્યા ત્યારે સામ સમે ગોળીબાર જારી રહ્યો હતો. હુમલા અંગે જાણ થયા બાદ વધુ જવાનો ઘટનાસ્થળે મોકલી દેવામાં આવ્યા છે. ઓપરેશન મોડે સુધી જારી રહે તેવી શક્યતા છે. સુરક્ષા દળોએ રાજ્યમાં મોટા પાયે ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા બાદ હવે ત્રાસવાદીઓ પર હુમલા કરવા માટે દબાણ વધી રહ્યુ છે. હાલમાં મોટા ત્રાસવાદીઓ ઠાર થયા છે. સુરક્ષા દળોએ તેમના અડ્ડા ફૂંકી માર્યા છે.

### બિહાર પુર : ૫૦૦ કરોડની મદદની મોદી દ્વારા જાહેરાત

પટણા

પુરથી બરબાદ થયેલા અને હાલ મુશ્કેલીનો સામનો કરી રહેલા બિહારના લોકોની સ્થિતિને સમજવાના હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે બિહાર પહોંચ્યા હતા. મોદીએ રાજયના પુરપ્રભાવિત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. હવાઈ નિરીક્ષણ કર્યા બાદ મોદીએ તરત જ ૫૦૦ કરોડ રૂપિયાની મદદ કરવાની જાહેરાત કરી હતી. મોદીએ એવી ખાતરી પણ આપી હતી કે, રસાહત અને બચાવ કામગીરી માટે અન્ય સંબંધિત તમામ મદદ પુરી પાડવામાં આવશે. નુકસાનના મૂલ્યાંકન માટે કેન્દ્રીય અધિકારીઓની ટીમ મોકલવામાં આવશે. મોદી ખાસ વિમાનથી પૂરણિયાના ચુનાપુર વિમાની મથકે પહોંચ્યા હતા જ્યાં મુખ્યમંત્રી નીતિશકુમાર અને નાયબ મુખ્યમંત્રી સુશીલ મોદીએ સ્વાગત કર્યું હતું. ત્યાંથી મોદી સીધીરીતે હવાઈ સર્વેક્ષણ માટે પહોંચ્યા હતા.

### સ્વાઇન ફલુ પોઝીટીવના નવા ૩૦૦થી વધુ કેસો

## રાજ્યભરમાં સ્વાઈન ફલુના કહેરમાં વધુ ૭ દર્દી હોમાયા

### અમદાવાદ સહિતના ગુજરાતભરમાં સ્વાઇન ફ્લુનો કુલ મૃત્યુઆંક ૩૧૮ થયો : સ્વાઇન ફ્લુના કુલ ૩૮૧૧ કેસો

અમદાવાદ

રાજયમાં સ્વાઈન ફલુની પરિસ્થિતિ ભયાનક અને ચિંતાજનક બની ગઈ છે, રોજેરોજ મૃત્યુઆંક અને સ્વાઈન ફુલ પોઝીટીવના કેસો ખતરનાક રીતે વધી રહ્યા છે તેમછતાં સરકારી તંત્ર સાચા આંકડા બહાર ના આવે અને લોકોમાં સ્વાઈન ફુલની સાચી પરિસ્થિતિ ખુલ્લી ના પડી જાય તે હેતુથી સાચી આંકડાકીય માહિતી પણ છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે પરંતુ તેમછતાં સ્વાઈન ફલુના મામલે સરકાર અને સત્તાવાળાઓની નિષ્ફળ કામગીરી ખુલ્લી પડી જ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયમાં સ્વાઈન ફલુના કારણે વધુ ૭ દર્દીઓના મોત નીપજયા છે, જયારે અંદાજે ત્રણસોથી વધુ નવા સ્વાઈન ફલુ પોઝીટીવના કેસો નોંધાયા છે. આજે રાજયમાં સૌથી વધુ મૃત્યુ અમદાવાદમાં સ્વાઈન ફલુના કારણે ચાર દર્દીઓના મોત નોંધાયા હતા. આ સાથે જ રાજયભરમાં સ્વાઈન ફલુના કારણે કુલ મૃત્યુઆંક ૩૧૮ સુધી પહોંચ્યો છે.

**સ્વાઇન ફ્લુ ટૂંકમાં જ કાબૂમાં આવી જશે : નીતિનભાઇ પટેલે**
નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આજે આશા વ્યકત કરી હતી કે, સ્વાઈન ફલુની બિમારી ટૂંક સમયમાં જ કાબૂમાં આવશે. વરસાદનું જોર ઘટતાં અને ચોમાસાનો માહોલ ઓછો થતાં હવે સ્વાઈન ફલુ પર કાબૂ મેળવવામાં મદદ મળી રહી છે. ગરમીના કારણે સ્વાઈન ફલુના કેસોની સંખ્યા હવે ધીરેધીરે ઘટી રહી છે અને સરકાર તેમજ આરોગ્યતંત્રના અધિકારીઓ અને તબીબો સ્વાઈન ફલુને ડામવાના અસરકારક પ્રયાસો કરી રહ્યા છે. જેથી ટૂંક સમયમાં તેની પર કાબૂ મેળવી લેવાશે.

### છાપી પંથકમાં પોણા કલાકમાં અડધો ઈંચ વરસાદ : ફરી માર્ગમાં પાણી ભરાયા



સુરેશ અગ્રવાલ

પ્રતિનિધિ છાપી

ઉત્તર ગુજરાતના વડગામ તાલુકાના છાપી પંથકમાં ભારે ઉકળાટ અને ગરમી વચ્ચે લાંબા વિરામ બાદ ફરી મેઘરાજાએ શનિવાર બપોરે ધમાકેદાર એન્ટ્રી કરી હતી.

વડગામના છાપી પંથકમાં સવારથી જ ભારે ઉકાળથી લોકો પરેશાન થઈ ઉઠ્યા હતા. ત્યારે બપોર બાદ અચાનક આકાશમાં વાદળો છવાઈ ગયા હતા. અને પોણા કલાકમાં અડધો ઈંચ વરસાદ ખાબક્યો હતો. દરમિયાન વરસાદને લઈ ફરી એક વાર તંત્રની પોલ ખુલ્લી થઈ હતી. અને હાઈ-વેથી છાપી તરફ આવવાના માર્ગ ઉપર પાણી ભરાઈ ગયા હતા. જેને લઈ લોકો પેરશાન થઈ ઉઠ્યા હતા. છાપી હાઈ-વે ઉપર ફરી પાણીના જવાના માર્ગો ઉપર દબાણ થતાં વરસાદી પાણીના નિકાલની સમસ્યા યથાવત બની રહી છે. દરમિયાન પાલનપુરથી સિધ્ધપુર જતાં હાઈ-વે ઉપર પણ પાણી ભરાઈ જતાં ટ્રાફીકની વિકટ સમસ્યા જોવા મળી હતી.

**સામાન્ય વરસાદમાં પણ જળ ભરાવો યથાવત રહેતા લોકોની મુશ્કેલીઓ વધી**

### રાજ્યસભા ચૂંટણીનો વિવાદ

## એનસીપીનું ઉઠમણું થયું : ૧૮ આગેવાનોએ છેડો ફાડ્યો

અમદાવાદ

ગુજરાતમાં રાજયસભાની થોડા સમય પહેલાં યોજાયેલી ચૂંટણી વખતે એનસીપીના બે મતોને લઈ ભારે વિવાદ સર્જાયો હતો. એનસીપીના હાઈકમાન્ડ એવા પ્રફુલ પટેલે એનસીપીના બે મતો કોને મળ્યા તે મુદ્દે આજદિન સુધી વારંવારની પૃચ્છા અને મુલાકાત છતાં સ્પષ્ટતા નહી કરતાં ગુજરાતના એનસીપીના નારાજ નેતાઓ અને આગેવાનોએ આજે એક અસાધારણ ઘટનાક્રમમાં એનસીપી સાથેનો છેડો ફાડી નાંખ્યો હતો. આ સાથે જ ભાજપ અને કોંગ્રેસ વચ્ચેની લડાઈ અને રાજકારણની કશમકશ વચ્ચે એનસીપીના વિવાદનો એક નવો ફણગો ફુટયો છે. એનસીપીના ગુજરાતના પ્રવકતા મનહર પટેલ, કોર કમીટીના સભ્ય વિજય ગઢવી સહિતના ૧૮ આગેવાન નેતાઓએ આજે એકસાથે એનસીપી સાથે છેડો ફાડવાની સત્તાવાર જાહેરાત કરતાં ગુ- જરાતમાં એનસીપીનું ઉઠમણું થઈ ગયું છે. આ ૧૮ મોટા માથાઓ સાથે તેમની સાથે સંકળાયેલા પંદરથી વીસ હજાર જેટલા કાર્યકરો પણ એનસીપી સાથેનો છેડો ફાડી નાંખે તેવી પૂરી શકયતા છે. જેને લઈ આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રફુલ પટેલે ૧૮૨ બેઠકો પરથી એનસીપીના ઉમેદવારો ઉભા રાખવાની જાહેરાત કરી હતી ત્યારે એનસીપીને ચૂંટણી લડવાના અને ગણ્યીગાંઠી બેઠકો જીતવાના સપના પર જાણે આજે ઠંડુ પાણી રેડાઈ ગયું હતું. એનસીપી હાઈકમાન્ડ દ્વારા આજે ગુજરાતના પક્ષના પ્રવકતા મનહર પટેલને સસ્પેન્ડ પણ કરી દેવાયા હતા. જો કે, તેમણે સામેથી જ પક્ષ છોડવાની જાહેરાત કરી દીધી હતી. એનસીપીના ગુજરાતના પ્રવકતા મનહર પટેલ અને કોર કમીટીના સભ્ય વિજય ગઢવીએ જણાવ્યું હતું કે, રાજયસભાની ચૂંટણી વખતે પક્ષના હાઈકમાન્ડ દ્વારા ઓન પેપર લેખિતમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા એહમદ પટેલને મત આપવાનો વ્હીપ જારી કર્યો હતો પરંતુ બીજીબાજુ, હાઈકમાન્ડ દ્વારા ફોન કરીને એનસીપીના ધારાસભ્યોને ભાજપને મત આપી દેવાની ગંદી રાજનીતિ ખેલાય છે.

### પક્ષના હાઈકમાન્ડ પ્રફુલ પટેલે એનસીપીના બે મતો કોને મળ્યા તે સ્પષ્ટ ન કરતાં એનસીપીમાંથી રાજીનામા પડ્યા

### અરુણ જેટલી ગુજરાતના ચૂંટણી ઈન્ચાર્જ તરીકે યોગ્ય રહેશે

## ગુજરાત ચૂંટણીઓ અંગે મોદી વધુ સક્રિય : વિશ્વાસુઓને જવાબદારી

### જેટલીની મદદમાં વધુ ચારને પણ મહત્વપૂર્ણ જવાબદારી : માદરે વતનમાં શાનદાર દેખાવ કરવા માટેની આક્રમક તૈયારી હાથ ધરવામાં આવી

નવીદિલ્હી

ગુજરાત સહિતના રાજ્યોમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપે સંપૂર્ણપણે કમરકસી લીધી છે. આના ભાગરુપે બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ સૌથી વધુ સક્રિય દેખાઈ રહ્યા છે. મળેલી માહિતી મુજબ ગુજરાતમાં વર્ષ ૨૦૧૭માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને નરેન્દ્ર મોદી કોઈપણ જોખમ લેવા માટે તૈયાર નથી. ગુજરાતમાં શાનદાર દેખાવ કરવાના હેતુસર ચૂંટણીને ધ્યાનમાં લઈને મોદીના ખાસ લોકો ચૂંટણી ટીમમાં ગોઠવી દેવામાં આવ્યા છે. ચૂંટણી ટીમના કોર સભ્યો મોદીના હોવાનું જાણવા મળ્યું છે. વર્ષ ૨૦૧૪ બાદથી ગુજરાતને લઈને મોદી કોઈ જોખમ લઈ રહ્યા નથી. હજુ સુધી પાર્ટી પ્રમુખ અમિત શાહ દ્વારા ગુજરાત સંબંધિત નિર્ણય લેવામાં આવી રહ્યા હતા પરંતુ હવેમોદી પણ સક્રિય થયા છે. રાજયસભાની ચૂંટણી વેળા અમિત શાહે તમામ તાકાત લગાવી હોવા છતાં અહેમદ પટેલની જીતના પરિણામ સ્વરુપે ભાજપ હવે વધુ સાવધાનીપૂર્વક આગળ વધવા ઈચ્છુક છે. ગુ- જરાતમાં ચૂંટણીને ધ્યાનમાં લઈને મોદીએ હવે તેમના સૌથી વિશ્વાસુ કેન્દ્રીય મંત્રી અરુણ જેટલીને મુખ્ય જવાબદારી સોંપી દીધી છે. આ ઉપરાંત ગુજરાતની તમામ બાબતો ઉપર ધ્યાન આપવા ચાર સિનિયર પ્રધાનો અરુણ જેટલીની મદદ કરશે. અરુણ જેટલી પહેલાથી જ ગુજરાતમાંથી રાજયસભાના સાંસદ તરીકે છે. પોતાના વતન રાજ્ય ગુજરાતમાં વિધાનસભાની આગામી ચૂંટણી માટે ચૂંટણી ઈન્ચાર્જ તરીકે અરુણ જેટલી રહેશે. નાણામંત્રી અને સંરક્ષણમંત્રી અરુણ જેટલી ગુજરાતના ચૂંટણી ઈન્ચાર્જ તરીકે નિમ્યા બાદ તમામ બાબતો પર તેઓ નજર રાખશે.

### અમદાવાદથી ઉપડતી ઘણી ટ્રેન રદ કરવાનો નિર્ણય થયો

પંચકુલા

હરિયાણા અને પંજાબમાં કાયદો અને વ્યવસ્થાની જટિલ સ્થિતી સર્જાયા બાદ હવે સાવચેતીના પગલા રૂપે વેસ્ટર્ન રેલવે દ્વારા અમદાવાદથી પસાર થતી શ્રેણીબદ્ધ ટ્રેનો રદ કરી દેવામાં આવી છે. જે ટ્રેનો રદ કરવામાં આવી છે તેમાં ટ્રેન નંબર ૧૨૯૨૫ બાન્દ્રા ટર્મિનસ અમૃતસર પશ્ચિમ એક્સપ્રેસ, ટ્રેન નંબર ૧૯૦૨૭ બાન્દ્રા ટર્મિનસ-જમ્મુ તવી વિવેક એક્સપ્રેસ, ટ્રેન નંબર ૧૨૪૭૩ અમદાવાદ-શ્રી મા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ, ટ્રેન નંબર ૧૯૨૨૩ અમદાવાદ-જમ્મુ તવી એક્સપ્રેસ અને ટ્રેન નંબર ૧૨૯૧૯ ઈન્દોર-જમ્મુ તવી માલવા એક્સપ્રેસને રદ કરવામાં આવી છે. જેના કારણે મોટી સંખ્યામાં યાત્રીઓ અટવાઈ ગયા છે.

મકાન તોડ્યા વિના જેકથી ઉંચું કરાવો
• શું આપનું મકાન રોડ લેવલ થી નીચું છે ?
• શું આપના મકાનમાં વરસાદી પાણી ભરાઈ જાય છે ?
• શું આપ ઓછા ખર્ચ, ઓછા સમયમાં મકાન ઉંચું કરવા માંગો છો ?
• શું આપે પાયાથી ઉંચું થતું મકાન જોયું છે.
આ કામ સંપૂર્ણ ૧૦૦% ગેરંટી પૂર્વક એગ્રીમેન્ટ કરીને કરી આપવામાં આવશે.
સ્વતંત્ર બંગ્લોઝ, જોઈન્ટ ટેનામેન્ટ, કોમ્પલેક્ષ, સ્કૂલ જેવી તમામ બિલ્ડીંગો તોડ્યાં વિના પાયાથી આપ ચાહો એટલા ઉંચા કરી આપવામાં આવે છે.
ગુજરાતના તમામ શહેરોમાં ૫૦૦ થી વધુ મકાન ગેરંટી પૂર્વક ઉંચા કરી ચૂક્યાં છીએ.



આપના મકાનનું એસ્ટીમેન્ટ અને વિઝીટ ચાર્જ રૂા. ૧૦૦૦/-
• અમારી આ સિધ્ધિને લીમકા બૂક ઓફ રેકોર્ડમાં સ્થાન મળેલ છે.
• રાષ્ટ્રપતિના વરદ્ હસ્તે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં છે.
• ભારતમાં ૪૫૦૦ કરતાં પણ વધારે મકાન ઉંચા કર્યા છે.
મો.૯૮૨૫૭ ૭૬૯૦૦
ગુરૂદેવ કન્સ્ટ્રકશન
જેકથી મકાન લીફ્ટીંગ શિફ્ટીંગ
website : www.gurudevconstruction.com

સૂર્યોદય - ૬.૧૪ સૂર્યાસ્ત - ૭.૧૭

## તિથિદર્શન

ભાદરવા સુદ- ૬ રવિવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ ભાદરવા સુદ :છઠ્ઠ રવિવાર નક્ષત્ર :સ્વાતી સાંજે ૫.૪૫ પછી વિશાખા યોગ: બ્રહ્મ કરણ:કૌલવ આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**ન દેવાયન ધર્માચ ન બંધુભ્યો ન યાર્થિને દુર્જન્સ્યાર્જિતં વિત્તં ભૂજ્યતે રાજતસ્કરેઃ**

સુભાષિત રત્ન ભાંડાગારના 'દુર્જન નિંદા' (બીજું પ્રકરણ) ના આ શ્લોક દુર્જનો જે દુષ્ટ નીતિથી ધન એકત્ર કરે છે. તેની આ દશા થાય છે એ આ શ્લોકમાં કહ્યું છેઃ-

'દુર્જનનું દુષ્ટ માર્ગે કમાયેલું ધન, દેવ- દેવસ્થાન, ધર્મ- ધાર્મિક કાર્યોમાં, કે કુટુંબીજનોનું પાત્ર યાચકને માટે વપરાતું નથી કે કોઈ કામમાં પણ આવતું નથી. પરંતુ એવા લોકોને ધન તો માત્ર રાજા(સરકાર) કે ચોર- લૂંટારા જ ભોગવે છે.'

જે લાંચ રુશવત- ખાયકી- કૌભાંડ અને કમિશનથી આવેલી કે પોતાના વ્યવસાયમાં ઓપરેશન, ખોટા સિમેન્ટનાં પુલ- મકાનો બાંધી અનીતિની આવક ઊભી કરી હોય, ભેળસેળ, દાણચોરી, ઠગબાજી- એકના ડબલ જેવા ધંધા એ બધી દુષ્ટ નીતિથી પેદા કરેલી લક્ષ્મી છે. એને અલક્ષ્મી કહેવાય. આ લક્ષ્મી પવિત્ર અને સાત્વિક કાર્યમાં વપરાતી નથી. કુટુંબ પરિવાર, જરૂરિયાતમંદ કે દાન- પુણ્યમાં પણ કામ આવતી નથી...

એ સરકાર જપ્ત કરે કે ડૉક્ટર - વકીલને ફી ચૂકવવામાં જ વપરાય- કામ આવે છે અથવા ચોર- લૂંટારા છીનવી જાય છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) આર્થિક અસ્થિરતા સર્જાય. મનની મુરાદ બર ન આવે.**
**વૃષભ : (બ.વ.ઉ.) હિતશત્રુઓનું જોર વધે. સારા કાર્યો અટકી-અટકીને પૂર્ણ થાય.**
**મિથુન : (ક.છ.ઘ.)વ્યર્થ ક્રોધ રહે. માનસિક અશાંતિના ભોગ બનવું પડે.**
**કર્ક : (ડ.હ.) મનમાં અશાંતિ રહે. પ્રિયજનથી વિરહ.**
**સિંહ : (મ.ટ.) ભાગીદારીથી લાભ થાય. યશ-પ્રતિષ્ઠા મળે.**
**કન્યા : (પ.ઠ.ણ.) પારિવારીક જવાબદારી વધે. શુભ કાર્યોમાં ધન વપરાય.**
**તુલા : (ર.ત.) નવિન તક મળે. શત્રુપક્ષથી સાવધ રહેવું.**
**વૃશ્ચિક : (ન.ય.) પુરૂષાર્થ અને પરાક્રમ વડે પ્રતિકુળ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢી શકશો.**
**ધન : (ભ.ફ.ધ.) સાહસિક કાર્યોમાં ધન લાભ થાય. પ્રવાસમાં ધન હાનિના યોગ છે.**
**મકર : (ખ.જ.) નવિન ઓળખાણ થાય. આર્થિક સમસ્યા દૂર થતી જણાય.**
**કુંભ : (ગ.શ.સ.) સ્વજનો કે નજીકના મિત્રોથી લાભ. અટકેલા કાર્યો પૂર્ણ થાય.**
**મીન : (દ.ચ.જ.થ.) આર્થિક મુશ્કેલી દૂર થાય. સાહસિક કાર્યોમાં સફળતા મળે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

'ત્યકત' માનવોને અંતરથી આશરો આપનાર મધર ટેરેસાનો જન્મદિન છે.

એમનો જન્મ ૨૭-૮-૧૯૧૦ ના રોજ યુગોસ્લાવિયાના સ્કોટજે ગામમાં થયો હતો.

ભારતના ૩૫ મોટા શહેરોમાં એમના સેવાકાર્યો ચાલે છે. એમણે વિશ્વભરના દેશોની અનહદ લોકચાહના અને સન્માન પ્રાપ્ત કર્યા છે. અત્યાર સુધીમાં એમને સંખ્યાબંધ રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય પારિતોષિક પણ મળ્યા છે. એમનું ૫-૯-૧૯૯૭ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# થરાદમાં ભુદેવોએ સામુહિક જનોઇ ધારણ કરી


વિષ્ણું દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના શ્રીજાગેશ્વર મહાદેવના મંદીરમાં ભાદરવા સુદ ચોથના રોજ થરાદના શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા દર વર્ષની જેમ સામુહીક જનોઇ બદલવાનો કાર્યક્રમ યોજાયો હતો.જેમાં બહોળી સંખ્યામાં શહેરના સામવેદી ભુદેવોએ ઊપસ્થિત રહી શાસ્ત્રી દેવશંકરભાઇના મંત્રોચ્ચાર સાથે સુર્યનારાયણની સાક્ષીએ શાસ્ત્રોક્ત વિધીથી નવી યજ્ઞોપવિત ધારણ કરી હતી.આ પ્રસંગે દાતા ખોડાજી લાલાજી રાજપૂત પરિવાર તરફથી ભૂદેવો ને વસ્ત્રદાન અને ભોજનપ્રસાદ બાદ દક્ષિણાની આપવામાં આવી હતી.

# ડીસામાં સમસ્ત બનાસકાંઠા રબારી સમાજની શિક્ષણ ચિંતન બેઠક મળી


ભરત સુંદેશા

ડીસા

ગતરોજ તા.૨૬/૮/૨૦૧૭ ના રોજ રબારી ગોપાલક છાત્રાલય ખાતે રબારી સમાજ બનાસકાંઠા આયોજીત રાયકા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ બનાસકાંઠા દ્વારા એક શિક્ષણ ચિંતન બેઠક યોજાઈ જેમાં સમાજના આગેવાનોએ હાજરી આપી અને આગામી સમયમાં ભવ્ય શિક્ષણ સંકુલ બને તેવુ આયોજન કરવાની તૈયારી દર્શાવી જેમાં માવજીભાઈ દેસાઈ (ચેરમેન, એ.પી.એમ.સી.ડીસા, વા.ચે. બનાસ ડેરી) અને ડો.રાજુલબેન દેસાઈ (પ્રોફેસર લો - કોલેજ, ડીસા) નરસિંહભાઈ હાથીભાઈ (ક્રિષ્ના કાઠીયાવાડી, ડીસા) બાબુભાઈ તાલેગજ, બાબુભાઈ ઘરનાલ, રેવાભાઈ સાવીયાણા, જીવાભાઈ રાણપુર, મેરાજભાઈ દીયોદર, લક્ષ્મણભાઈ થરાદ, રાજુભાઈ થરાદ કાનજીભાઈ નવા, લગધીરભાઈ અને ભરતભાઈ થરા, નરસિંહભાઈ દામા, જયેશભાઈ દેસાઈ (જુનાડીસા) કલ્યાણભાઈ રાણપુર, સાગરભાઈ બાઈવાડા, કે.કે.દેસાઈ ડીસા, બાબુભાઈ , રમેશભાઈ વિઠોદર તેમજ ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ પણ હાજરી આપી શુભેચ્છા પાઠવી હતી. જેમાં જલાભાઈ દેસાઈના પ્રમુખ તરીકે વરણી કરાઈ હતી આ કાર્યક્રમનું સંચાલન સાગરભાઈ દેસાઈ (વરનોડા) એ કર્યુ હતું.

# થરાદમાં વાજતે ગાજતે શ્રીજીની સ્થાપના


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ નગરમાં પૌરાણિક ગણપતિ મંદિર તથા શ્રી જાગેશ્વર મંદિર,વિનાયક સોસાયટી,ભુમીપાર્ક સોસાયટી સહિત વિવિધ સ્થળોએ શુક્રવારે વાજતેગાજતે શ્રીજીની સ્થાપના કરવામાં આવી હતી.શ્રી જાગેશ્વર મંદીરમાં શ્રી જાગેશ્વર મહાદેવ ભુદેવ ગૃપ દ્વારા બીજા વર્ષ પણ વાજતેગાજતે મુર્તીની સ્થાપના કરવામાં આવી હતી.તે પુર્વે શહેરની ચારરસ્તા રોડથી મોટરસાયકલ સાથે ગણપતિબાપા મોરીયાના જયનાદ સાથેની વાજતે ગાજતે શ્રીજી સાથે ભવ્ય શોભાયાત્રા પણ યોજાઇ હતી.જેમાં બહોળી સંખ્યામાં ભાવિકભક્તો પણ જોડાયા હતા.નગરના રાજમાર્ગો પર ઠેરઠેર નાચગાન અને ગણપતિ બાપા મોરીયાના જયનાદ સાથે શોભાયાત્રાઓ યોજાઇ હતી.

# ડીસામાંથી ૧૦૦ હાજીઓ હજ યાત્રાએ જવા રવાના


જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ડીસામાં દર વર્ષની જેમ આ વર્ષે પવિત્ર મક્કા શરીફ તથા મદીના શરીફની હજ પઢવા મુસ્લિમ બિરાદરો ડીસા- જુનાડીસા તથા રાજપુરમાંથી જવા રવાના થયા હતા. જે હાજીઓને અમદાવાદ એરપોર્ટ પર વિશાળ સંખ્યામાં મુસ્લિમો લકઝરી બસ જેવા પ્રાઈવેટ સાધનોમાં મુકવા માટે ગયા હતા.

ત્યારે ગતરોજ ડીસા ઓરીએન્ટલ ડેવલપમેન્ટના ઓફિસર રસીદભાઈ પાયડીયા હજ પઢવા માટે જતા તેઓનું ફુલ પહેરાવી સ્વાગત હાજી મુઝફફરભાઈ સોલંકી (નિવૃત ઓવરસીયર) એ કર્યું હતું. આ પ્રસંગે પૂર્વ કોર્પો- રેટર અને ફિલ્મ કલાકાર તારીક સોલંકીએ પણ તેમને સાલ તથા ફુલહાર પહેરાવી શુભેચ્છા પાઠવી રસીદભાઈને અમદાવાદ એરપોર્ટથી હજ પઢવા રવાના કર્યા હતા.

જિલ્લામાં શ્રીજીની વિધિવત રીતે સ્થાપના

# ડીસામાં ઝલઝીલણી એકાદશીના દિવસે ભવ્ય શોભાયાત્રા બાદ વિસર્જન કરાશે


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ગણેશ ચતુર્થીના પાવન દિવસે ડીસા સહિત જિલ્લામાં વિઘ્નહર્તા, દુદાળા દેવના મહોત્સવની દબદબાભેર શરૂઆત થઈ ગઈ છે શુભ મર્હુતમાં ગણપતિ બાપાની વાજતે ગાજતે મૂર્તિ લાવી બિરાજમાન કરવામાં આવતા ઠેરઠેર વાતાવરણ ગણપતિ બાપા મોરીયાના નાદથી ગુંજી ઉઠ્યું હતું. સમગ્ર જિલ્લામાં વિવિધ સંસ્થાઓ, સંગઠનો સહિત આમ પ્રજાજનો દ્વારા ઠેરઠેર ગણેશોત્સવનું આયોજન કરતા ધામધુમ પૂર્વક રીતે ઉજવણી કરવામાં આવશે. જિલ્લાના મોટા શહેરોથી માંડી નાના ગામડા સુધી ગણપતિ મહોત્સવનો દર વર્ષે મહિમા વધી રહ્યો છે જેને લઈ હાઈવે પર મૂર્તિઓનું ધુમ વેચાણ થતુ જોવા મળ્યું હતું લોકો હર્ષ ભેર વિઘ્નહર્તાની મનોહર મૂર્તિઓ ઘરે પંડાળમાં લઈ જઈ હર્ષોલ્લાસ સાથે ગણપતિ બાપા મોરીયાના નાદ સાથે બાપાને બિરાજમાન કરવામાં આવ્યા હતા. પાંચ સાત કે દશ દિવસ સુધી ગણપતિ બાપાની સવાર સાંજ આરતી સાથે પુજન અર્ચન કરશે. આ ઉપરાંત ગણેશોત્સવમાં વિવિધ ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે ત્યારે ગણેશચર્તુથીના દિવસેથી શરૂ થયેલ ગણેશોત્સવને લઈ જિલ્લાવાસીઓ ભગવાન ગણેશજીની ભક્તિમાં લીન થઈ ગયા છે.

# તાણા શાંતિનગર સોસાયટીમાં ગણેશ સ્થાપન


યશપાલસિંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિ થરા

કાંકરેજ તાલુકાના તાણા- થરા રોડ પર આવેલ શાંતિનગર સોસાયટીના રહીશો દ્વારા છેલ્લા ઘણા વર્ષથી ગણેશ સ્થાપન ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવે છે. કેવડા ત્રીજના દિવસે ગણેશજીની ભવ્ય પ્રતિમા લાવી સોસાયટીના રહીશો પૈકી એકના ઘરે રાત્રિ રોકાણ કરાવ્યા બાદ સવારે ભવ્ય બેન્ડ ઢોલના તાલે શોભાયાત્રા કાઢી સોસાયટીના ચોકમાં શુભ મુહુર્તે સ્થાપન આરતી કરવામાં આવે છે. ગત ભાદરવા સુદ-ચોથને સંવત્સરીના પવિત્ર દિવસે ગણેશ સ્થાપન કરવામાં આવી. ચાર દિવસીય ઉત્સવ બાદ ગણેશજીની પ્રતિમાનું વિશ્વેશ્વર ખાતે વિસર્જન કરવામાં આવશે. આ પ્રસંગે ભાજપ અગ્રણી કિર્તિસિંહ વાઘેલા, વાય.ટી.વાઘેલા, પૂર્વ સરપંચ ગણપતગીરી ગોસ્વામી, જેઠાભાઈ જોષી, સુરેશભાઈ દરજી, બાબુભાઈ જનસારી, મહેશભાઈ ત્રિવેદી, ઈશ્વરભાઈ સુથાર, ગોપાલભાઈ જોષી, હર્ષદભાઈ જનસારી , વિશાલ દરજી, કાંતિભાઈ સુથાર, મહેશભાઈ પટેલ, અશોકભાઈ ઠક્કર, ધર્મેશભાઈ ઠક્કર, ભરતભાઈ ઠક્કર, વસંતભાઈ ઠક્કર, મહેશભાઈ ચૌધરી, વિશાલભાઈ ઠક્કર, વિપુલભાઈ સોની, સુખદેવભાઈ જોષી, ભારમલભાઈ પટેલ, અંબાલાલભાઈ પટેલ, કનુભાઈ પાંડવ, કરશનભાઈ સુથાર, પ્રવિણભાઈ ખત્રી, જવાહરભાઈ મહેશ્વરી, દિનેશભાઈ ઠક્કર સહિત સોસાયટીઓના રહીશો- આમંત્રિતો ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. ચાર દિવસીય ઉત્સવમાં વિવિધ કાર્યક્રમો યોજાશે. ગણેશ સ્થાપનથી ચાર દિવસીય વિધિવિધાન નંદકિશોર પંચોલી મહારાજ કરાવશે.

# ભાભર તાલુકાના કુવાળા પે.કેન્દ્ર શાળાની અંડર-૧૪ ની બંને ટીમો રમતોત્સવમાં વિજેતા


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ભાભર તાલુકાના કુવાળા ગામની કુવાળા પગાર કેન્દ્ર શાળાની અંડર- ૧૪ ની ભાઈઓ અને બહેનોની બન્ને ટીમો છેલ્લા ૧૭ વર્ષથી ચેમ્પિયનશીપ જાળવી રાખીને ખેલમહાકુંભ અને તાલુકા કક્ષાની મહોત્સવમાં તા.૨૫/૮/૨૦૧૭ ના રોજ ખો-ખો માં બન્ને સ્પર્ધામાં વિજેતા જાહેર થતાં કુવાળા પે.કેન્દ્ર શાળામાં ખુશીની લહેર જોવા મળી હતી.બન્ને ટીમો તાલુકા કક્ષા રમતોત્સવમાં પોતાની ચેમ્પિયનશીપ જાળવી રાખવામાં સફળ રહીને આ વર્ષે પણ ભવ્ય વિજય મેળવ્યો છે.આ વિદ્યાર્થીઓની ટીમને તૈયાર કરનાર માર્ગદર્શક કોચ એ.એન.બરંડા અને એન.એમ.પટેલે ખુબ મહેનત કરીને તાલુકામાં પ્રથમ સ્થાન જાળવી રાખતા શાળાના આચાર્ય પ્રકાશભાઈ નાયક તેમજ સમગ્ર શાળા પરિવાર હર્ષની લાગણી અનુભવી રહ્યો છે.

# થરાદના ખોડામાં સીઆરસી કક્ષાનો રમતોત્સવ યોજાયો


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના ખારાખોડા ગામની શાળામાં સીઆરસી કક્ષાનો રમોતોત્સવ યોજાયો હતો.જેમાં કબડ્ડી,ખોખો અને એથ્લેટીક્સ જેવી સ્પર્ધાઓમાં ૭૦ શાળાના ૩૫૩ વિધાર્થીઓએ ભાગ લીધો હતો.જેમાં કબડ્ડીમાં ખોડા અને બહેનોમાં ખારાખોડા શાળાની અને ખોખોમાં વારા પ્રા.શાળાની બહેનો વિજેતા બની હતી.ગામના સરપંચ શામળભાઇ ડી સુથાર તરફથી બાળકોને એક એક ગ્લાસ પ્રોત્સાહક ઈનામ સ્વરૂપે આપવામાં આવ્યો હતો.ગ્રામપંચાયતના તલાટી સંજયભાઇ નાઇએ ઉપસ્થિત રહીને બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.શાળાના આચાર્ય જે એ ચૌધરી અને સીઆરસી ડી.વી.કાળાએ જહેમત કરીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

વિશિષ્ઠ વ્યાખ્યાન શ્રૈણી અંતર્ગત

# ગણપત યુનિવર્સિટીમાં આજે રાષ્ટ્રિય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી ઉપર પ્રવચનનું આયોજન

**ગુજરાતી લોકસાહિત્યના પ્રખર-અભ્યાસી અને રાજ્યના ચિફ માહિતિ કમિશ્નર વસંત ગઢવીનું વ્યાખ્યાન**

ગણપત વિદ્યાનગર

ગણપત યુનિવર્સિટીની દસ વર્ષની શૈક્ષણિક યાત્રાના દસવર્ષની ઉજવણીના ભાગરૂપે બે વર્ષ પહેલા શરૂ થયેલી 'યુની-વિશિષ્ટ વ્યાખ્યાન-શ્રેણી' અંતર્ગત આવતીકાલે બપોરે ત્રણ વાગ્યે ગણપત યુનિવર્સિટી ઓડિટોરિયમ ખાતે વધુ એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

''રાષ્ટ્રિય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી : ધરા ગુર્જરીનું અણમોલ રતન '' વિષય ઉપર ગુજરાતી લોકસાહિત્ય અને લોકજીવનના પ્રખર અભ્યાસુ અને આઈએએસ અધિકારી તરીકે નિવૃત્ત થઈ રાજ્ય સરકાર દ્વારા ફરી ચિફ માહિતી કમિશ્નર તરીકે નિમણૂંક પામેલા વિદ્વાન્ વ્યાખ્યાતા વસંત ગઢવી આ અવસરે મેઘાણીના જીવન અને કથનના અનેકવિધ ઉજાળા પાસાઓને પોતાની આગવી શૈલીમાં ઉઘાડી આપશે.

'સૌરાષ્ટ્રની રસધાર', 'સોરઠી બહારવટીયા', 'વેવિશાળ' અને 'પલકારા' જેવા અનેક પુસ્તકો દ્વારા ખ્યાતિ પામેલા અને મહાત્મા ગાંધીએ જેમને ''રાષ્ટ્રિય શાયર'' જેવા બિરૂદ દ્વારા સન્માન આપ્યુ હતુ.તેવા શ્રી ઝવેરચંદ મેઘાણીએ સૌરાષ્ટ્રનાં અનેક ગામડાઓ ખુંદીને લોકસાહિત્યની લખેલી વાતો શોધી કાઢી અને લોકો સમક્ષ રજૂ કરી.સૌરાષ્ટ્રના લબ્ધ પ્રતિ- ષ્ઠત અખબાર ''ફુલછાબ'' દ્વારા એમણે લોકાભિમુખ પત્રકારત્વનું પણ એક શ્રેષ્ઠ ઉદાહરણ પુરું પાડ્યુ.'કસુંબીનો રંગ' જેવી રાષ્ટ્રભક્તિથી છલકાતી રચના આપનાર મેઘાણીભાઈએ કવિવર ટાગોરની એક ગીત-કવિતાનું 'મન મોર બની થનગનાટ કરે..!' નામે એવું તો મનોરમ્ય ગુજરાતી કર્યુ કે આજે તે એક એક ગુજરાતીના હોઠે રમે છે.

આપણી આ ધીંગી ગુજરાતી અસ્મિતાના સંવર્ધન રૂપે યોજાયેલુ આ વ્યાખ્યાન આપનાર શ્રી વસંત ગઢવી પણ ગુજરાતી ધીંગી લોકપરંપરાના પ્રખર અભ્યાસી છે.છેલ્લા દસેક વર્ષથી તેઓ સૌરાષ્ટ્રના 'ફુલછાબ' તેમજ 'કચ્છમિત્ર' માં અને ગાંધીનગરના 'ગાંધીનગર સમાચાર' માં લોકસાહિત્ય અને લોકજીવન વિશે કોલમ લખે છે તો છેલ્લા બે-અઢી વર્ષથી અમદાવાદના જાણીતા અખબાર 'નવગુજરાત સમય' માં પણ ગુજરાતની અસ્મિતાના જયોતિર્ધર સમા મહામાનવો વિશેની કટાર લખે છે.આ લેખોના સંપાદનના ચાર-પાંચ પુસ્તકો પણ હવે બહુ જલ્દીથી પ્રકાશિત થઈ રહ્યા છે.

# થરા નગરે પર્યુષણ પર્વની પુર્ણાહૂતિએ વિશાળ રથયાત્રા નીકળી


યશપાલસિંહ ટી. વાઘેલા

પ્રતિનિધિ થરા

થરાશ્રી વાંધમાં પૂ.સા. સિધ્ધપૂર્ણાશ્રીજી મ.સા. પૂ.સા વિનિતરીવાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં શ્રી થરા સંઘમાં તપશ્ચાનો અદભૂત માહોલ જામ્યો છે.પાંચાણી કીરીટકુમાર સોમાલાલના પુત્ર આશિષના ધર્મપત્નિ સ્વીટીબેન તથા ચિ.નિરવના સુપુત્ર ક્રિસ તથા કિત્સની અઠ્ઠાઈ પ્રસંગે ત્રીજની રાત્રે સંગીતકારના સંગીત સાથે ભવ્ય સાંજીનું આયોજન કર્યું હતું. તેમજ અલ્પેશભાઈ શેઠની સુપુત્રી ખુશીએ અઠ્ઠાઈ તપની આરાધના કરતા પરિવાર તરફથી સુંદર સાંજીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ બંનેના નિવાસ સ્થાને પૂ.સાધ્વીજી ભગવંતોના પગલા થયા હતા. પૂ.સા.ભગવંતોએ પોતાના વ્યાખ્યાનમાં તપધર્મનો મહિમા ગાયો હતો. પાવાપુરીમાં પૂ.સા. સિધ્ધગુણાશ્રીજી મ.સા.ની પાવનનિશ્રામાં ચિ.કેના, રાહી વિજયભાઈ ચિ.અનોખી શૈલેષભાઈ, ચિ.ધ્રુવા દેવેન્દ્રભાઈ તથા ચિ.રીંકુની અઠ્ઠાઈ પ્રસંગે પાટણના સંગીતકાર દશરથભાઈ જોષીએ પોતાની આગવી શૈલીમાં સાંજી ગાઈ તપસ્વીઓની અનુમોદના કરી હતી આ પ્રસંગે થરા ગામ, પાર્શ્વનગર પાવાપુરીથી મોટી સંખ્યામાં શ્રાવક શ્રાવીકાઓ ઉપસ્થિત રહી તપસ્વીઓને પ્રોત્સાહીત કર્યા હતા.

ભાદરવા સુદ - ૪ ના સંવત્સરી પર્વના શ્રાવકો તથા શ્રાવીકાઓને અંતરથી ખમત ખામણ કરી વેરભાવને ખતમ કરી મૈત્રીભાવનું સર્જન કર્યુ હતું.

પર્યૂષણ પૂર્ણાહૂતિ પ્રસંગે શ્રી શાંતિનાથ જિનાલયથી રથ, બગી, ઈન્દ્રધજા બેન્ડ અને પૂ.સાધ્વી ભગવંતો સાથે ભગવાનની ભવ્ય રથયાત્રા પ્રારંભ થઈ થરાના રાજમાર્ગો પર ફરી દેરાસર પરત આવી હતી. થરા નગરના તમામ તથા આજુબાજુના ગામમાંથી ભક્તો પધાર્યા હતા. રથયાત્રા બાદ દાદાવાડીમાં પાંચાણી લક્ષ્મીબેન શીવલાલ ભોગીલાલ તરફથી સ્વામીવાત્સલ્ય (કાયમી) કરવામાં આવ્યું હતું. સવારે પૂ.સા. કંચનશ્રીજી મ.સા.ના ગુરૂ ભક્તો તરફથી તપસ્વીઓના પારણા દાદાવાડીમાં કરાવવામાં આવ્યા હતા. આમ ઉમંગ અને ભક્તિ પૂર્ણ રીતે પર્યુષણ પર્વની ઉજવણી થઈ હતી.

## ભીલડીમાં સ્વાઈન ફ્લૂ જેવા રોગો થતા અટકાવવા ઉકાળાનું વિતરણ


કંચનજી ઠાકોર

પ્રતિ. ભીલડી

ભીલડી રોટરી કલબ અને બનાસકાંઠા જિલ્લા સરકારી હોમિયોપેથી દવાખાનાના સંયુક્ત ઉપક્રમે ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.ભીલડી માર્કેટયાર્ડમાં આવેલ ઈચ્છા પૂર્ણ હનુમાનના મંદિર પરિસરમાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ.જેમાં ડો.ભરત કે.પટેલ, રોટરી પ્રમુખ જામનદાસ મહેશ્વરી, મંત્રી અશોકભાઈ પટેલ, મુકેશ મેવાડા, વિનોદ રાવલ, વિષ્ણુભાઈ દવે તેમજ બાબુ પાનકુટા(ડિરેક્ટર બનાશબેંક) વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## વડગામના પિલુચામાં ગણપતિ દાદાના મંદિરે લોકમેળામાં શ્રધ્ધાળુઓ ઉમટ્યા

**સૌ પ્રથમ વખત મેળાનું આયોજન કરાયું**

તા.પ્રતિ. વડગામ

વડગામ તાલુકાના પીલુચા ગામમાં ગણેશ ચતુર્થી નિમિતે પ્રથમવાર લોકમેળાનું આયોજન કરાયું હતું. જેમાં પિલુચા પંથકના ભાવિકોએ દાદાના દર્શન કર્યા હતા.

વડગામના પીલુચા ગામના લોકમાતા સરસ્વતીના તટે આવેલા ચામુંડા માતાજીના મંદિર પ્રાંગણમાં ગણપતિ દાદાનું મંદિર આવેલ છે જે મંદિરમાં શુક્રવારે ગણેશ ચતુર્થીના દિવસે સ્થાનિક ટ્રસ્ટ દ્વારા લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયત સરપંચ દ્વારા મેળામાં પ્રાથમિક સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

# વડગામના છાપી ખાતે દુંદાળા દેવની વાજતે ગાજતે સ્થાપના

**દોઢ દાયકાથી છાપીમાં ગણપતિ મહોત્સવનું આકર્ષણ : સોમવારે મોકેશ્વર ખાતે વિસર્જન કરાશે**


સુરેશ અગ્રવાલ

પ્રતિનિધિ છાપી

મહારાષ્ટ્રના અતિલોકપ્રિય ગણેશમહોત્સવનું છેલ્લા અનેક વર્ષોથી ગુજરાતમાં પણ ભારે આકર્ષણ જમાવવા સાથે શ્રધ્ધાપૂર્વક મનાવવામાં આવે છે.દરમ્યાન છાપી ખાતે શનિવારે વાજતે ગાજતે વિઘ્નહર્તા દુદાળા દેવની શુભ મુહુર્તમાં સ્થાપના કરવામાં આવી હતી.

વડગામ તાલુકાના છાપી ખાતે છેલ્લા દોઢ દાયકાથી ગણેશોત્સવ ધામ ધૂમ પૂર્વક મનાવવા સાથે સતત ત્રણ દિવસ સુધી લોકપ્રિય કલાકરો દ્વારા નાટકો, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવે છે.આ વર્ષે પ્રજા પિતા બ્રહ્મા- કુમારી સંસ્થા દ્વારા પણ એક કાર્યક્રમ યોજવામાં આવનાર છે.છાપી સાર્વજનિક ગણપતિ મંડળ દ્વારા પ્રતિવર્ષ વિઘ્નહર્તા દુંદાળાદેવની અલગ અલગ વેશભુષામાં મૂર્તિઓની સ્થાપના કરવામાં આવે છે.જેથી પંથકમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બને છે. શનિવારે દાદાનું વાજતે ગાજતે સામૈયુ કરી ગણપતિદાદા મોર્યાના નાદ સાથે આરતી ઉતારી સ્થાપના કરવામાં આવી હતી.દરમ્યાન સતત ત્રણ દિવસ દાદાની આરાધના કરી સોમવારે ભવ્ય વરઘોડા સાથે મોકેશ્વર ગામે વિસર્જન કરવામાં આવશે.

# ડીસા શહેર ભાજપ અનુ.જનજાતિ મોરચાના હોદ્દેદારોની વરણી

ડીસા

જિલ્લા પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા, જિલ્લા પ્રમુખ કેશાજી ચૌહાણ, જિલ્લા મહામંત્રીઓ અમૃતભાઈ દવે, ભારતસિંહ ભટેસરીયા તથા ઉમેદદાનજી ગઢવીના માર્ગદર્શનથી જિલ્લા અનુ.જનજાતિ પ્રમુખ રવીન્દ્રભાઈ ગમારની સુચનાથી શહેર પ્રમુખ કૈલાશભાઈ ગુધી અને મહામંત્રી દલપતભાઈ માજીરાણા ડીસા શહેર પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ અને મહામંત્રી ચેતભાઈ ત્રિવેદી તથા અશોકભાઈ પટેલ સાથે ચર્ચા વિચારણા કરી નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરેલ છે. જેમાં પ્રમુખ કૈશાલભાઈ ગાંધી, મહામંત્રી દલપતભાઈ માજીરાણા, ઉપપ્રમુખ શંકરભાઈ માજીરાણા, ઉપપ્રમુખ સુરેશભાઈ માજીરાણા, મંત્રી ધર્મેન્દ્રભાઈ માજીરાણા, મંત્રી સુનિલભાઈ માજીરાણા, મંત્રી નટુભાઈ માજીરાણા, મંત્રી મહેશભાઈ માજીરાણા, કોષાધ્યક્ષ લેખરાજભાઈ માજીરાણાની વરણી કરાઈ છે.

# અમદાવાદના પ્રથમ જૈન એસીપીના અઠ્ઠાઈ તપ

**અઠ્ઠાઈ ઉપવાસ એ મારો ધર્મ અને નોકરી એ મારી ફરજ : પન્નાબેન મોમાયા**

અમદાવાદ

પર્યુષણમાં અઠ્ઠાઈ ઉપવાસ એ મારો ધર્મ અને નોકરી એ મારી ફરજ છે. આ શબ્દો અમદાવાદમાં એસીપી તરીકે ફરજ બજાવતા પોલીસ અધિકારી પન્નાબહેન મોમાયાના છે. તેમણે પર્યુષણ પર્વ દરમિયાન માત્ર ઉકાળેલા પાણી વડે સળંગ આઠ ઉપવાસનું અઠ્ઠાઈ વ્રત હોવા છતાં તેઓ સમયસર પોતાની ડ્યૂટી કરવાનું ચૂકતા નથી.

તેઓ પર્યુષણ દરમિયાન દરરોજ સવારે પૂજા પાઠ કરીને ૧૦.૩૦ વાગે ઓફિસમાં હાજર થઈ ફરજ બજાવે છે. એક બાજુ પ્રતિક્રમણ અને સેવાપૂજા કરવાનું ચુકતા નથી. તો બીજી બાજુ ઉપવાસ દરમિયાન ડ્યૂટીના કલાકો લંબાઈ જાય તો તેની પણ પરવા કરતા નથી. તેઓ પોલીસ અધિકારી તરીકેની કઠિન નોકરી અને ધર્મનું કઠોર તપ એમ બંનેનું સાથે વહન કરવામાં માને છે. આ અંગે એસીપી પન્ના બહેને જણાવ્યું કે મારા માતા પિતાએ મને નોકરીમાં રજા મુકીને ઉપવાસ કરવાની છુટ આપી હતી. કારણ કે તેઓ નોકરી અને ઉપવાસ સાથે હોય તેવા સંજોગોમાં મારા સ્વાસ્થ્યને લઈને ચિંતિત હતા. જો ધર્મના અને નોકરીના કામમાં મજબુત મન રાખવાથી કસોટીમાં પાર ઉતરી શકાશે તેનો મને વિશ્વાસ હતો. આથી મેં ધર્મની સાથે કર્મ પણ છોડ્યું નથી.

# થરાદ વિસ્તારમાંથી જીલ્લાની એલસીબી પોલીસે ૧૩૨૦ બોટલ વિદેશી દારૂ ઝડપ્યો

**રાજસ્થાન તરફથી જોડાજોડ આવતી અલ્ટો કાર અને બોલેરો ગાડીઓ પકડાઈ**


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠાની એલસીબી પોલીસે નર્મદા નહેર રોડ પરથી બે અલગ અલગ ગાડીઓમાં રાજસ્થાનથી લવાઈ રહેલા ૧૩૨૦ બોટલ વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સને ઝડપી લીધો હતો.બનાવથી બુટલેગરોમાં ખળભળાટ મચવા પામ્યો હતો.

ડી.એસ.પી. નીરજ બડગુજરની સુચનાના આધારે થરાદ વિસ્તારમાં એલ.સી.બીના I/C પોલીસ ઈન્સ્પેકટર જે એચ સિંધવ તથા ગણપતલાલ, પ્રકાશચંદ્ર, ભરતભાઈ,વિજયસિંહ પેટ્રોલીગમાં હતા.દરમ્યાન બાતમી આધારે નર્મદા કેનાલથી વામી ગામના કાચા રસ્તાએ આવતા નાકાબંધી કરી અલ્ટો કાર નં **GJ1HN2104**ને ઝડપી લીધી હતી. જેમાંથી વિદેશી દારૂની ૨૭૦ બોટલ કી.રૂ ૨૭,૦૦૦ મળી આવી હતી.પોલીસે કિ.રૂ.૧૫૦૦૦૦ની ગાડી સાથેના મુદામાલ સાથે ચાલક કનકપુરી બાળપુરી ગૌસ્વામી રહે.અંબાળા તા.થરાદને ઝડપી પુછતાછ કરતાં તેણે તે દારૂ અમરતજી સવાઈજી ઠાકોર રહે.સવપુરા તા.થરાદે ભરાવેલ હોવાનું જણાવતાં તે બંન્નેની સામે કાર્યવાહી ચાલુ કરી હતી.દરમિયાન તે જ રસ્તેથી બોલેરો ગાડી નંGJ24K2951 આવતાં તેને પણ અટકાવીને તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂ બોટલ નંગ ૧૦૫૦ કી.રૂ ૧૦૫૦૦૦ સાથે વરધાજી સવાઈજી રાજપૂત રહે.પિલુડા તા.થરાદ ઝડપાઇ ગયો હતો.પોલીસે ગાડીની કિંમત રૂ.૩૦૦૦૦૦ સાથે કુલ મુદામાલ ૪,૦૫,૦૦૦ કબજે લઇ બંન્ને બનાવોમાં કુલ ૫૮૨૦૦૦ નો મુદામાલ કબ્જે લીધો હતો.આ બનાવોથી બુટલેગરોમાં ખળભળાટ મચવા પામ્યો હતો.

# પાલનપુર સિવિલમાં સ્વાઈન ફ્લૂ પોઝીટીવના ૧૮ પૈકી ૯ દર્દીને રજા

**સ્વાઈન ફ્લૂ અટકાવવા હોસ્પિટલ દ્વારા ઉકાળાનું વિતરણ**

પાલનપુર

ગુજરાતભરમાં સ્વાઈન ફ્લુના દર્દીઓ વધી રહ્યા છે. તેમજ સરકાર સ્વાઈન ફ્લુના દર્દીઓને ત્વરિત સારવાર તેમજ સ્વાઈન ફ્લુના રોગચાળાને અટકાવવા માટે અવનવા પગલા ભરી રહી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં આવેલ એક માત્ર જિલ્લા હોસ્પિટલ ખાતે પણ સ્વાઈન ફ્લુના દર્દીઓની માત્રા ઓછી કરવા હોસ્પિટલ દ્વારા પાલનપુર તાલુકાની અનેક શાળા, કોલેજો તેમજ હોસ્પિટલ ખાતે સ્વાઈન ફ્લુના ઉકાળાની વ્યવસ્થા કરવામાં આવી છે અને સ્વાઈન ફ્લુના ઉકાળાના કેમ્પો અનેક જગ્યાએ યોજવામાં આવેલ છે. તેમજ દર્દીઓને સહેલાઈથી સ્વાઈન ફ્લુની માહિતી મળી રહે તેમજ તેને અટકાવવા માટેના ઉપાયો દર્શાવતાં અનેક બેનર્સ હોસ્પિટલ કંપાઉન્ડમાં લગાવેલ છે.

આ અંગે ડૉ.એમ.એસ. જી.પટ્ટીવાલા, સિવિલ સર્જન, જનરલ હોસ્પિટલ, પાલનપુરના જણાવ્યા અનુસાર તાઃ- ૨૫/૦૮/૧૭ સુધી જનરલ હોસ્પિટલ, પાલનપુરમાં સ્વાઈન ફ્લુના શંકાસ્પદ ૬૯ દર્દીઓને દાખલ કરવામાં આવેલા. જે પૈકી ૧૮ દર્દીઓને સ્વાઈન ફ્લુ પોઝિટીવનો રિપોર્ટ આવેલ. તેમાંથી ૯ દર્દીઓને સારવાર બાદ રજા આપેલ છે. ચાર દર્દીઓ વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરેલ છે. તેમજ બે દર્દીઓનું મૃત્યુ થયેલ છે.

# પશુમૃત્યની સહાય નહી આપવાના જીલ્લા પંચાયતના પરિપત્રથી કોંગ્રેસના મહામંત્રી ખફા

**થરાદમાં કોઈપણ જાતાનાં બહાનાં વગર પશુમાલિકોને સહાયના ચુકવણાની માંગ**

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકામાં તાજેતરમાં આવેલા પુરમાં અનેક ખેડુતોનાં પશુઓનાં મોત નિપજ્યાં હતાં.જો કે જીલ્લા પંચાયતે હાડપીંજર, કોહવાયેલ પશુ અને મૃત્યુનું કારણ જાણી ન શકાય તેવા પશુઓને સહાય નહી ચુકવવાનો પરિપત્ર કરતાં પીએમ કરવા છતાં પણ સહાય નહી મળતાં પશુમાલિકોને ભારે અન્યાય થવા પામ્યો છે.આ અંગે ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ મહામંત્રીએ સરકારને બહાનાં બાજી કર્યા વગર પશુમાલિકોને સહાય ચુકવાવની માંગ કરી જો અન્યાય થશેતો લડત આપવાની ચિમકી ઉચ્ચારી છે.

બનાસકાંઠના સરહદી થરાદપંથકમાં ગત મહીને આવેલાં પુરમાં ૧૯૯૧ પશુઓનાં મોત નિપજ્યાં હતાં.જે પૈકી ૧૦૨૬ બિનવારસી અને ૯૪૫ માલિકીનાં પશુઓનાં મૃત્યું થતાં પીએમ કરવામાં આવ્યું હતું.જે પૈકી ગૌશાળાના ૧૬૮ અને અન્ય ૫૪૪ મળીને ૭૧૨ કેશમંજુર કરવામાં આવ્યા હતા.જ્યારે બાકીના ૨૩૩ કેશ માં સહાય ચુકવવા પાત્ર નથી તેમ કરીને પેંન્ડીંગ કરવામાં આવ્યા હતા. ગુજરાત પ્રદેશકૉંગ્રેસ સમિતીના મહામંત્રી માંગીલાલ માળવીએ આ અંગે તપાસ કરતાં નાયબ પશુપાલન નિયામક, જી.પં. બનાસકાંઠાનો સહાય નહી ચુકવવાનો પરિપત્ર હોવાનું જાણવા મળ્યું હતું.

આ અંગે થરાદના અરંટવા ગામના માંગીલાલે જણાવ્યું હતુંકે સરકારે પશુનિકાલની કામગીરીની માર્ગદર્શિકામાં અધિકારીઓને જેમાં મૃતદેહ સંપુર્ણ ઓળખ થઇ શકે તેમ નથી તેવા કિસ્સામાં સહાય માટે કેશ રજુ કરવો નહી તેવી તાકીદ કરવામાં આવી હતી.જેમાં શરતચુકના કિસ્સામાં પશુચિકીત્સક અધિકારીની જવાબદારી ઠરશે તેમ જણાવવામાં આવતાં પીએમ કર્યા બાદ પણ આવા કેશ પડતર રહી જતાં પશુ માલિકોમાં ભારોભાર અન્યાયની લાગણી ઉભી થવા પામીછે.આ અંગે તેમણે સરકારને પત્ર લખ્યો હતો.જેમાં તેમણે પાણીના પુરના કારણે અનેક ગામોમાં પાણીમાં પશુઓ તણાઈ જવા પામ્યાં હતાં.આથી આવા પશુઓના તો સગડ પણ મળવા પામ્યા નથી.તો ગામના આગેવાનો સાથે મળીને પંચનામુ કરીને તેમને સહાય ચુકવવાની માંગણી કરી હતી.

અનુસંધાન પાના નં.૬

# અંકલેશ્વરમાં સાત લાખના વિદેશી દારૂના જથ્થાનો નાશ કરાયો

પ્રતિનિધિ અંકલેશ્વર

અંકલેશ્વર શહેર અને જીઆઈડીસી પોલીસ મથકની હદમાંથી પકડાયેલો સાત લાખ રૂપિયાના વિદેશી દારૂનો જથ્થાનો હાંસોટ રોડ ઉપર આવેલ આમલાખાડી નજીક અવાવરૂ જગ્યામાં નાશ કરવામાં આવ્યો હતો.

અંકલેશ્વર જીઆઈડીસી અને અંકલેશ્વર સીટી પોલીસ મથકની હદમાં પકડાયેલ વિદેશી દારૂના નાશ માટે કોર્ટમાંથી પરવાનગી માંગવામાં આવી હતી. પરવાનગી મળી જતા અંકલેશ્વર હાંસોટ રોડ નજીક આમલાખાડી નજીક આવેલી અવાવરૂ જગ્યામાં એ.એસ.પી. રવિમોહન સૈની, પ્રાંત અધિકારી આર.કે. ભગોરાની તેમજ બંન્ને પોલીસ સ્ટેશનના પીઆઈની હાજરીમાં વિદેશી દારૂની આઠ હજાર કરતા વધારે બોટલો ઉપર રોડ રોલર ફેરવીને નાશ કરાયો હતો.

# વડગામના ચકચારી દુષ્કર્મનો આરોપી બસુથી ઝડપાયો

**દુષ્કર્મના કેસમાં આરોપી છેલ્લા વીસ દિવસથી નાસતો ફરતો હતો**

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકાના એક ગામમાં વીસ દિવસ પૂર્વે બનેલ દુષ્કર્મની ઘટનામાં આરોપી છેલ્લાં વીસ દિવસથી નાસતો ફરતો હતો.છાપી પોલીસે ગુરૂવાર સાંજે તેને બસુ ગામેથી ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

છાપી પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ વડગામના એક ગામમાં કૌટુંબિક કાકા સસરા દ્વારા ખેતરમાં મહિલાની એકલતાનો લાભ લઈ પૂળા માંડવાના બહાને ઓરડીમાં મોકલી પાછળથી બળાત્કાર ગુજાર્યો હતો.જો કે આ બનાવ બાદ મહિલાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.સારવાર દરમ્યાન મહિલાનું બુધવારે અમદાવાદ ખાતે કરૂણ મોત નીપજ્યું હતું.પોલીસે આરોપી રમેશભારથી ગંગારામભારથી ગૌસ્વામી વિરૂધ્ધ ૩૦૬, ૩૭૬, ૫૦૬(૨) ૧૧૪ મુજબ ગુનો નોંધ્યો હતો.જો કે આરોપી છેલ્લા વીસ દિવસથી નાસતો ફરતો હતો પરંતુ પોલીસે આરોપીને ગુરૂવારે વડગામના બસુ ગામેથી ઝડપી જેલ હવાલે કર્યો હતો.

# અમીરગઢ પોલીસે ઘઉંના કટ્ટા હેઠળ છુપાવેલ વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપી




પ્રતિ. અમીરગઢ

અમીરગઢ પી.એસ.આઈ, એમ.બી.બારડ સ્ટાફ સાથે બોર્ડર ચેક પોસ્ટ ઉપર વાહનોનું ચેકીંગ કરતા હતા તે દરમ્યાન (ટ્રક નં.આર.જે.૧૯-૧જી -૫૬૦૬) માંથી ઘઉંના કટ્ટા નીચે છુપાયેલી વિદેશી દારૂની ૧૭,૪૩૬ બોટલ કિંમત રૂ.૨૯,૬૨,૮૦૦ મળી આવી હતી.તેથી પોલીસે ટ્રક ચાલક કાનસિંહ જોરસિંહ રાજપૂત(રહે.બાલા તા.બિલાડા, જિ.જોધપુર)ની અટકાયત કરી હતી.પોલીસે વિદેશી દારૂ સાથે ટ્રક(કિંમત રૂા.૧૨,૦૦,૦૦૦) બે મોબાઈલ(કિંમત રૂા.૧૦૦૦), ઘઉં કટ્ટા ૧૨૦ (કિંમત રૂા.૧૫૦૦૦) મળી કુલ રૂા.૪૧,૭૯,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાખામાં મૈત્રી ભાવ સાથે સંવત્સરી મહાપર્વની આરાધના સંપન્ન


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાખા નગરે આ. અરવિંદ સૂરીશ્વરજી મ.સા., આ. યશોવિજય સૂરીશ્વરજી મ.સા., આ.શ્રી રાજપુણ્ય સૂરીશ્વરજી મ.સા. તથા આ.શ્રી અર્હંપ્રભ સૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં પર્યુષણા મહાપર્વની આરાધના આનંદભેર સંપન્ન થઈ છે. જેમાં ૫૧ ઉપવાસ, ૩૦ ઉપવાસ, અઠ્ઠાઈ તથા તેની ઉપરની આરાધનામાં વિશાળ સંખ્યામાં આરાધકોએ જોડાઈ જીવન સફળ બનાવેલ.

ગઈકાલે મંગળ દિવસે સકળ સંઘની ઉપસ્થિતિમાં બારસા સૂત્રનું શ્રવણ કરાવેલ અને તેમાં તેના સારભૂત પાઠનું વર્ણન કરતા આચાર્ય ભગવંતએ જણાવેલ કે જીવનમાં ભુલ થઈ જવી સહજ છે. પણ તે ભુલને ભુલી જવી તે ઘણી જ મુશ્કેલ છે.

અનુસંધાન પાના નં.૬

# યાત્રાધામ ઢીમાથી એક કીમી દૂર એસ.ટી બસો ઉભી રહેતા યાત્રાળુઓમાં રોષ


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

વાવથી ૧૧ કી.મી.ના અંતરે સુપ્રસિધ્ધ યાત્રાધામ ઢીમા ગામ આવેલુ છે પુનમના દિવસે અંદાજે ૧ લાખથી વધુ યાત્રાળુઓ દર્શનાર્થે આવે છે. જ્યાં આગામી ભાદરવી પૂનમનો મેળો યોજાનાર છે જે સંદર્ભેમીની અંબાજી ગણાતા ઢીમા નગરે ૨ થી ૩ લાખ ભાવિક ભક્તો દાદાના દર્શનાર્થે આવશે પરંતુ છેલ્લા એક માસથી સતત ઢીમા ખાતે આવતી તમામ એસટી બસો ઢીમા થી ૧ કી.મી. દૂર આવેલા હાઈવે ચાર રસ્તા ઉપર ઉભી રહેતા શ્રધ્ધાળુ ભક્તો સહિત નાના બાળકો, વૃધ્ધો તેમજ બીમાર લોકોને પગપાળા ચાલતા આવવુ પડે છે સત્વરે ઢીમા ખાતે આવતી તમામ એસ.ટી. બસો ઢીમા ગામ અંદર આવે તેવી ઢીમા ગ્રામજનોની માંગણી છે.

# ધાનેરાના ધારાસભ્યએ પૂર અસરગ્રસ્ત લોકો સાથે ચર્ચા કરી


એન.કે.મોદી

(તા.પ્રતિનિધિ) ધાનેરા

ધાનેરાના ધારાસભ્ય જોઈતાભાઈ કે. પટેલ તા.૨૬-૮-૨૦૧૭ના દિવસે પૂરગ્રસ્ત શેરા, રવિયા, સબાવડી, દેઢા,અનાપૂર છોટા અને જાડી ગામોની મુલાકાત લીધી હતી. જે પૂર દરમિયાન નુકશાન થયું છે તે બાબતે સહાય આપવા વિષે ચર્ચા કરી હતી. આપણે પૂરમાં થયેલ નુકસાન અંગે ૧૪ મુદ્દા લઈને સરકારશ્રી રજુઆતો કરી છે તેના વિષે પણ વાકેફ કર્યા હતા.

# આકોલી પાટીયા પાસે ટ્રકની અડફેટે બે ગાયના મોત

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ તાલુકાના આકોલી પાટીયા પાસે ખસા ગામેથી સિમેન્ટની પાઈપો ભરીને આવી રહેલ ટ્રકના ચાલકે સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવતા બે ગાયોને અડફેટે લેતાં તેમના મોત નિપજ્યા હતા. જેમાં એક ગાયને ૧૦ ફુટ જેટલી વ્હીલમાં ફસાતા ફુરચા ઉડી જવા પામ્યા હતા અને લોકોના ટોળા એકઠા થઈ જવા પામ્યા હતા. જો કે ટ્રક ખસા ગામના ગૌરક્ષકની હોઈ રૂા. ૧૧૦૦૦ નું ધર્માદુ ગૌશાળામાં નાંખવા જણાવ્યું હતું. ટ્રક નં. જી.જે. ૨ વી.વી. ૧૧૪૩ નો ડ્રાઈવર વગર લાઈસન્સે ગાડી હંકારી જતો હોવાનું જાણવા મળ્યું હતું.

# ડીસામાં પર્યુષણ પર્વ નિમિત્તે પારણા

ડીસા

જૈન સમાજના મહાપર્વ ગણાતા પર્યુષણની ડીસા ખાતે ધામધૂમ પૂર્વક ઉજવણી કરી હતી જેમાં શહેરમાં આવેલા રિસાલા બજારના જૈન દેરાસરમા, ચંદ્રલોક રોડ પર આવેલ દેરાસર,નેમિનાથ ખાતે આવેલ દેરાસર સહિત અનેક ઉપાશ્રયોમાં આચાર્ય ભગવંતના નિશ્રામાં ઉપાસના કરવામાં આવી હતી .આ પાવન પ્રસંગે સમાજના ભક્તો ઉપાસના સાથે ૩૦ ઉપવાસ , ૧૧ ઉપવાસ , અઠ્ઠાઈ, ના ઉપવાસો કર્યા હતા ત્યારે શનિવારે પર્યુષણના ઉપવાસ કરતા લોકોએ પારણા કર્યા હતા ઉપરાંત વિવિધ દેરાસરોમાં આંગી કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.

# લાખણી - ગેળા રોડ ઉપરના રેતીના ઢગલા હટાવવાનું શરૂ


દેવજી રાજપૂત

**ગામ લોકો અને વાહન ચાલકોને હાશકારો**

પ્રતિનિધિ વાતમ

લાખણી - ગેળા રોડ ઉપર છેલ્લા એક મહીનાથી પડેલા રેતીના ઢગલા મુદ્દે અખબારી અહેવાલ પ્રસિધ્ધ થતા જ હરકતમાં આવેલા તંત્રે જે.સી.બી. વડે રેતીના ઢગલા ઉપાડવાની કામગીરી આરંભી છે જેથી વાહન ચાલકોમાં ખુશાલી છવાઈ છે.

ગત જુલાઈ મહીનામાં લાખણી પંથકમાં અતિ ભારે વરસાદ અને પૂર આવ્યું હતું. જેના કારણે વ્યાપક તબાહી થઈ હતી. જે પૂરના ઘસમસતા પ્રવાહમાં તાલુકાભરના કાચા - પાકા રોડ ધોવાઈ ગયા હતા. જેમાં તાલુકા મથક લાખણીથી યાત્રાધામ ગેળાને જોડતા રોડ ઉપર રેતીના ઢગલા જામી ગયા હતા. આ રોડ ઉપર વાહનોની વધુ અવરજવર રહેતી હોઈ રોડ ઉપરના રેતીના ઢગલાના કારણે ટુ વ્હીલર વાહનો સ્લીપ થવાના બનાવો બનવા લાગ્યા હતા.

અનુસંધાન પાના નં.૬

# રેવન્યુ તલાટીની કેડર અલગ કરાતા વાવ અને સૂઈગામ પંથકના ખેડૂતોની હાલાકીમાં વધારો

તા.પ્રતિ. વાવ

વર્ષ ૨૦૧૨ થી રાજ્ય સરકારે રેવન્યુ તલાટીની કેડર અલગ બનાવતા વાવ અને સૂઈગામ પંથકના ખેડૂતોની હાલાકીમાં વધાર થયો છે.

વર્ષોથી પંચાયત અને રેવન્યુ તલાટીની કામગરી ગૃપમાં કરવામાં આવતી હતી. પરંતુ વર્ષ ૨૦૧૨થી રાજ્ય સરકારે રેવન્યુ તલાટીની નવી પોસ્ટ ઉભી કરી છે જેથી રેવન્યુને લગતુ કામકાજ ખેડૂતોને સરળ બની રહે પરંતુ આનાથી ઉલટાની ખેડૂતોની મુશ્કેલીઓમાં વધારો થઈ ગયો છે કારણ કે ખેડૂતોને સામાન્ય કામકાજ હોય તો પણ રેવન્યુ અને પંચાયત બંને તલાટીઓની સહીઓની જરૂર પડે છે જેવી કે પાકધિરાણ, વારસાઈ નોંધ જેવી કામગીરી માટે ખેડૂતોને બંને તલાટીઓનો સંપર્ક સાધવો પડે છે જેથી સમય અને મુશ્કેલીઓમાં વધારો થાય છે ખેડૂતોનો સમય અને કામ બંને ખોરંભે ચડે છે વર્ષોથી પંચાયત તલાટી રેવન્યુની અને પંચાયતની કામગીરી બજાવતા હતા જેથી ખેડૂતોને સરળતા રહેતી હતી જોકે આ અલગ - અલગ બંને કેડર મર્જ કરી દેવામાં આવે તો ખેડૂતોને પડતી હાલાકીઓ દુર થઈ શકે છે હાલમાં રેવન્યુ તલાટીની કેડર અલગ બનતા વાવ અને સુઈગામ પંથકના ખેડૂતોમાં હાલાકીઓ વધી ગઈ હોવાનું ચર્ચાસ્પદ બન્યુ છે.

# પાલનપુર રામદેવ પીરના મંદિરે મેળો ભરાયો

પાલનપુર

પાલનપુરના જૂના ગંજ બજાર પાસે આવેલ દ્વારકાધીશ ભગવાન અને રામદેવપીરના મંદિરે દર વર્ષનછ જેમ આ વર્ષે ભાદરવા સુદ-૯ને તા.૩૦/૮/૨૦૧૭ ના રોજ નેજુ ચઢાવાયો ત્યારબાદ ભાદરવા સુદ-૧૧ ને તા ૨/૯/૨૦૧૭ ના રોજ મેળો ભરાશે અને રાત્રે ભોજન સંધ્યા કાર્યક્રમનું પણ જયશ્રી બાબા રામદેવપીર મંદિર ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.જેનો શ્રધ્ધાળુ ભાઈ-બહેનોએ લાભ લેવા અનુરોધ કરાયો છે.

# ગણેશ મહોત્સવને લઈને ચોમેર આનંદનું વાતાવરણ

પ્રતિનિધિ અંકલેશ્વર

ભરૂચ જિલ્લામાં ગણેશ ચતુર્થી નિમિત્તે આન બાન અને શાનથી ગણેશજીની પ્રતિમાઓ સ્થાપિત કરાઈ હતી. સમગ્ર શહેરમાં એક પ્રકારનો ઉત્સાહનો માહોલ જોવા મળતો હતો. ભરૂચ અને અંકલેશ્વર શહેરની સોસાયટી અને ફ્લેટોમાં તેમજ જાહેર સ્થળોએ ગણેશજીની પધરામણી કરવામાં આવી હતી. દશ દિવસની ગણેશજીની હાજરીને લઈને માહોલ ઉત્સવમય બની ગયો છે.

છેલ્લા બે દિવસથી લોકો ગણેશજીની મૂર્તિ લેવા માટે વાહનો સાથે જવાને લઈને અને ધામધુમથી નાચતા ગાતા લાવવાના લઈને અનેક જગ્યાએ ટ્રાફિક જામના પ્રશ્નો સર્જાયા હતા. જો કે સરકાર દ્વારા અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા મૂર્તિનો આગ્રહ સેવવામાં આવ્યો હતો. છતાં પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિ ઉપર લોકોનો ભારે જોક રહ્યો હતો.

ગણેશજીની અનેક જન્મો પૈકી ભાદરવા મહિનામાં થયેલા જન્મનું વિશેષ મહત્વ છે. આ ગણેશોત્સવ ભગવાનના જન્મોત્સવ ઉપરાંત વિજયોત્સવ છે. એ સિધ્ધિ વિનાયકના વ્રતના નામે ઉજવાય છે. જેમાં પ્રભુની પાર્થિવ એટલે કે માટીમાંથી બનાવેલ મૂર્તિનું વિશેષ મહત્વ હોય છે.

મૂર્તિ વિસર્જન વખતે નદીઓ અને જળાશયોના પાણી ખરાબ ન થાય તે માટે કૃત્રિમ જળકુંડ બનાવવામાં આવે છે. જેનો ભક્તો મોટા પ્રમાણમાં ઉપયોગ કરે છે.

# વાવની "જોડીયા માઈનોર"માં ગટરનું દુષિત પાણી ભરાતાં જન આરોગ્ય સામે ખતરો

તા.પ્રતિ. વાવ

વાવના અગ્રણી અને નિવૃત સર્કલ ઈન્સપેક્ટર કેશાજી સેંગલે મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે વાવથી પસાર થતી જોડીયા માઈનોર જે વાયા વાવ થઈ સરદારપુરા (જોડીયા) બુકણા થઈ નાળોદર સુધી પસાર થાય છે અને વિસ્તારના વાંઢીયા ઉપર રહેતા લોકો અને પશુઓ આ માઈનોરનું પાણી પીવે છે.

પરંતુ આ માઈનોર કેનાલમાં વાવના ઘોડામેદાન પાસે દીવાલમાં ગાબડું પડી જતાં તેમાં ગટરનું દૂષિત ગંદા પાણી અને ચોમાસુ પાણી ભળી જાય છે જે લોકોના આરોગ્ય સામે ખતરો ઉભો કરે છે. તો સત્વરે વાવ રોડ ઉપર જે પુલ બનાવાયો છે તેને ઉંચો બનાવામાં આવે તેમજ દીવાલના ગાબડાના રીપેરીંગ કરવામાં આવે જેથી આ માઈનોરનું ગંદુ દુષિત કલોરેશન કર્યા વિનાનું પાણી પીતા લોકો બચી શકે.

# આવલ ગામ ખાતે ગ્રામસભા યોજાઈ

પ્રતિનિધિ અમીરગઢ

આવલ ગૃપ ગ્રામ પંચાયત ખાતે ગ્રામ પંચાયતના પ્રાંગણમાં ગ્રામ સભાનું આયોજન સરપંચ ખેંગારસિંહ ડાભીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતુ.જેમાં અમીરગઢ મામલતદાર બીપીનચંદ્ર વર્મા, ત.ક.મંત્રી જયદિપભાઈ મોદી, સરપંચ ખેંગારસિંહ ડાભી, ઉપસરપંચ રાજેન્દ્રસિંહ કે.ડાભી તથા આરોગ્ય વિભાગના રમેશભાઈ ડામોર હાજર રહ્યા હતા.જેમા આવલ ગ્રામવાસીઓ પાસે ભ્રષ્ટાચાર મુક્ત ભારતનો સંકલ્પ લેવડાવામાં આવ્યો અને સ્વચ્છ ભારતનો, ગરીબી મુક્ત ભારત બનાવાનો, આંતકવાદ મુક્ત ભારત બનાવવાનો, જ્ઞાતિવાદ મુક્ત ભારત બનાવાનો જેવા અનેક સંકલ્પ લેવડાવામાં આવ્યા હતા.

વિકાસ વિશેની માહિતી આપવામાં આવી હતી અને આરોગ્ય વિભાગ દ્વારા હાલમાં ચાલી રહેલા સ્વાઈન ફ્લુના રોગ વિશે જાણકારી આપવામાં આવી હતી અને તેના પેમ્પલેટ પણ વહેંચવામાં આવ્યા હતા અને રોગચાળા વિશે સાવચેત રહેવાની માહિતી આપવામાં આવી હતી.

**જોઈએ છે**
**સેલ્સ મેનેજર**
**કોમ્પ્યુટર ઓપરેટર**
**આનંદ ટાઈલ્સ ગેલેરી**
મુરલી ટાયરની સામે, ડીસા
પ્રશાંત અગ્રવાલ
મો.૯૮૭૯૩૧૨૨૦૦
ફોન કરીને આવવું

# ડીસાથી અર્બુદા દેવીના પદયાત્રી સંઘનું પ્રસ્થાન


ભરત સુંદેશા

ડીસાના બજરંગનગરથી રાજસ્થાનના માઉન્ટ આબુ નજીક બિરાજમાન અર્બુદા દેવીના પદયાત્રી સંઘનું ગતરોજ પ્રસ્થાન થયું હતુ. ત્યારે અર્બુદા દેવીના જય જયકારથી ગગન ગુંજી ઉઠ્યું હતું.

## તંત્રી સ્થાનેથી ...

### શારીરિક શક્તિથી સંપન્ન પુરૂષ કરતા નીતિવાન પુરૂષ વધારે શ્રેષ્ઠ છે

## દક્ષિણમાં ભાજપને સત્તાધિન બનવા ભારે કવાયત કરવી પડશે

આગામી ૨૦૧૯ માં લોકસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાય તે અગાઉ ભારતીય જનતા પાર્ટીના નેતાઓએ ચૂંટણી બહુમતથી જીતવા અત્યારથી જ કવાયત હાથ ધરી દીધી છે. ચૂંટણીમાં ઉમેદવારી કરનારા ખેલંદાઓની ખાનગી બેઠકોનો દોર પણ શરૂ થઈ ચૂક્યો છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ ચૂંટણી અગાઉ ભારે પરિશ્રમ ઉઠાવી રહ્યા છે. ભાજપ શાસિત ઘણા રાજ્યોમાં વર્તમાન શાસન સામે એન્ટિ ઈન્કમ્બન્સીની ભાવના જાગી શકે છે. જો છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ભાજપને બહુમતી મળે તો પણ તેની કુલ સીટો ઘટી શકે છે.

ગત ૨૦૧૪ ની ચૂંટણીમાં ગુજરાત તથા રાજસ્થાનમાં ભાજપને તમામ બેઠકો પ્રાપ્ત થઈ હતી. એવી સફળતા આ વખતે મળશે તેવું કંઈ નક્કી કહી શકાય નહીં. રાજકારણમાં કોણ ક્યારે પાટલી બદલશે તે કહી શકાય તેમ નથી. એક સર્વે અનુસાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામ પર ભાજપને મોટી સફળતા મળી રહે તેવું લાગે છે. છતાં લોકસભાની ચૂંટણીઓ અગાઉ યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓમાં વિપરીત પરિણામો આવે તો લોકસભાની ચૂંટણી પર તેની અસર થાય પણ ખરી?

જ્યાં અગાઉ જે રાજ્યમાં ભાજપને સફળતા મળી ન હોય તેવા દક્ષિણના રાજ્યોમાં ભાજપને પસ્તાવવું પડે તેમ લાગે છે. ત્યારે કોંગ્રેસ દ્વારા પણ ૨૦૧૯ ની ચૂંટણી માટે ભારે કવાયત કરવાનું શરૂ કરી દીધું છે. જો કે પક્ષમાં તિરાડો પડવાની સંભાવનાને નકારી શકાય તેમ નથી. કોંગ્રેસના નેતાઓની રાજધાની અને ગુજરાતમાં બેઠકો શરૂ થઈ ચૂકી છે. જો કે પક્ષમાં કોઈ સક્ષમ નેતા નથી તે વાત ચોક્કસ છે. રાષ્ટ્રીય એકતાની બાબતમાં કોંગ્રેસના દિલ્હીમાં દેખાડવાના અને કર્ણાટકમાં ચાવવાના દાંત અલગ છે. પ્રાદેશિક લાગણીઓનો ફાયદો ઉઠાવીને કોંગ્રેસના સિધ્ધ રામૈયાને સફળતા મળશે તેવો પવન ફૂંકાઈ રહ્યો છે. જો કે ભાજપની આંધીમાં કોંગ્રેસના નેતાઓ ક્યાંયે ફેંકાઈ જશે તે નક્કી નથી. તેમ છતાં કર્ણાટકમાં ભાજપ કઈ રાજનીતિ વાપરે છે તે જોવાનું રહ્યું.

બીજી તરફ તામિલનાડુમાં ભાજપે સત્તાધારી એ.આઈ. ડી.એમ.કે.ના બે ઝઘડતા જુથો વચ્ચે સુલેહ કરાવીને પોતાના હાથ ઉપર રાખ્યા છે. ભાજપની ગણતરી કંઈ અલગ જ પ્રકારની જણાય છે. જો કે વડાપ્રધાન મોદી તમિલનાડુમાં એક ચક્કર મારશે તો પરિસ્થિતિમાં બદલાવ આવી શકે છે.

ડિસેમ્બર-૨૦૧૬ માં તામિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી જયલલીતાના નિધન બાદ રાજ્યમાં રાજકીય સ્તરે ભારે અસ્થિરતા છવાયેલી જોવા મળે છે. જયલલીતાની બિમારી દરમ્યાન તેમના વફાદાર સાથી ઓ. પનીર સેલ્વએ નાઈટ વોચમેન મુખ્યમંત્રી તરીકે ફરજ બજાવી હતી. આ રીતની ફરજ તેઓ ત્રણ ત્રણ વાર નિભાવી ચુકયા છે. બાદમાં જયલલીતાના નિધન બાદ તેમની સાથીદાર શશીકલાએ ભારે કાવતરા હાથ ધરીને રાજ્યનો કારભાર સંભાળવા માંડ્યો હતો પરંતુ નસીબે તેમને યારી આપી નહિં અને એક જુના કેસમાં જેલમાં જવું પડ્યું! શશીકલાએ જયલલીતાની સાથે રહીને બેહિસાબ સંપત્તિ એકઠી કરી છે અને જેલમાં રહીને પણ તે નાણાંના ભેટે રાજ કરવાની ધૂર્તતાં કરતાં રહે છે. જેલમાં બે ભારે સાહ્યબી ભોગવતા અને મરજી મુજબ આવજા કરતા હતા તે કોંગ્રેસની કૃપાથી! આ હકીકત બહાર આવતાં મહિલા જેલ અધિકારીની મુખ્યમંત્રીએ બદલી કરી નાંખતા જયલલીતાનો રાજકીય ખેલ પર હાલ પરદો પડી ચુકયો છે.

### અજબ ગજબની દુનિયા

## શું પ્રાણી પંખીઓ મનુષ્યની જેમ રંગ પારખી શકે છે.

પૃથ્વી પર મલ્ટિ કલરનું કુદરતી સ્વરૂપ

સંસારમાં સૌથી વધુ ખીલેલી રંગ દૃષ્ટિ અર્થાત કલર વિઝન એક માત્ર મનુષ્ય નામના પ્રાણીને જ પ્રાપ્ત થયેલ છે. પ્રકાશની માત્ર સંતોષકારક હોય અને માનવીની આંખો સાજીનરવી હોય તો એક વ્યકિત સરેરાશ ૧,૦૦,૦,૦૦૦ પ્રકારના રંગોને પારખી શકે છે. દરેક રંગનું જે તે નામ કહી બતાવવાનું કે તેનું વર્ણન કરવાનું કદાચ શકય ન બને, તેમ છતાં બે રંગો વચ્ચેનો ભેદ તે દર્શાવી શકે છે. રંગોની છાંટ પ્રમાણે જોતા એની કુલ સંખ્યા લગભગ ૧૭,૦૦,૦,૦૦૦ જેટલી છે. માટૃ સરવાળે તો વ્યકિત પણ ૫.૮૮% કરતા વધુ જાતના રંગોને ઓળખી શકતો નથી. જોવા બેસીએ તો આંક એક કરોડ આંક કાંઈ સામાન્ય નથી.

ઉત્ક્રાંતિએ મનુષ્યને આટલી સુક્ષ્મગ્રાહી રંગદૃષ્ટિ કયા હેતુસર આપી છે? આ સૃષ્ટિની ઉત્ક્રાંતિની સીડી પર મનુષ્યનું સ્થાન ટોચ લેવલે છે.

મનુષ્યને ખોરાક શોધવા ઉપરાંત બીજી અનેક બાબતો માટે રંગપરખની જરૂર પડે છે. આ બુધ્ધિમત્તા પર આધારિત જીવન શૈલીનો એક ભાગ ગણાય છે. દા.ત. સબળ અને સંવેદનશીલ રંગદ્રષ્ટિ વિના જુદા જુદા ખનીજો વચ્ચેનો ભેદ પારખી શકાતો નથી. તથા જાતજાતના રાસાયણિક ગુણધર્મોની વનસ્પતિના પ્રકારોને ઓળખી શકાતા નથી.

સિંહ, વાઘ, માછલા, અજગર, મધમાખી, વાંદરા અને બીજા મનુષ્યેતર સજીવો સાધારણ રીતે પોતાનો ખોરાક મેળવવાની ઓ વંશવેલો આગળ ચલાવવાની ફિરાકમાં પોતાનું જીવન પસાર કરે છે. આ કાર્ય માટે તેમણે વર્ણપટના બધા જ રંગોને ઓળખવાની જરૂર હોતી નથી. માનવ આંખના નેત્રપટલ રેટીના પર રંગ પારખુ ચેતકોષો લગભગ ૭,૦૦,૦,૦૦૦ જેટલા આવેલા છે. નેત્ર વિજ્ઞાની ભાષામાં કહેવાતા એ કોષો પૈકી 'ભુરા' રંગના કોષો ૪૨૦ નાનો મીટરના 'લીલા' કોષો ૫૬૪ નાનો મીટરના અને 'લાલ' કોષો ૫૬૩ નાનો મીટરના પ્રકાશમોજાં પ્રત્યે અત્યંત સંવેદનશીલ હોય છે. પ્રકાશમોજા ની તીવ્રતા મુજબ ઓછા કે વધુ અંશે ઉત્તેજિત થતા એ કોષો ત્રણેય રંગોના વિધુત સિગ્નલોને મગજ તરફ પહોંચાડે છે. જયાં ત્રણેય રંગોની મિલાવટથી મલ્ટી કલર દૃશ્ય રચાય છે. પ્રાણીઓ પક્ષીઓના નેત્રપટલ પર આટલા બધા કોષોની જમાવટ હોતી નથી. માટે તેમની રંગદૃષ્ટિ બહુ ખીલી હોતી નથી. અર્થાત એવું કહેવાય કે તેઓ કોઈ પણ રંગ પારખી શકતા નથી.

ઉદાહરણ સ્વરૂપે હમિંગ બર્ડન આંખો લાલ રંગ પ્રત્યે બહુ સેન્સિટીવ હોય છે. અને બીજા રંગોને પારખવામાં તેની આંખો કાચી હોય છે. સિંહ તથા આખલાને લાલ રંગનું વસ્ત્ર ગેવા કલરનું દેખાય છે. કુતરો ભુરા અને લીલા રંગના વચ્ચેનો તફાવત જાણી શકે છે. પરંતુ લીલા ઓ લાલ રંગને ઓળખવામાં થાપ ખાય છે. કીડી માટે લાલ રંગ એ કાળા રંગ સમાન હોય છે. પ્રેયરી ડોગ નામનું ખિસકોલી કુળનું પ્રાણી લાલ રંગને લીલો રંગ સમજી બેસે છે. માખીના નેત્રપટલ પર સરેરાશ દર ૭ કોષો પૈકી ૫ કોષો લીલા રંગને પારખી શકે છે. જયારે ૧ કોષ ભુરા અને ૧ કોષ પીળા રંગની ઓળખ કરી શકે છે.

સૌથી આશ્ચર્યજનક રંગદ્દિષ્ટ હોય તો મધમાખીની,મધમાખીને સફેદ ફુલો પારજાંબલી રેન્જમાં દેખાય છે. આ પારજાંબલી કિરણોની તરંગલંબાઈ માનવ આંખોની દ્રષ્ટીમાં અદ્દશ્ય છે. પરંતુ મધમાખીની ચક્ષુદિષ્ટ તેના પ્રત્યે સેન્સિટીવ હોય છે. મધમાખીને ફુલોમાં પાંખડીઓની વચ્ચે આછા સફેદ પરાગકોષો અને મધુગ્રંથિને શોધવાની હોય છે. અલ્ટ્રાવાયોલેટ કિરણોમાં 'પ્રકાશતી' સફુદ ફુલપાંખડીઓ વચ્ચેનો એ ભાગ મધમાખીને ઘેરાશ પડતો ભુરો દેખાય છે. એટલે તેને શોધવાને માટે મધમાખીને નાહકની ઊર્જા વ્યય કરવી પડતી નથી. સાથોસાથ ફુલો પણ પોતાનો સ્વાર્થ જાળવી રાખે છે. પરાગનયનથી તેને પણ લાભ થાય છે. કુદરતે ૧૫ જાતના પંખીડાને પારજાંબલી અલ્ટ્રાવાયોલેટ કલર વિઝન આપી છે.

દરેક પ્રાણી પક્ષી કે કીટકો અલગ અલગ રંગ પારખી શકે છે પણ માનવીની જેમ નહિ. કારણકે તેઓની ચક્ષુદિષ્ટ મુખ્ય ઈન્દ્રિય નથી. ઘણા ખરા સજીવો ગંધ અને સાંકેતિક ભાષા દ્વારા જ પોતાનું કાર્ય કરે છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## અમદાવાદ એજ્યુકેશન ગ્રુપ ૩૦૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરશે



ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં રહેતાં તથા વંચિત બાળકોને ટેકનોલોજીની મદદથી શિક્ષણની સુવિધા પૂરી પાડવા માટે વિકસાવાયલે ી નવીન એપ અંગે વિગતો આપતા અમિત પંચાલે જણાવ્યું હતું કે, "આ એપ દ્વારા અમે દેશી હિસાબને હાઈટેક બનાવવાનો પ્રયાસ કર્યો છે, જે ગુ-જરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં છે તથા ગુગલ પ્લે સ્ટોર ઉપરથી વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકાશે. હાલની ચાઈનિઝ પ્રોડક્ટસ વિદ્યાર્થીઓ માટે જોખમી સાબિત થઇ રહી છે તેવા સંજોગોમાં બાળકોને નુકશાન ન પહોંચે તે બાબતને કેન્દ્રમાં રાખીને એપની સાથે-સાથે હાર્ડ પ્રોડક્ટ 'ફન વિથ કાર્ડ' પણ તૈયાર કરાઇ છે. ફુડ કલર અને બિનહાનિકારક ગમનો ઉપયોગથી તૈયાર કરાયેલી પ્રોડક્ટ ઈન્ટરનેટની સુવિધા ન ધરાવતા બાળકોને ખુબજ ઉપયોગી સાબિત થશે તેવો અમને વિશ્વાસ છે. બીજી તરફ વિદેશોમાં રહેતાં ગુજરાતી સમુદાયને પણ તેમના બાળકોને ગુ-જરાતી ભાષા શીખવવામાં એપ ઉપયોગી બની રહેશે."

મહત્વપૂર્ણ છે કે અમદાવાદ એજ્યુકેશન ગ્રુપ શહેરની ૩૦૦થી વધુ સંસ્થાઓનું સંગઠન છે, જે એક લાખથી વધુ વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ કરે છે અને તેમના પ્રશ્નોને વાચા આપે છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા સોશિયલ મીડિયા ટ્રેનિંગ સહિતના વિદ્યાર્થીલક્ષી કાર્યક્રમોનું પણ નિયમિત પણે આયોજન કરવામાં આવે છે.

### "ઈન્ડીયા ઈન્ટરનેશનલ ફોટો ઈન્ટરનેશનલ ફોટો વિડિયો ટ્રેડ ફેરેર-૨૦૧૭"

## ભારતીય અને વિદેશી પ્રદર્શનકારો અદ્યત્તન પ્રોડેક્ટ્સ અને ટેકનોલોજીસ દર્શાવશે



અમદાવાદ

નોન-પ્રોફીટ ધી ચેરીટેબલ ગુપ ઓફ ફોટોગ્રાફીક ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ એસોશીએશન ફોટોગ્રાફર્સ સમુદાય ના વિકાસ માટે સતત કંઈક કરવાની ખેવના ધરાવે છે, ઘણા વર્ષોથી ટ્રેડ ફેર, એક્સ્પો અને એક્ઝિબિશન્સનું સફળતાપુર્વક આયોજન કરનાર 'ઈન્ડીયા ઈન્ટરનેશનલ ફોટો વિડિયો ટ્રેડ ફેર-૨૦૧૭'નું ગાંધંધીનગરમા મહાત્માં મદિંરંર,ખાતે તા. ૨૫-૨૬-૨૭,ઓગેગસ્ટ ૨૦૧૭ દરમ્યાન આયોજન કરી રહ્યા છીએ.

આ ઈન્ડીયા ઈન્ટરનેશનલ ફોટો વિડિયો ટ્રેડ ફેર-૨૦૧૭ આયોજકોએ જણાવ્યુ હતુ કે આ ટ્રેડ ફેરમાં વિશ્વભરમાંથી ૨ લાખથી વધુ પ્રોડકટની જાણકારી અને ૨૫૦થી વધુ એકઝીબીટર્સ સામેલ થવાની અપેક્ષા છે. જેમાં ટ્રેડ વિઝીટર્સ, ઉત્સાહી ફોટોગ્રાફર્સ, વિડિયો અને પ્રિન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ, સ્ટુડિયો અને નવાંગતુક ફોટોગ્રાફર્સ સામેલ થવાની આશા છે. ધી ચેરીટેબલ ગુપ ઓફ ફોટોગ્રાફીક ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ એસોશીએશનના પ્રમુખ સુરેન્દ્ર શાહે જણાવ્યુ હતુ, "અમને

જણાવતા આનંદ થાય છે કે આ ત્રિદિવસીય કાર્યક્રમમાં વિદેશ અને ભારતભરનાં વિવિધ રાજયો માંથી અનેક લોકો સામેલ થઈ રહ્યા છે. આ ઉપરાંત કાર્યક્રમમાં ૨૫૦ થી વધુ એકઝીબીટર્સ અને ૪૫૦૦૦થી વધુ અપેક્ષિત મુલાકાતીઓ આ ટ્રેડ ફેરની મુલાકાત લેશે એવી આશા સાથે અમને ખાતરી છે કે અમારી ઈન્ડસ્ટ્રી સાથે હિતધારકો માટે આ કાર્યક્રમ એક સિમાચિહ્નરૂપ બની રહેશે. અને આ સાથે ફોટોગ્રાફિની અંદર પણ નોંલેજનો પણ વધારો જોવા મળશે.

## ઝી ક્લાસીક રજૂ કરે છે રોમેમેન્ટિક ડ્રામા ચોરી ચોરી ચુપકે ચુપકે ૨૭ ઓગસ્ટ રજુ થશે



વો જમાના કરે દિવાનાની પોતાની બ્રાંડ વિચારધારા સાથે ઝી ક્લાસીક આ રવિવાર ૨૭ ઓગસ્ટ સાંજે ૭ વાગ્યે ચોરી ચોરી ચુપકે ચુપકેમાં એક અનોખી પ્રેમ કહાની રજૂ કરી રહ્યું છે. આ ફિલ્મમાં સલમાન ખાન, રાની મુખર્જી, પ્રીટી ઝિંટા મુખ્ય ભૂમિકામાં છે.

આ ફિલ્મે બોલિવુડમાં પહેલી વાર સરોગેસીનો વિચાર પડદા પર રજૂ કર્યો હતો. તે જમાનાથી ઘણો આગળનો વિષય હતો જેને દર્શકોએ ઘણો આવકર્યો હતો. અબ્બાસ મસ્તાનના નિર્દેશનમાં બનેલ આ ફિલ્મમાં અનુ મલિકનુ શાનદાર સંગીત પણ છે.

## તમામ કુશળતા હોવા છતાં નરગીસ ફકરી ફલોપ

મુંબઈ

બોલિવુડમાં ઘણા સમયથી હોવા છતાં તેની નરગીસ પાસે વધારે ફિલ્મો હાથમાં આવી રહી નથી. કુશળ અભિનેત્રી તરીકેની સાબિતી તે કેટલીક ફિલ્મોમાં ભૂમિકા અદા કરીને આપી ચુકી છે. જો કે તે હજુ આશાવાદી બનેલી છે. તે માત્ર ફિલ્મોમાં જ નહી બલ્કે જાહેરાત મારફતે પણ કમાણી કરી રહી છે. સલમાન ખાન સાથે કિક ફિલ્મમાં આઈટમ સોંગમાં જોરદાર પરફોર્મ કર્યા બાદ તેને ફિલ્મ અને જાહેરાત હવે વધારે મળી હતી. રોક સ્ટાર ફિલ્મમાં રણબીર કપુર સાથે કામ કરીને બોલિવુડમાં એન્ટ્રી કરનાર નરગીસને ફિલ્મો મળી રહી છે પરંતુ તે જાહેરાત પર વધારે ધ્યાન આપી રહી છે. સાથે સાથે ફિલ્મી કેરિયર પર ધ્યાન આપી રહી છે. આ જ કારણસર તે ઉદય ચોપડાની સાથે પણ સંબંધ તોડી ચુકી છે. અભિનેત્રીઓ વચ્ચે ચાલી રહેલી સ્પર્ધા વચ્ચે તે પણ મજબૂતી સાથે મેદાનમાં ઉતરવા તૈયાર છે. ચેક-પાકિસ્તાની મૂળની અભિનેત્રીએ એક બ્યુટી બ્રાન્ડ સાથે સમજૂતી કરી છે.

### ફિરોઝ ઈરાની લાંબા સમય પછી રૂપેરી પડદે જોવા મળશે

## ગુજરાતી એન્ટરટેઈનમેન્ટ ફિલ્મ 'ચીમનભાઈની ચાલ'માં લીડ રોલ ભજવતા દેખાશે



અમદાવાદ

ગુજરાતી ફિલ્મોમાં વિલન તરીકે ખ્યાતિ મેળવનાર લોકપ્રિય અભિનેતા ફિરોઝ ઈરાની ટૂંક સમયમાં રૂપેરી પડદે એક કોમેડી પાત્રમાં નિહાળવા મળશે. પોતાની આગામી ફિલ્મમાં મુખ્ય પાત્ર ભજવનાર આ અભિનેતા પોતાની કોમિક ટાઈમિંગથી દર્શકોને પેટ પકડીને હસાવવા માટે આવી રહ્યા છે. 'ચીમનભાઈની ચાલ' એ સંપૂર્ણ પારિવારીક, કોમેડી, એન્ટરટેઈનમેન્ટ ફિલ્મ છે જે ૦૮મી સપ્ટેમ્બરે આપના નજીકના સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે, ત્યારે ફિલ્મની ટીમે ફિલ્મને લગતી રસપ્રદ વાતો લોકો સમક્ષ મૂકવા માટે આજે શહેરની મુલાકાત લીધી હતી.

ફિલ્મના સ્ટારકાસ્ટ ફિરોઝ ઈરાની, બિમલ ત્રિવેદી, મોબિન ખાન, આરતી સોની, રફીક ખાન (ડિરેક્ટર), હર્ષદભાઇ અગોલા (નિર્માતા) એ આજે શહેરની મુલાકાતે આવ્યા હતા. તેમણે ફિલ્મને લગતી અનેક રસપ્રદ વાતો મીડિયા સાથે શેર કરી હતી.

ફિલ્મનું સંગીત આપ્યું છે મનીષ ભાનુશાલી અને પ્રશાંતે, ફિલ્મના લેખક અને ગીતકાર છે રફીક ખાન.

## પશ્ચિમ ભારત વિભાગનું ઈન્ડોર એર ક્વોલિટી મેનેજમેન્ટ એન્ડ સસ્ટેનેબલ કોલ્ડ સ્ટોરેજ સોલ્યુશન્સ પર વ્યાખ્યાન




નોવોટેલ, અમદાવાદ ખાતે ઈન્ડોર એર ક્વોલિટી મેનેજમેન્ટ એન્ડ સસ્ટેનેબલ કોલ્ડ સ્ટોરેજ સોલ્યુશન્સ પર વ્યાખ્યાન રાખવામાં આવ્યુ છે. કોન્ફરન્સમાં ઈન્ડોર ક્વોલિટી મેનેજમેન્ટ અને એર ક્વોલિટી મેનેજમેન્ટના વર્તમાન પડકારોના સંદર્ભમાં મહત્વના મુદ્દાઓને સમાવવામાં આવ્યા છે.

હાલમાં, સમગ્ર ભારતના મોટાભાગના વિકાસશીલ શહેરોમાં સારી ગુણવત્તાની હવા અને અયોગ્ય કોલ્ડ-સ્ટોરેજ સોલ્યુશન સળગતા મુદ્દાઓ છે. કોન્ફરન્સમાં બગડી જતા માલ માટે રેફ્રિજરેશન અને કોલ્ડ ચેઈન સુવિધાઓના અભાવ સહિતના ટકાઉ કોલ્ડ સ્ટોરેજ ઉકેલો ઉપર પ્રકાશ પાડવામાં આવશે. ભારત દૂધનું વિશ્વનું અગ્રણી ઉત્પાદક તેમજ ફળો અને શાકભાજીનું બીજા ક્રમનું સૌથી મોટું ઉત્પાદક દેશ છે. પરંતુ દેશનું ૨૦ ટકા જેટલું ઉત્પાદન - ઈ ૧૦ બિલિયનનો ખાદ્ય પુરવઠો ખેતરમાંથી આપણા ઘરોના રસોડા સુધી તાજુ અનાજ પહોંચાડી શકે તેવી અન્ન વિતરણની માળખાકીય સુવિધાઓના અભાવને કારણે બગડી જાય છે. બહારની પ્રદુષિત હવા ઈન્ડોર એર ક્વોલિટી પર સીધી અસર કરે છે જે સરવાળે સમાજને ભારે પ્રભાવિત કરે છે. તેથી, ભારતની ખાદ્ય સુરક્ષા અને સારી હવા ગુણવત્તા વ્યવસ્થાપન માટે ધ્વનિ અને ઉર્જાને કાર્યક્ષમ માળખાકીય સુવિધા ઉભી કરવી અતિ આવશ્યક છે.

## કેર્ન ઓઈલ એન્ડ ગેસે અવ્વલ સંસ્થાઓના ૧૫૦ વિદ્યાર્થીઓને લીધા

૧૪ અબજ ડોલરની વેદાંત લિમિટેડનો હિસ્સો અને ભારતમાં સૌથી વિશાળ સ્વતંત્ર તેલ અને વાયુની શોધક અને ઉત્પાદક કેર્ન ઓઈલ એન્ડ ગેસ તેના કેમ્પસ હાયરિંગ પ્રોગ્રામ (બોલ્ડ- બેરલ્સ ઓફ લર્નિંગ પર ડે) થકી આઈઆઈટી અને આઈઆઈએમ જેવા અવ્વલ રાષ્ટ્રીય કેમ્પસોમાંથી ૧૫૦થી વધુ યુવા પ્રતિભાઓની ભરતી હાલમાં કરી છે. કંપની દર વર્ષે સરેરાશ ૨૫ ગ્રેજ્યુએટ એન્જિનિયરિંગ ટ્રેની અને મેનેજમેન્ટ ટ્રેનીઓની ભરતી કરે છે તેનાથી આ નોંધનીય સંખ્યા છે.

ભારત સરકારે તેલ અને વાયુ ક્ષેત્રમાં રોકાણોને વધુ આકર્ષક બનાવવા માટે મોટી સુધારણાઓનું લક્ષ્ય રાખ્યું છે તેને ધ્યાનમાં રાખીને આ મોટી ભરતી કરાઈ છે. હાલમાં પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલય દ્વારા નવી હાઈડ્રોકાર્બન એક્સપ્લોરેશન લાઈસન્સિંગ પોલિસી (હેલ્પ) હેઠળ ૧ જુલાઈથી યોજાનારા પ્રથમ મોટા ઓઈલ ફિલ્ડ ઓકશન્સ માટે ઓપન એકરેજ લાઈસન્સિંગ પ્રોસેસ (ઓએએલપી) અને નેશનલ ડેટા રિપોઝિટરી (એનડીઆર) નામે સુધારિત ઓઈલ અને ગેસ બિડિંગ યંત્રણા એવા સાગમટે બે મુખ્ય ઈન્ટરવેન્શન્સ રજૂ કર્યાં હતાં.

## ચીનની નેવીએ હિંદ મહાસાગરમાં લાઈવ ફાયર ડ્રિલ કરી

બીજીંગ

ચીનની નૌસેનો દરિયામાં લડવાની પોતાની ક્ષમતાઓને સારી બનાવવા માટે હિંદ મહાસાગરમાં લાઇવ ફાયર ડ્રિલ કરી હતી.

ચીનની સરકારી સંવાદ સમિતિ શિન્હુઓ જણાવ્યું હતું કે ચીનના યુધ્ધ જહાજ ચાંગચુન, માર્ગદર્શક મિસાઈલલ ફ્રિગેટ ઝિંગઝોઉ અને પુરવઠા જબાજ ચાઓહૂએ પશ્ચિમ હિંદ મહાસાગરમાં અભ્યાસ કર્યો સિક્કિમના ડોકલામમાં ભારતની સાથે ગતિરોધ બાદથી ચીન તિબેટમાં અનેકવાર લાઇવ ફાયર અભ્યાસ કરી પોતાની લશ્કરી ક્ષમતાઓને બતાવી રહ્યું છે.

બેડાએ અનેક દ વિસ સુધી અભ્યાસ દરમિયાન દુશ્મનના જહાજો પર હુમલો કર્યો ચીની બેડાના ચીફ ઓફ સ્ટાફ ચેન દેનને કહ્યું કે અભ્યાસનો હેતુ લડાઇની વાસ્તવિક પરિસ્થિતિઓમાં જહાજોના પ્રદર્શનને સારી બનાવવાની છે અહેવાલો અનુસાર ચીનના બેડા એશિયા યુરોપ અમેરિકા ઓશિનિયાની અર્ધવાર્ષિક મૈત્રી યાત્રા પર છે અને તેણે ૨૩ એપ્રિલને યાત્રા શરૂ કર્યા બાદથી ૧૦ દેશોની નૌસેનાઓની સાથે સંયુકત અભ્યાસ કર્યો છે.

## ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ પ્રવાસીઓ માટે આવાસ અને ભોજનની સુંદર વ્યવસ્થા ઉભી કરાશે




સુરેન્દ્રનગર

જિલ્લાના થાનગઢ પાસે આવેલ તરણેતર ગામે ત્રિનેત્રેશ્વર મહાદેવની નિશ્રામાં ભાદરવા સુદ ત્રીજ તા. ૨૪ /૮/૨૦૧૭ થી ભાદરવા સુદ છઠ્ઠ તા. ૨૭/૮/૨૦૧૭ સુધી ૪ દિવસ માટે લોકમેળો યોજાનાર છે. જેમાં તા. ૨૬ મી ઓગસ્ટના રોજ રાજ્યના વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ લોકમેળામાં ભાદરવા સુદ ત્રીજને તા. ૨૪, ઓગસ?ટના રોજ સવારે ૯.૦૦ કલાકે માનનીય સાંસદીય સચિવ(અન્ન અને નાગરિક પુરવઠો)ના હસ્તે ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવનું પૂજન તથા દિપ પ્રાગટ્ય, ૦૯-૩૦ કલાકે થશે. તેમજ રાત્રિના ૯-૦૦ કલાકે ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે. જેમાં રાવટીના સંતો, કલાકારો ભગવાનશ્રી ત્રિનેત્રેશ્વર મહાદેવના સાનિધ્યમાં ભજન- અધ્ય અર્પણ કરશે.

## ટીટીકે પ્રેસ્ટીજ દ્વારા ભારતમાં બ્રિટિશ કિચન એપ્લાયન્સીસ બ્રાન્ડ લોન્ચ કરાઈ



ભારતની સૌથી વિશાળ કિચન એપ્લાયન્સીસ બ્રાન્ડ ટીટીકે પ્રેસ્ટીજ દ્વારા આજે ભારતમાં અગ્રણી યુકે બ્રાન્ડ જજ કિચન એપ્લાયન્સીસ લોન્ચ કર્યાની જાહેરાત કરી હતી. નવી બ્રાન્ડ ટીટીકે પ્રેસ્ટીજની માલિકીનાં હોરવૂડ હોમવેર્સનો હિસ્સો હોઈ ભારતમાં ટિયર ૩, ૪ અને ૫ શહેરોમાં સેક બી અને સી જનસંખ્યાને ઓછી કિંમતે ગુણવત્તાયુક્ત કિચન નિવારણો ઓફર કરશે. નવી બ્રાન્ડ ટીટીકે પ્રેસ્ટીજને પહોંચ વધારવા અને ગ્રાહકોના સંપૂર્ણ નવા વર્ગને પહોંચી વળવામાં મદદરૂપ થશે. હોરવૂડ હોમવેર્સ લિ. જજ બ્રાન્ડ ધરાવતી હોઈ ૧૨૦ વર્ષનો સમૃદ્ધ વારસો ધરાવે છે અને યુકેના પરિવારો માટે પસંદગીની અગ્રતાની કિચન બ્રાન્ડ છે. ભારતમાં જજ કૂકવેરનું લોન્ચ ટીટ-ીકે પ્રેસ્ટીજને રૂ. ૫૦૦૦ કરોડની અસંગઠિત કિચન એપ્લાયન્સીસ બજારને પહોંચ આપશે. જજ એપ્લાયન્સીસ પ્રોડક્ટોની શ્રેણી આજથી આરંભ કરતાં ભારતમાં મળશે અને તેમાં પ્રેશર કૂકર્સ, ઈન્ડકશન અને નોન-ઈન્ડકશન, બહારી ઢાંકણું અને અંદરના ઢાંકણા સાથેના નોન-સ્ટિક કૂકવેર, સ્ટેઈનલેસ સ્ટીલ ગેસ સ્ટવ્ઝ અને મિક્સર ગ્રાઈન્ડર્સનો સમાવેશ થાય છે. આ શ્રેણી માટે કિંમત આવા જ લક્ષ્યના ગ્રાહકોને પહોંચી વળતી બ્રાન્ડ્સ સાથે સ્પર્ધા કરશે.

## વર્ષાવાસની સફળતા માટે શું ?

વિવિધ ફુલોની સુગંધ અને સૌદર્યથી શોભતા બાગ જેવો વિવિધ ધર્મો અને વિવિધ ધર્મના સાધુ, સંતો, મૌલવીઓ, બામાઓ, પાદરીઓથી શોભતો ભારત દેશ છે અનેક ધર્મના ઈષ્ટદેવોની જન્મભૂમી, કર્મભૂમી, નિર્વાણ ભૂમી છે.આ રીતે વિચારતાં ભારત દેશ દરેક માટે તીર્થ ભૂમિ છે.જેથી ભારતમાં સરકાર કે મ્યુ.દ્વારા કતલખાનાં ચાલે તે ભારત માટે શોભાસ્પદ નથી ! પશું માનવ ઉપયોગી પ્રાણી છે.તે જન્મથી જીવે ત્યાં સુધી જ ઉપયોગી છે તેવું નથી પણ મૃત્યુ પછી ઉપયોગી છે.પર્યાવરણની સુરક્ષા માટે દેશને આર્થિક રીતે મજબુત કરવા માટે પશુ સુરક્ષા જરૂરી છે.માનવ કરતાં પશુ પક્ષી, વનસ્પતિની સંખ્યા વધુ હોવી જોઈએ.

વર્ષાવાસ એટલે ચાતુર્માસ, ધર્મની મોસમ, હિન્દુઓના અને જૈનોના મોટા ભાગના મહત્વના તહેવારો ચોમાસાના ચાર માસ માટે હિન્દુ, જૈન સાધુસંતો મહંતો, જીવહિંસાથી બચવા, સ્વ અને પરના કલ્યાણ માટે, સ્વાધ્યાય માટે, ધર્મારાધના, જાપ, પ્રભુભક્તિ, ધ્યાન રોગ, કરવા કરાવવા માટે કોઈ એક ચોક્કસ ગામ ચોક્કસ સ્થળે સ્થિરવાસ કરે, કોઈની ધાર્મિક લાગણી દુભાય નહી અંદરો અંદર ખોટા ઘર્ષણ થાય નહી માટે વર્ષાવાસ ચોમાસાના ચાર માસ સદંતર કતલખાના હિંસા તેમજ માંસ મચ્છી-ઈંડાના વેચાણ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે તેવું જીવદયા પ્રેમી-ધર્મપ્રેમી લોકો ઈચ્છે છે.

વર્ષાવાસમાં કતલ કરેલ જીવોનું કોઈ અંગ લોહી કયાંય પડ્યા હોય તો તેનાથી પુષ્કળ મચ્છર, ગંદકી થાય છે.દુર્ગંધ મારે છે.રોગચાળો ફાટી નીકળવાનો, ઝાડા ઉલટી થવાનો ભય રહે છે.પ્રદુષણ ફેલાય છે.પર્યાવરણને નુકશાન થાય છે.જેથી માનવ આરોગ્યની સુરક્ષા માટે ચોમાસામાં હિંસા ઉપર સખત પ્રતિબંધ મુકાય અને તેનો કડક અમલ થાય તેવું જનતા ઈચ્છે છે.

માંસાહાર જીવન જરૂરી આહાર નથી.શાકાહાર જીવન જરૂરી આહાર છે.દરેકનો આહાર છે.માંસાહારી શાકાહારી છે જયારે શાકાહારી માંસાહારી નથી.માટે સર્વના હીત માટે કાયમી પશુહત્યા ઉપર પ્રતિબંધ મકવા જેવો છે.આ માટે દરેક ધર્મના ધર્મગુરૂઓએ પ્રયત્નો કરવા જોઈએ પણ કેટલાક પોતે જ માંસાહારી હોવાથી તેમના ધર્મને વફાદાર ન હોવાથી જાહેરમાં સાચી વાત કરવા પ્રયાસ કરવા તૈયાર નથી તેવી લોક ચર્ચા સાંભળી દુઃખ થાય છે.સાચુ શું છે તે તેઓ ખુલાસો કરે તો જ દરેકને ખ્યાલ આવે પોતાનો ધર્મ-સમાજ, રાષ્ટ્રનું હીત જેના હૈયે હોય તેમણે જેમનું જીવન ઉંચુ છે તેમણે જાહેર પ્રવચનો રાખવા જોઈએ.માંસાહાર, વ્યસન, ફેશન, વ્યભિચારથી દૂર રહી લોક જાગૃત્તિ, લોક સંગઠન, અભિયાન શરૂ કરવું જોઈએ.જૈન દર્શનમાં, જ્ઞાનદર્શન, ચારિત્ર અને તપને ખૂબજ મહત્વ આપવામાં આવ્યુ છે.નવકાર મહામંત્રમાં પ્રથમ બે પદ દેવનાં(ત્રણ-ચાર-પાંચ)પદ ગુરૂનાં અને છેલ્લાચાર પદ નવકાર મહામંત્રનાં મહત્વ સમજાવતાં છે.આમ પાંચ અને નવનો માંગલીક આંકમાં નવકાર મહામંત્ર છે જેની આરાધના વર્ષાવાસમાં કરવામાં આવે છે.જૈનધર્મમાં ધાર્મિક દ્રષ્ટિએ ઉપવાસનું અને ઉકાળેલ પાણીનું મહત્વ છે તેમ આરોગ્યની દ્રષ્ટિએ વિજ્ઞાનિક દ્રષ્ટીએ મહત્વ છે.

ચાતુર્માસમાં હિન્દુ ધર્મના અનેક પ્રકારના જુદા જુદા તહેવારો આવે છે.દરેકનો પૂર્વ ઈતિહાસ અલગ અલગ છે. આ તહેવારોની શ્રધ્ધાળુઓ ભારે શ્રધ્ધા અને ભક્તિભાવ પૂર્વક ઉજવણી દયાદાન સેવા પ્રવૃત્તિ કરે છે.અને અનેક અનુષ્ઠાનો કરાવે છે.જેથી તેમના ઉત્સાહમાં વૃધ્ધિ માટે, કોમી એકતાની વૃધ્ધિ માટે ચારમાસ હિંસા બંધ માટે દરેક ધર્મના ધર્મગુરૂઓ પોતાના ભક્ત વર્ગને સમજાવે તો આ કાર્ય અશક્ય નથી.માનવ હ્રદય પરિવર્તન ધર્મગુરૂઓ દ્વારા જ શક્ય છે. બોલવાના જુદા અને ચાવવાના જુદા જેવું ધર્મગુરૂઓનું વર્તન માનવ ઉપર પ્રભાવ પાડતું નથી.

પ્રચાર માધ્યમો, પ્રિન્ટ, મીડીયા, દ્વારા દરેક ધર્મનાં પર્વોનું મહત્વ સમજાવતા વધુમાં વધુ લેખો પ્રગટ થાય.ઈલેક્ટ્રીક મીડીયા દ્વારા ભક્તિગીતો, સ્તવનો, સજઝાયો, વાર્તાલાપનું પ્રસરતા તેમજ આરાધનાનું દયાદાન સેવાનું જીવીત પ્રસરણ થાય તેવું લોકો ઈચ્છે છે.

- મહેતા પારસ પ્રવીણચંદ્ર

## કેપ્સુલ

ચમન: અરે મદન કુતરા પુંછડી શા માટે હલાવે છે ?

મદન : કોમનસેન્સની વાત છે ભાઈ હવે પુંછડી તો કોઈ કુતરાને હલાવી ન શકે ને ?

૦૦૦

ટીચર : પપલુ બગલો હંમેશા એક પગ પર જ શા માટે ઉભો રહે છે ?

પપલુ : કારણ કે જો બગલો પોતાનો બીજો પગ પણ અદ્ધર લઈ લે તો એ પડી જાય..!

૦૦૦

ઓપરેશન ટેબલ પર સુતેલા ઈજા પામેલા એક દર્દીએ ડૉકટરને કહ્યું, ડૉકટર સાહેબ હવે બસ કરો. તમે મારા ઘાને કયાં સુધી ફંફોસતા રહેશો ?

ડૉકટર : ધીરજ રાખો. મને એ ગોળી કાઢી લેવા દો જે તમને વાગી છે.

દર્દી : પણ ગોળીતો મારા ખિસ્સામાં જ છે.

૦૦૦

આજે મારી સાથે ભોજન કરવામાં તને કંઈ વાંધો તો નથી ને ?

ના રે એમાં શું વાંધો હોય?

તો બરાબર આઠ વાગે હું તારે ત્યાં આવી જઈશ.

૦૦૦૦

પતીએ ગુસ્સાથી પત્નીને કહ્યું હું જતો રહીશ પછી તનેકયારેય મારા જેવો પુરૂષ નહીં મળે.

પત્ની બોલી : તમેએવું કેમ વિચારો છો કે હું તમારા જેવો બીજો પુરૂષ પસંદ કરીશ ?

૦૦૦



# શાસ્ત્રોમાં કહ્યું છે પણ

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

શાસ્ત્રોમાં કહ્યું છે કે ધાર્મિક પૌરાણીક પુસ્તકોમાં કહ્યું છે પ્રાણીઓની દયા ખાવ. પંખીઓ પર ભારોભાર પ્રેમ રાખો. ક્રુરતા કરશો નહીં, બિચારા મુંગા છે કયાં જાય ? કોની સામે ફરિયાદ કરે ?

વાત સાચી હોય કે ખોટી એમાં હું પડવા માંગતો નથી. પણ કયાંક દયા ડાકણને ખાય એ પ્રમાણેનો ઘાટ ઉભો થાય છે. જગતમાં આવા કિસ્સાઓ અખબારી પાના પર ચઢતા હોય છે. વાંચવા મળે છે અને આંખો ઝીણી થઈ જાય છે. સાપને રોટલો આપવાની જરૂરત ખરી ? જરૂરત માનો કે ન માનો પણ પંખીને ચણ અને પ્રાણીઓને રોટલા ખવરાવી કયાંક માછલીને લોટની ગોળીઓ કે મમરા ખવરાવવાનું વલણ અને ચલણ છે. એ નિમિત્તે પુણ્ય કમાવી લેવું અને આ ભવમાં તો ભલે સત્યાનાશ વળી ગયો હોય પણ આગલા જન્મનું સારૂં થાય એ થઈ શકે. કયાંક ખિજાયેલા ઉપરવાળા દેવ ગધેડાના કે કુતરાને અવતાર આપે તો શું દશા થાય ? મારગ વચ્ચે કેડો પર ભાર ઉંચકેલી અવસ્થામાં હોંચી હોંચી કરવા જતાં દંડા ખાવા પડે છે. કામ કરવા છતાંય દંડા અને કુતરાનો અવતાર જો આયો તો હોડહોડ કયાંક જુતું.. ફટકારે કયાંક પથરા ય ખરા..

પણ પ્રાણીઓ પંખીઓની ઝાઝી દયા ફાયદા કરે કે નુકશાન કરતાં શું કહેવું ?

એક માણસ હતો. આમ તો પહેલા નાસ્તિક હતો. ભગવાનના અસ્તિત્વ મામલે જાતજાતનાસવાલો કરીને પોતાનીજાતને જ મહાન માનતો હતો. એના નાસ્તિક વેડાથી ઘણા કંટાળ્યા હતા. એક દિવસ એની પત્નીએ કહી દીધું કાં તો નાસ્તીક વેડા મુકો કે પછી મને છુટાછેડા આપી દો.. તો પાર આવે..

પત્નીના શબ્દો સાંભળી એણે કહ્યું, મને ચોવીસ કલાકની મહેલત આપ.

પત્ની કહે : ભલે.. પછી એ માણસ કોઈ સાધુ પાસે ગયો.સાધુને સવાલ કર્યો. સાધુજીએ ચીપીયો ખખડાવતાં કહ્યું, પત્નીનો પ્યાર.. એટલે એની હુંફ ઈચ્છતો હોવ તો માની જા.. હું તને મીસીસને માથે ચડાવવાનું નથી કહેતો પણ છુટાછેડા જો મળી ગયા તો.. એ ભગત શું કરીશ..? આ જગતમાં રામનું મહત્વ સમજો..સુખી રહેવું હોય તો.. એ કહે છે એમ કરો..

અને એ માણસ નાસ્તિક મટી ગયો. ધર્મી બની ગયો. લોકોને નવાઈ લાગી.. અત્યાર સુધી ભગવાન અને સાધુ સંતોને ગાળો ભાંડનારો ધર્મી કેવી રીતે બની ગયો. એને જીવનમાં ધર્મ ધર્મ અને ધર્મ થઈ ગયો.

એ સાથે પ્રાણીઓ.. પંખીઓ અને જીવજંતુઓ પ્રત્યે દયા રાખતો થઈ ગયો. કુતરાને રોટલા ગાયોને ઘાસ, માછલીઓને લોટની ગોળીઓ, વાંદરાઓને શાકભાજી..કબુતરાંને ચણ નાખતો થઈ ગયો. પાસ પડોશીઓ આ જોઈને કહેવા લાગ્યા, ધન્ય હજો આ પુણ્યશાળી ધર્મી જીવને.

લોકોએ એના નામ સાથે ઉદાહરણ આપતાં કહેતાં પેલો સાધુ મહારાજ નદી પાણી અને વીંછીનો પ્રશ્ન. જો કે એણે સાધુ મહારાજના પુછવા પર જણાવી દીધું.

નદીના પાણીમાં ડુબી રહેલા વીંછીને એ સાધુની જેમ બચાવતો નહીં જાઉ.. તો એને મારીશ પણ નહીં..

પછી શું થયું.. એકાદ વર્ષ પછી મને મળી ગયો. મેં એને પુછયું, તારો પ્રાણી પ્રેમ કેવો ચાલે છે ? માછલીઓને બાજરીના લોટની ગોળી બનાવેલી ખવરાવતો છો કે બટાકાના ટુકડા.

મારા પ્રશ્નથી એનું મોંઢુ બગડી ગયું.

પણ એણે વિગતે ધ્યાને આપવાનું શરૂ કર્યું.

એણે કુતરાથી શુભ.. અશુભ.. શરૂઆત કરવા માંડી..એણે કહ્યું..

એક રાત્રે રસ્તામાંથી વાહન પર જઈ રહ્યો હતો. એ માર્ગમાં બે કુતરા એવા લડી રહ્યા હતા કે જાણે એકે લોન લીધી હોય અને પાછી આપતો ન હોય.. કાં તો એકબીજાની માદાનું અપહરણ કરીને લઈ ગયો હોય.. કાં તો એના ઘર પ્રદેશમાં જબરદસ્તીથી ઘુસી ગયો હોય.. માણસને ઝઘડવા માટેના આ ત્રણ મુખ્ય છે એમ કુતરાના પણ હોય. કુતરાએ આખરે તોમાનવનું અનાજ ખાધું છે ને અન્નની અસર કેમ ન હોય ? ભયાનક લડાઈ ચાલી રહી હતી. બીજા પાસ પડોશમાં ઉભા ઉભાં જોઈ રહ્યા હતાં.

મારે લડતાં લડતાં જુદાં પાડવાં જોઈએ એ ઈરાદા સાથે વાહન થોભાવી પહેલાં હોડ હોડ કર્યું.. પણ એ કુતરા પર કોઈ અસર ન થઈ. એટલે પગમાં પહેરેલી રબ્બરની સ્લીપર કાઢી.. ઝગડતાં કુતરાને મારી.. અને ચમત્કાર થયો.. કુતરા છુટા પડયા પણ જે તમાશો જોઈ રહ્યા હતા. એ પૈકીનું એક કુતરૂં રબ્બરની એક એ સ્લીપર લઈને ભાગી ગયું.. એણે વિચાર્યું.. ચામડાની હોય અને ભાગી જાય તો સમજા મારા ભાઈ પણ રબ્બરની.. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# પૈસાની પ્લાસ્ટીક સર્જરી ઉપર સાઈબર ક્રાઈમની લટકતી તલવાર..!!!

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

નોટબંધી પછી પૈસા ઉપર આ દેશમાં અનેક પ્રકારની સર્જરી થયા કરતી હોય એમ લાગે છે. છેલ્લે સર્જીકલ સ્ટ્રાઈક અને ડીનોમીટાઈઝેશન અને બ્લેકમની ઉપર પીંક રીવોલ્યુશન નામે ઘણું બધું વાર્તા રે વાર્તા જેવું થઈ રહ્યું છે.. કાલાધન ઉપર ઘણું કહી શકાય અને ઘણું લખવા બેસીએ તો ગમે તેવો નિરક્ષર પણ પીએચડી કરી પંદરસો પાના લખી શકે એવો ટોપીક મળી ગયો છે. જેના હાથમાં કલમ છે અને મસ્તિષ્કમાં થિંકીંગ છે એવા અસંખ્ય લેખકો, બિનલેખકો તેમજ કોલેજીયનો અને કટાર લેખકો પોતાના વિચારો વહેતા કરે છે.

દેખ કબીરા.. નોટબંધી પછી નોટ અને પસ્તી બંને સમાંતર વહેતા થયા. પસ્તી દુકાનોમાં જવા માંડી અને નોટો મંદિરોમાં, ધર્માદા ટ્રસ્ટોમાં અને એ બધું બંધ તો કેટલાકે નર્મદામાં પધરાવી દીધી. અરે મુંબઈગરાઓએ નોટોના થોકે થોક રાત્રે સમુદ્રદેવને અર્પણ કરી દીધા એ બધું શું બતાવે છે ? કાળા નાણાંનો કમાલ... ઠન ઠન ગોપાલ જેવું એક ચિત્ર અગાઉ કાદરખાનની લીડરશીપમાં તૈયાર થયું કાલા બજાર.. ઠન ઠન કી સુનો ઝંકાર..યે દુનિયા કાલા બાજાર.. કી પૈસા બોલતા હૈ.. આવા ગીતોએ સૌ દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા.. છેવટે બિચારો પૈસો કયાં જાય.. કંઈક રસ્તો જોઈએ.. જેમ પાણી પોતાનો રસ્તો જાતે કરી દે છે તેમ પૈસા પોતાનો રસ્તો કરવા સમર્થથી હા પૈસો એ વિનોદ ભટ્ટના મતે છઠ્ઠી ઈંદ્રીય છે તેનામાં તમને સુખચેન આપવાની ગજબની શક્તિ છે છતાં એ કોટેશન આજના સંદર્ભમાં ખોટા પડવા લાગ્યાં છે. પૈસા એસુખ માટે જરૂરી છે પણ પૈસાથી સુખ ખરીદી શકાતુ નથી. એક આવકવેરા અધિકારીના શબ્દોમાં કહીએ તો પૈસાથી બધું ખરીદી શકાય છે. એ વાત આ નોટબંધીના સમયમાં પોકળ નીવડી છે.. હવે પૈસાને બદલે પ્લાસ્ટીકના કાર્ડથી બધું ખરીદી શકાય છે.

દેખ કબીરા.. આ દેશમાં કેશલેસ વ્યવહારની ટેકનોલોજી માટે હજી લાંબી મંજીલ લાગશે એ કોઈને ય ખબર નથી. એટીએમ, ક્રેડીટ કાર્ડ, ડેબીટ કાર્ડ, વોલેટ કાર્ડ અને સ્માર્ટકાર્ડ આ બધા કાર્ડની બોલબાલા ભારત સિવાયના લગભગ ૮૦ ટકા જેટલા દેશોમાં છે જે સાક્ષરતાનો દર સો ટકા છે એ તમામ માણસો આવો ઉપયોગ સરળતાથી કરે છે.

દેખ કબીરા.. એક બેંકના એટીએમ આગળ એક વયસ્ક કાકા રોતા ઝડપાયા.. મેં પુછયું, કેમ કાકા શું થયું ? અરે દિકરા, આ મારી એટ-ીએમ કાર્ડને આ ડબ્બામાં મુકી સરખું કરવા કહ્યું. .ત્યાં પેલો ગઠીયો આવીને મારા પાંચ હજાર રૂપિયા ઉપાડી ગયો.. મારા હાથમાં આ પીઠું પધરાવીને ગયો.. લ્યો કાકા આ તમારી પાવતી છે.. હમણાં પાંચ મીનીટમાં પૈસા નીકળશે. .અહીં ઉભા રહેજો.. આવું બોલીએ ગઠીયો નૌ દો ગ્યારહ થઈ ગયો.. ભૈ હું તો લુંટાઈ ગયો.. કાકા બોલ્યા..

દેખકબીરા.. એક સજ્જન નજીક આવી બોલ્યા, જો ભૈ આ એટ-ીએમના ડબાની કામગીરી કયાંય સફળ નથી થતી તો પૈસાની પ્લાસ્ટીક સર્જરી શું ધુળ સફળ થશે ??

દેખ કબીરા. .અલ્યા તમને ખબર છે આ પ્લાસ્ટીક સર્જરી ઉપર સાઈબરક્રાઈમની લટકતી તલવારથી કોઈ બચી શકે તેમ નથી. આ કમ્પ્યુટરની ટેકનોલોજીમાં અનેક ભેજાબાજ એવા પણ છે જે તમારા ખાતાને આખે આખુંહેંગ કરીને તેમાં રહેલી તમામ સિલક ઉઠાવીને ગુણા ભરી જશે.. દેખ કબીરા.. તમે કંઈ કરી શકશો નહીં એવો આ સમય આવ્યો છે.

જેનું મસ્તિષ્ક અતિશય ફળદ્રુપ અને અપશવધાની વૈચારિક ક્ષમતાથી ભરેલું છે. જેનો આઈ કયુ આકાશથી પણ ઉંચો છે.. એવા ભેજાબાજો સાઈબર ક્રાઈમના સહારે પૈસાની પ્લાસ્ટીક સર્જરીને પણ ગમે ત્યારે ઉઠાવી લેશે એવી ટેકનો સેવી દુનિયા પડી છે.

**બી.પાટણવાડીયા**
**મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# મિત્રને ખાતર જીવનનું બલિદાન આપનાર ગૌરવની કુરબાની ગર્વીલી બની

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

મિત્રને ખાતર જીવનનું બલિદાન આપનાર ગૌરવની કુરબાની ગર્વીલી બની

ગૌરવ...ઓ... ગૌરવ....

કોણ ?

એ તો હું વિકાસ શું કરે છે ?

આ અખબાર વાંચતો હતો શું કંઈ કામ હતું ?

હા ચાલ આપણે ફરવા જઈએ.. વિકાસે કહ્યું.

પણ આપણે બે જણ...

ના..ના.. દેવા પણ આવે છે.. વિકાસે કહ્યું.

ઠીક છે તો હું મારી માંને કહી દઉં..

એ કયાં છે ? વિકાસે પુછયું.

હશે રસોડામાં નાસ્તો બનાવતી હશે..

બિલકુલ માવડીયો છે માંને પુછયા વિના ડગલું ય નહીં ભરે.. વિકાસે દેવાને કહ્યું બંને હસવા લાગ્યા.

ગૌરવ તેની માને કહીને બહાર નીકળતો હતો ત્યાં તેની માતા બહાર આવી.

'બેટા.. ગૌરવ નાસ્તો કરીને જા..'

ના, માં મારો દોસ્તારો સાથે છે તેમને મોડું થાય છે..

અરે એમ કંઈ ચાલે. બધા સાથે બેસી નાસ્તો કરી લો.. પછી નિરાંતે ફરવા જજો.. ગૌરવની માતાએ કહ્યું.

ના, આન્ટી અમે પહેલાં ન્હાઈ આવીએ.. પછી બરાબર ભુખ લાગશે. તમે ઝાઝો બધો નાસ્તો તૈયાર રાખજો.. અમને પણ ગૌરવ સાથે નાસ્તો કરવાની મજા પડશે..વિકાસે કહ્યું.

ભલે પણ જલદી આવી જજો.. મોડું કરતા નહીં.. માતાએ ચિંતા વ્યકત કરી..

૧૧ માર્ચ ૨૦૧૪ નો સવારનો સમય હતો. ઉત્તર પ્રદેશમાં આવેલ કીયોરીયા જીલ્લાના બરહજ બજારમાંથી પસાર થતાં ત્રણે છોકરાઓ સરયુ નદીને કીનારે આવી પહોંચ્યા..

કપડાં નદીકીનારે મુકી ત્રણે નદીમાં ન્હાવા લાગ્યા. વિકાસ અને દેવા પાણીમાં તરતા તરતા આગળ વધ્યા એટલે ગૌરવે બુમ પાડી.

'દેવા.. દેવા એ તરફ ના જતો.. ત્યાં પાણી ખુબ ઉંડા છે.. વળી ભમરી પણ છે. તેના વમળમાં જો ફસાઈ ગયા તો નીકળવું મુશ્કેલ બનશે...' ગૌ-રવે ચેતવણી આપી.

'અરે કંઈ નથી.. આવી જા તું પણ મજા આવશે.' વિકાસે કહ્યું.

સરયુ નદીનાં પાણીનો પ્રવાહ ખુબ તેજ હતો હજુ આ વાત કરતો હતો ત્યાં તો વિકાસ તણાવા લાગ્યો. દેવા તેની નજીકમાં હતો. તેણે કહ્યું, દેવા દેવા.. પાણીની ખેંચ વધારે લાગે છે.. મને એમ લાગે છે કે હું તણાઈ જઈશ..

ના..ના.. કશું નહીં થાય.. જરા હિંમત કરીને મારી તરફ આવ.. દેવાએ કહ્યું.

'અરે પણ પાણીનો આ પ્રવાહ..'

બચાવો..બચાવો.. વિકાસ બુમો પાડવા લાગ્યો..

દેવા તેને બચાવવા તેની તરફ ગયો પણ એ પોતે તણાવા લાગ્યો.. હવે બંને જણાએ ખુબ બુમાબુમ કરવા માંડી..

વિકાસે પળભરનો પણ વિલંબ કર્યા વિના ઉંડા પાણીમાં ભુસકો માર્યો અને ઝડપભેર એ વિકાસની નજીક પહોંચી ગયો. વિકાસને વાળથી બરાબર પકડી તે કીનારા તરફ ખેંચવા લાગ્યો. જેમ તેમ કરી વિકાસને કીનારે લઈ આવ્યો પણ તે દરમ્યાન તેનો પગ લથડયો અને તે સંતુલન જાળવી ન શકતાં ઉંડા પાણીમાં ગડથોલું ખાઈ ગયો.

આ તરફ દેવાને ડુબતો જોઈ તે એક હોડી વાળો તેની તરફ ધસી આવ્યો.. મહેનત કરીને તેણે દેવાને તો બચાવી લીધો પણ ગૌરવને બચાવી શકાયો નહીં.. તે ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો.

આ દરમ્યાન આજુબાજુના બીજા માણસો પણ એકત્ર થઈ ગયા. વિકાસ ઘણું પાણી પીગયો હતો. તેને પ્રાથમિક સારવાર આપી દેવા પણ ભાનમાં આવી ગયો તેણે તુરંત કહ્યું ગૌરવ ભારતી કયાં છે ?

તેને શોધવા હોડીવાળો તથા બીજા બે માણસો કયારના ગયા છે પણ કંઈ પત્તો લાગતો નથી. ત્યાં ઉભેલ એક સ્ત્રીએ કહ્યું.

છેવટે બે કલાકની મહેનત બાદ ગૌરવની લાશ મળી આવી. પોતાના મિત્રને બચાવવા જતાં ગૌરવે પોતાનું બલિદાન આપી દીધું હતું.

આ ઘટનાની જાણ થતાં અખબારો અને વિજાણુ માધ્યમોમાં ગૌરવના બલિદાનની વાતો ખુબ ચર્ચાઈ. ગૌરવના માતા પિતાની આંખોમાંથી તો આંસુ સુકાતાં ન હતાં. સૌએ તેમને સાંત્વના આપી.ગૌરવનું નામ ભારતીય બાલ કલ્યાણ સમિતિ દ્વારા પસંદ કરવામાં આવતાં ૨૪ મી જાન્યુઆરી ૨૦૧૫ ના રોજ ગૌરવને મરણોપરાંત 'રાષ્ટ્રીય બાળ વીરતા પુરસ્કાર' એનાયત થયો. વડાપ્રધાનશ્રી સમક્ષ આ પુરસ્કાર સ્વીકારતાં ગૌરવના પિતા શંભુનાથ ભારતીની આંખોમાં આંસુ છલકાઈ આવ્યા પણ તેમણે કહ્યું કે મને મારા દિકરા પર ગર્વ છે. તેણે તેના મિત્રને ખાતર પોતાની જાન કુરબાન કરી દીધી.

**નટવર હેડાઉ**

# સ્ટુડન્ટ ઓફ ધ યર-૨માં ચંકી પાન્ડેની પુત્રી દેખાશે

કરણ જોહર હવે તેમની સુપરહિટ ફિલ્મ સ્ટુડન્ટ ઓફ ધ યર-૨ બનાવવા જઈ રહ્યા છે. આ ફિલ્મની તૈયારી કરી લેવામાં આવી છે. આ ફિલ્મમાં કોને કોને લેવામાં આવનાર છે તેના નામ પર વ્યાપક ચર્ચા ચાલી રહી છે. એકબાજુ ફિલ્મમાં સારા અલી ખાન, જાન્વી કપુર અને દિશા પાટનીના નામ પર અભિનેત્રીને લઈને ચર્ચા ચાલી રહી છે. બીજી બાજુ ફિલ્મમાં અભિનેતા તરીકે કોણ રહેશે તેને લઈને ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ છે. વિતેલા વર્ષોના સુપરસ્ટાર અભિનેતા જેકી શ્રોફના પુત્રની પસંદગી કરવામાં આવ્યા બાદ અન્યોની પસંદગીની પ્રક્રિયા ચાલી રહી છે. ફિલ્મ નિર્માતા દ્વારા પસંદગીની પ્રક્રિયા શરૂ કરી લેવામાં આવી છે. ચંકી પાન્ડેની પુત્રી અન્યાને કેટલીક અન્ય ફિલ્મ પણ હાથ લાગી રહી છે. થોડાક સમય પહેલા એવા હેવાલ પણ આવ્યા હતા કે સલમાન ખાન દ્વારા ચન્કી પાન્ડેની પુત્રીને લોંચ કરવામાં આવનાર છે. પોતાના ગ્રેજુએશનને પૂર્ણ કરવામાં આવ્યા બાદ તે હવે એક્ટિંગના ક્ષેત્રમાં ધ્યાન આપી રહી છે. ડાન્સિંગ ક્લાસ પણ કરી રહી છે. બોલિવુડના સેલિબ્રીટી ફિટનેસ ટ્રેનર યાસ્મીન કરાચીવાલા હેઠળ તે તમામ પ્રકારની ટ્રેનિંગ લઈ રહી છે. અન્ય સ્ટાર બાળકો પણ એન્ટ્રી કરવાની તૈયારીમાં છે. જેમાં સારા અલી ખાન, જાન્વી કપુર અને દિશા પાટનીનો સમાવેશ થાય છે. કરણ જોહરની સિક્વલ ફિલ્મને લઈને છેલ્લા કેટલાક સમયથી ચર્ચા ચાલી રહી હતી.

પ્રથમ ફિલ્મમાં આલિયા ભટ્ટ, સિદ્ધાર્થ મલહોત્રા અને વરૂણ ધવનની જોડી ચમકી હતી. હવે નવી ફિલ્મમાં એક અભિનેતા અને બે અભિનેત્રી રહેશે. ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. જેથી બીજો ભાગ વધુ શાનદાર રીતે બનાવવામાં આવનાર છે.

# કેવા ગ્રહો વિદેશમાં ધનહાની કરાવે ?




ગાંડી પુછે ગાંડીયાને કહ્યો દેશ ભલો, સંપત હોય તો ઘર ભલું નહીંતર ભલો પરદેશ.

વ્યકિત કમાવીને સુખી થવા ચાહતો હોય છે અને તે પોતાના ઘરના દરેક સભ્ય સુખથી રહે તેવી ઈચ્છા રાખે છે. જો ધંધો અને સંપત ઘરમાં જ રહેતી હોય તો તેણે ઘર, ગામ કયારેય છોડવાં ન જોઈએ. છતાં વ્યકિત જો બહાર વિદેશ જવા ચાહે તો તેણે પહેલા પોતાના જન્માક્ષર સારા જયોતિષીને બતાવવા જોઈએ કે જેથી વિદેશમાં જઈને દુ:ખી ન થવું પડે.

કેવા ગ્રહો વિદેશમાં લઈ જઈ બરબાદ કરતા હોય છે ?

જે જાતકની જન્મકુંડળીમાં પ્રથમ ભાવનો સ્વામી બારમા ભાવમાં હોય અને મંગળ, ચંદ્ર દશમા ભાવમાં પાપગ્રહ સાથે હોય તો વિદેશમાં જઈને સુખી અને ધનની હાની કરતો હોય છે.

**દ્રષ્ટાંતકુંડળી:** અત્રે આપેલ દ્રષ્ટાંતકુંડળીમાં પ્રથમ ભાવમાં કન્યા રાશી આવેલ છે જેનો સ્વામી બુધ બારમા ભાવમાં છે તેમજ મંગળ અને ચંદ્ર દશમા ભાવમાં સૂર્ય સાથે રહ્યાં છે આવી વ્યકિત વિદેશ જઈને ધન ગુમાવે છે અને હેરાન પણ થતો હોય છે.

ઉપાય : બુધના અને મંગળના જાપ કરવાથી આ યોગ નષ્ટ થતો હોય છે.

**-જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# ઉચ્ચ હોદ્દા પર રહીને સગીરાઓના ઠેર ઠેર થતા જાતીય શોષણ બાબતે તેજાબી પગલાં જરૂરી

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

વર્તમાન સંજોગોમાં ગંભીર બાબત એ છે કે મહિલાઓ કે કિશોરીઓનું જાતીય શોષણ થતું હોય તો તેમને તત્કાળ ન્યાય મળવો જોઈએ પરંતુ વહીવટી તંત્ર અને પોલીસની નિષ્ક્રીયતાના પરિણામે ઘણા બધા કેસોની ફાઈલો પર ધુળ ચઢી ચુકી છે. ત્યારે એ તમામ ફાઈલો રિસ્પોન કરી તપાસ ચલાવવામાં આવે તો ઉંચા પદ ધરાવતા અધિકીરીઓને જેલહવાલે કરી શકાય.

જ્યારે હમણાં રાજસ્થાનના મુખ્ય સચિવ ઓ.પી. મીણા પર તેમની પત્રીએ જ જાતીય શોષણનો આક્ષેપ કર્યો છે. વળી પુત્રીએ ઈ મેલ કરીને હાઈકોર્ટની ફરીયાદ કર્યા પછી મુખ્ય સચિવાલયના પત્ની ગીતાસિંહે એક પત્રકાર પરિષદને બોલાવીને પુત્રીના ઈમેલને જાહેર કરતાં રાજસ્થાનના મુખ્ય સચિવ પર પુત્રીનું જાતીય શોષણ કરતા હોવાના આક્ષેપ કર્યા હતા. ઈમેલમાં પુત્રીએ તો એવો આક્ષેપ કર્યો છે કે તે દસ બાર વર્ષની હતી ત્યારે ઓ.પી.મીણા તેની સાથે ખોટી હરકતો કરતા હતા પરંતુ ઘણા પ્રભાવશાળી પદ ધરાવતા હોવાથી ન્યાય મળતો નથી તેવું પત્નીનું પણ કહેવું છે ત્યારે આ બાબતે સરકાર દ્વારા ન્યાયી તપાસ થાય અને રાજસ્થાનના મુખ્ય સચિવને તેમના પદ પરથી દુર કરવામાં આવે તો પુત્રીને ન્યાય મળી શકે તેમ છે. જોકે કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા આ બાબતે કયા પ્રકારની કાર્યવાહી કરે છે તે જોવાનું રહ્યું. આ તો ખરેખર આપણી ભારતીય સંસ્કૃતિનુ લાંછનરૂપ બનાવ કહી શકાય. આ બાબતે તપાસ કરનારાઓ દ્વારા નીતી અપનાવવામાં ન આવે તો યોગ્ય કહી શકાશે.

દેશમાં દર વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી થાય છે અને તે ઉજવણી પાછળ કરોડોનું આંધણ સરકાર દ્વારા કરવામાં આવે છે પરંતુ દેશમાં જ સ્ત્રીઓની જાતીય શોષણ થતું હોય આવી ઉજવણીનો કોઈ અર્થ સરતો નથી. કેરળ દેશમાં સૌથી વધુ શિક્ષિત રાજય તરીકે ગણાય છે અને ત્યાં જ સ્ત્રીઓની વિશેષ દુર્દશા થાય છે. ૧૫ થી ૨૦ વર્ષની કિશોરીઓનું બહારના દેશોમાં વેચાણ થાય છે. આવી તો અનેક હકીકત બળવાખોરોમાં આવતી હોવા છતાં તેની પર ઢાંકપીછોડો કરવામાં આવી રહ્યો છે.

સ્ત્રીઓનું જાતીય શોષણ એ તો દેખીતો અત્યાચાર જ કહી શકાય. દિલ્હી જેવા મહાનગરમાં દર ત્રણ દિવસે એક દુષ્કર્મનો બનાવ બને છે. યુવતીઓને બહાર નીકળવું **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# શું તમે જાણો છો ખરાં?

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

શું તમે જાણો છો ખરાં?

વિશ્વમાં અનેક પ્રકારની અજબ ગજબની ઘટનાઓ જોવા મળે છે. જેને સાંભળતા જ આપણને આશ્ચર્ય થાય છે.

દક્ષિણ અમેરિકા પારાગ્યે દેશમાં ગુઈશ નામનું એક વિચિત્ર ગામ આવેલું છે. અહિંયા બારેમાસ વરસાદ વરસે છે. કયારેય બંધ થવાનું નામ લેતો નથી. પરંતુ વિચિત્રતા એ છે કે વરસાદ આકાશી વાદળાને બદલે ધોધરૂપે વરસે છે. આ ગામથી થોડેક દુર પહાડમાં ૩૭૫ ફુટ ઉંચો ધોધ આવેલો છે. આ ધોધનું પાણી જમીન પર પડે તે પહેલાં પવનનો સુસવાટો આ પાણીને ખેંચી જાય છે. આ પાણી સહેજ આકાશમા ઉંચે ચઢે છે અને પછી ગામ પર વરસે છે. ગુઈસ ગામનાં લોકોને માટે બારેમાસ ચોમાસાની જ ઋતુ હોય છે. અન્ય કોઈ નહિં!

આપણા શરીરમાં પર ચામડી કેટલી છે તે તમે જાણો છો ખરાં! એક પુખી વયના માણસના શરીર પર ૨૦ ચોરસ ફુટ ચામડી ઓય છે. રોજ રોજ તેનાં સુકાં પોપડાં ખરતા રઅ. છે. અને નવી ચામડી બનતી રહે છે. આથી ૫૦ દિવસમાં ચામડી તદ્દન બદલાઈ જાય છે. આમ દરેક વ્યકિત ના જીવનમાં ૪૦ રતલ ચામડી ગુમાવે છે.

મેકિસકોમાં માઝાતેકો નામની વિચિત્ર પ્રજા રહે છે. પ્રજામાં બોલવા માટે શબ્દો વપરાતા નથી. કારણકે તેમની ભાષામાં બારાખડી નથી. માત્ર સીટી વગાડીને તેઓ એકબીજા સાથે વાત કરે છે. લાંબી, ટુંકી,ધીમી અને જોરથી સીટી વગાડીને માગ્યતેકો જાતિના સ્ત્રી પુરૂષો અને બાળકો તેમનો વિચારો જણાવે છે. આપણને સીટી વગાડીને ડાયલોગ બોલવો તેમજ લાંબી ટુંકી વાતચીત કરવી અને સામેની વ્યકિતને સમજાવવી અશકય લાગે છે પણ મેકિસકોની પ્રજાન કાંઈ પણ તકલીફ પડતી નથી. બજારમાં તેઓ ખરીદી કરતા હોય ત્યારે ભાવતાલની રકઝક પણ સીટી મારીને જ કરેછે. આ ગામમાં જો રૂબરૂ જવાનું થાય તો ચારે બાજુ સીટીના જ અવાજ સાંભળવા મળે છે. આ જાતની ભાષા કેનેરી ટાપુના લોકો પણ બોલે છે.

આપણા રાષ્ટ્રધ્વજની બેઉતરફ એક સરખી ડિઝાઈન જોવા મળે છે. વિશ્વમાં બધા દેશોના રાષ્ટ્રધ્વજોની ડિઝાઈન બેઉ બાજુ સરખી જોવા મળે છે, પરંતુ માત્ર પારાગ્યે એક એવો દેશ છે કે જેણે પોતાના રાષ્ટ્રધ્વજની ડિઝાઈન સરખી રાખી નથી. ચલણી સિકકાની જેમ તેના રાષ્ટ્રધ્વજની બંને બાજુની ડિઝાઈનમાં અલગ અલગ સિમ્બોલ રાખ્યા છે.

કસ્તુરી મૃગી ડુંટીમાં સુગંધી કસ્તુરી હોય છે. આ કસ્તુરીનો માત્ર રાઈ જેટલો કણ જો ખુલ્લી હવામાં મુકવામાં આવે તો ૫૦,૦૦૦ ઘનમીટર હવા તેને લીધે સુગંધીદાર બની જાય છે.

અંગ્રેજી ચુલાને ઓવન કહે છે. માટે ચુલાના આકારનો માળો બાંધનાર એક પક્ષીનું નામ પણ ઓવન બર્ડ પાડવામાં આવ્યું છે.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

### લાખણી - ગેળા...
પાના નં.૩ ચાલુ

અન્ય વાહનો પણ અટવાતા હતા. જેથી ગમખ્વાર માર્ગ અકસ્મત સર્જાવાની દહેશત વચ્ચે રેતીના ઢગલા જીવલેણ બની ગયા હતા. તેમ છતાં જાગૃત આગેવાનોની વારંવાર રજૂઆતો છતાં મહીના સુધી તંત્ર રોડ ઉપર રેતીના ઢગલા હટાવવાની તસ્દી લેતુ નહતું આખરે જન હીતને ધ્યાને લઈ આ મુદ્દે અખબારોએ અહેવાલો પ્રસિધ્ધ કરી કાગારોળ મચાવી હતી. જેથી સફાળા જાગેલા તંત્રે તાબડતોબ જે.સી.બી. અને ટ્રેક્ટર કામે લગાડી રેતીના ઢગલા હટાવવાની કામગીરી હાથ ધરી હતી. જેના કારણે ગામલોકો અને વાહન ચાલકોએ હાશકારો અનુભવ્યો હતો.

### ધાખામાં સંવત્સરી...
પાના નં.૩ ચાલુ

માટે આજે બધા જ ભાવુકો અરસપરસ ક્ષમાપના કરી ભુલને ભુલી જશો તેવી મારી ખાસ પ્રેરણા છે. વિશેષ ધાખા ગ્રામવાસી દરેક પરિવાર એટલે મોદી, પ્રજાપતિ, બ્રાહ્મણ, ભાટી, આદિ પરિવારે પણ અઠ્ઠમ- અઠ્ઠાઈ આદિ તપ કરી ધાખા ગામને ધન્ય બનાવેલ છે.

### પશુમૃત્યની સહાય...
પાના નં.૩ ચાલુ

જ્યારે ગામમાં આવવાના રસ્તાઓ પણ નહોતા,પાણીનો ભરાવો થતાં દસ દિવસ બાદ પણ પશુપાલકોનાં માલિકીનાં પશુઓનાં પીએમ કરવામાં આવ્યાં હતાં તે પુર્વે પશુમાલિકોએ તેમનાં પશુઓને જમીનમાં દાટી દીધાં હોવાના કારણે તે માત્ર હાડપીંજર જ મળે તેમ હોઈ આવી બહાનાબાજી બંધ કરીને પશુમાલિકોને સહાય આપવાની માંગણી કરી હતી.તેમજ જો તેમની માંગણી નહી સંતોષાયતો ઉગ્ર લડત આપવાની ચિમકી પણ ઉચ્ચારી હતી.

### ડીસામાં ૧૫૦ થી ...
પાના નં.૮ ચાલુ

સ્થાપના કરવામાં આવી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના મુખ્ય વેપારી મથક ડીસા શહેરમાં વર્ષે વર્ષે ગણેશ ઉત્સવનો મહિમા વધતો જાય છે. ડીસા શહેરમાં ગણેશ ચતુર્થીએ ગણપતિ દાદાના ઉત્સવ નો પારંભ થયો છે.શહેર માં ૧૫૦ થી વધુ જગ્યાઓએ સાર્વજનીક ગણેશોત્સવ યોજાઈ રહ્યો છે .જેમાં શુક્રવારે વાગતે ગાજતે શોભાયાત્રાઓ નીકળ્યા બાદ ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવી હતી. ડીસામાં સિંધી કોલોની, લાલચાલી,તેરમી નાળા, નવાવાસ રામ ચોક, રિસાલા બજાર, ઈન્દિરા ભવન, રાજપુર, રેલ્વે સ્ટેશન, અંબિકા ચોક, શ્યામ બંગ્લોઝ, સોમનાથ ટાઉનશીપ, ચંદ્રલોક રોડ, ગુલબાનીનગર જેવા મુખ્ય સહિત શહેરના જુદા-જુદા વિસ્તારોમાં વિવિધ ગણેશ મંડળ દ્વારા આઠ દિવસના ઉત્સવની તૈયારીઓ કરી દેવામાં આવી છે. ગણેશોત્સવ દરમ્યાન રોજ બે ટાઈમ ભગવાન ની પૂજા અર્ચના અને મહાઆરતી કરાશે. અનેક સ્થળોએ દરરોજ રાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોની સાથે રાસગરબાની રમઝટ પણ જામશે.

ડીસામાં ગણપતિની સ્થાપના બાદ તેનું વિસર્જનની સૌથી અલગ રીતે થાય છે. જેમાં શહેરના તમામ ગણપતિની એક જ દિવસે એટલે કે જલજીલણી અગિયારસના દિવસે રામજી મંદિરેથી નિકળનારી જળયાત્રા સાથે શોભાયાત્રા બાદ સામુહિક રીતે બનાસ નદીમાં કરવામાં વિસર્જન આવશે.

### ડીસાના ધાનપુરા...
પાના નં.૮ ચાલુ

રક્ષણ મેળવવા લગાવેલા ઝાટકા મશીનના તાર ને અડકી જતાં તેમને કરંટ લાગ્યો હતો.જેથી તેમનું ગંભીર રીતે દાઝી જવાથી મોત નિપજયુ હતું તેમની લાશને ડીસા સીવિલ હોસ્પિટલ લવાઈ હતી .

આ અંગે ડીસા તાલુકા પોલીસને જાણ કરાતા પોલીસે અકસ્માતે મોત નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### થરાદના ગણતામાં ..
પાના નં.૮ ચાલુ

ઓગસ્ટના બપોરના ત્રણેક વાગ્યના સુમારે ખેતરમાં દાડમના વાવેતર કરેલા ખેતરમાં ભાગીયાની સગીર પુત્રી કામ કરી રહી હતી.આ વખતે તેણીની એકલતાનો ફાયદો ઉઠાવી ખેતરમાલિક કરશનભાઈએ તેના પર બળજબરી પુર્વક દુષ્કર્મ આચર્યું હોવાની શુક્રવારની સાંજે થરાદ પોલીસમથકમાં સગીરાએ પોલીસ ફરીયાદ નોધાવી હતી.આ બનાવથી પંથકમાં ચકચાર સાથે ફીટકારની લાગણી ફેલાવા પામી હતી.પ્રકરણની તપાસ થરાદના પીઆઈ એબીપટેલે હાથ ધરી હતી.તેમણે શનિવારની મોડી સાજે ૬૩ વર્ષીય કરશનભાઈની ગણતા ગામમાંથી અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.જોકે પિડીતાના પરિવારમાં મોત થવાના કારણે મોડી ફરીયાદ દાખલ કરાવાઈ હોવાનું જાણવા મળ્યું હતું.

### બેણપના યુવકોના...
પાના નં.૮ ચાલુ

નિપજયા હતા. જે સંદર્ભે મૃતક વર્ધસિંહ રાજપુતના ભાઈ દિનેશભાઈ રાણાજી રાજપુત રહે. બેણપ, તા. સુઈગામવાળાએ સુઈગામ પોલીસ મથકે લેખિત ફરિયાદ આપી જણાવ્યું હતું કે આ બે યુવકોના મોતના મામલે કોઈ વીજલાઈનનો હેવી કરંટને અર્થીંગ આવવાથી મોત નીપજ્યું છે. દિનેશભાઈ રાજપુતની ફરિયાદની સુઈગામ પી.એસ.આઈ જે.આર. શુક્લાએ ધ્યાનમાં લઈ ઝીણવટભરી તપાસ આદરી આ મોત સંદર્ભે દોષિત જણાતા બે ઈસમો પૈકી મેરૂજી વિરમજી ચૌહાણ(પૂર્વ સરપંચ ધનાણા) તેમજ તેમના ભાગીયા રાજાભાઈ મોતીભાઈ વજીર બંને રહે. ધનાણા તા. સુઈગામ વિરૂધ્ધ મનુસ્ય વધની કલમ ૩૦૪ તેમજ ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

### પાલનપુરની હરિપુરા ..
પાના નં.૮ ચાલુ

હતા. જે વાલીઓએ તેને રૂમમાંથી પકડી બહાર કાઢી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જે મતલબની જોસનાબેન પ્રજાપતિ, તૂરીબેન ઠાકોર, જીતુભાઈ વણઝારા, ચંપકભાઈ સિન્ધી અને આચાર્ય પરેશભાઈ મોદી વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ડીસામાં ૧૦ ..
પાના નં.૮ ચાલુ

હતું કે હજુ પણ કેટલાક ગામોમાંથી સહાય ન ચૂકવી હોવાની ફરિયાદો ઉઠી રહી છે. જેમ કે પાટણ હાઈવે પર આવેલા ગામોના ગ્રામજનો સહાયની માંગ કરી રહ્યા છે.ત્યારે એ વિસ્તારોમાં એકવાર ફરી સર્વે કરીને સાચા જરૂરત મંદો સહાયથી વંચિત ન રહી જાય તે માટેના તમામ પ્રયાસો કરવામાં આવશે. આ ઉપરાંત મકાન સહાય માટે પણ ટૂંક સમયમાં સર્વે શરુ કરી દેવામાં અને ઝડપી ગતિએ સહાય મળી રહે તે માટેના તમામ પ્રયાસો કરવામાં આવનાર છે.

## ડીસા શહેર ભાજપ બક્ષી મોરચાના હોદ્દેદારોની વરણી

ડીસા

જિલ્લા પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા, જિલ્લા પ્રમુખ કેશાજી ચૌહાણ, જિલ્લા મહામંત્રી અમૃતભાઈ દવે, ભારતસિંહ ભટેસરીયા તથા ઉમેદદાનજી ગઢવીના માર્ગદર્શનથી જિલ્લા બક્ષીમોર્ચો પ્રમુખ રમેશભાઈ દેલવાડીયાની સુચનાથી શહેર બક્ષીમોર્ચા પ્રમુખ જગદીશભાઈ મોદી અને મહામંત્રી નીલેશભાઈ ઠાકોરે ડીસા શહેર પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ અને મહામંત્રી ચેતનભાઈ ત્રિવેદી તથા અશોકભાઈ પટેલ સાથે ચર્ચા વિચારણા કરી નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરેલ છે.પ્રમુખ- જગદીશભાઈ બી.મોદી, મહામંત્રી- નીલેશભાઈ એફ.પરમાર(ઠારોક), ઉ.પ્રમુખ-કિરણભાઈ રાવલ અને રૂપાજી ગરીધરજી માળી, મંત્રી- જવાનસિંહ એલ.ઠાકોર(સોલંકી), ચંપકભાઈ પી.સોનગરા(મોચી), અજયભાઈ એમ.ચોખાવાલા અને પ્રવિણભાઈ આર.પ્રજાપતિ અને કોષાધ્યક્ષ તરીકે કિશોરભારથી ગોસ્વામીની વરણી કરાઈ છે.

## સ્થાનિક બજાર ભાવ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **ચોકસી બજાર** | (કીલોના) | દુન તીબાર ૫ કી. | ૮૨૦૦ | ઓરેન્જ | ૫૬૦૦ | વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| **ચાંદી ચોરસા** | **૩૯૦૦૦-૩૯૫૦૦** | દુન તીબાર ૧ કી. | ૮૨૦૦ | દાવત અપ્સરા | ૫૦૦૦ | વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| રૂપુ કાચું | ૩૯૦૦૦-૩૯૫૦૦ | હાથી ૧૧૨૧ | ૬૮૦૦ | જીરાસર ચંદન | ૨૮૦૦ | વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| સોનુ તોલો | ૨૯૩૦૦-૨૯૭૦૦ | બેસ્ટ પ્રીમીયમ | ૭૫૦૦ | ચણાદાળ ૪૪૪ | ૮૮૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| **તેલ બજાર** | | નર્મદા મગ પોલીસ | ૫૮૦૦ | મગદાળ સમરદીપ | ૭૨૦૦ | સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **રાધે પામોલીન** | **૮૯૦-૯૨૦** | મગદાળ નર્મદા સુપર | ૫૮૦૦ | મગમોગર રીયલ | ૮૦૦૦ | **ખોળ બજાર** | |
| પામોલીન | ૮૮૫-૯૨૦ | નર્મદા મગ મોગર | ૬૫૦૦ | અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| સોયા રીફાઈન | ૧૨૧૦-૧૨૨૦ | મગમોગરનર્મદાપ્રીમી | ૬૫૦૦ | મગ | ૫૭૦૦ | મોરબી ખોળ | ૧૨૫૦-૧૨૮૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૧૦-૧૨૭૦ | નર્મદા અડદદાળ | ૮૫૦૦ | અંગુર તુવેરદાળ | ૬૦૦૦ | જીરાળુ | ૧૯૦૦-૨૦૦૦ |
| સીંગતેલ૧૫ કી. | ૧૫૦૦-૧૫૩૦ | અડદદાળ નર્મદા પ્રી. | ૮૦૦૦ | અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૫૦૦-૧૫૨૦ | દુન દેહરાદુન દુબાર જુના | ૭૦૦૦ | ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૯૦ |
| સીગતેલ ૫ લી. | ૫૦૦ | દુન દહેરાદૂન મીની દુબારજુના | ૫૦૦૦ | કિસાન તુવેરદાળ | ૬૨૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૬૦૦ |
| તિરૂપતી કપા. | ૧૨૬૦ | દુન દહેરાદૂન સુ.મો.જુના | ૪૫૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ | **પરચુરણ** | |
| ૫ લીટર | ૪૧૦ | દુન દહેરાદૂન મી.મો.જુના | ૩૮૦૦ | પરખ સ્પેશીયલ | ૫૨૦૦ | સોજી | ૮૬૦ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ | દુન કણકી જુની | ૩૦૦૦ | લાલપરી તીબાર જુના | ૪૨૦૦ | મેંદો | ૮૬૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૩૦૦ | ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ | લાલપરી દુબાર જુના | ૩૮૦૦ | શ્રીફળ એમ. | ૮૮૦ |
| ૫ કે. કોપરેલ | ૮૬૦ | ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ | લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ | નિરમા સાબુ | ૫૨૫ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૫૦૦ | ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ | લાલપરી દુબાર નવા | ૩૯૦૦ | મેદી | ૬૦-૧૦૦ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૧૮૦** | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ | અજમો | ૧૫૦-૨૪૦ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૨૦ | હાથી ૮૧૭ આખા નવા | ૭૭૦૦ | લાલમંદિર બાસમતી | ૩૬૦૦ | સાકરીયા | ૪૫૦૦ |
| ૫ લી. | ૩૭૦ | હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | ૫૮૦૦ | **ખાંડ બજાર** | | ખાંડ બુરૂ | ૪૨૦૦ |
| ૨ લી. | ૧૫૭ | તુવરદાળ કૃષ્ણા | ૮૫૦૦ | (બોરીના ભાવ) | | કોકમ ફુલ | ૧૮૦ |
| **ચોખા-દાળ બજાર** | | તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ | **ખાંડ એસ.** | **૩૮૫૦-૩૯૦૦** | એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | | તુવરદાળ ખીડીયાર | ૫૮૦૦ | **ખાંડ એમ.** | **૪૦૦૦** | મોરૈયો | ૬૫-૯૪ |
| ગેટવે પ્રીમીયમ | ૬૫૦૦ | દાવત સીલેકટનવા | ૮૮૦૦ | ખાંડએલ. | ૪૦૫૦-૪૦૦૦ | તલ | ૯૦-૧૦૦ |
| ગેટ વ. રોયલ | ૫૫૦૦ | દાવત સુપર જુના | ૯૮૦૦ | **ચા-બજાર** | | ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| ગેટવે રેગ્યુલર | ૫૦૦૦ | દાવત દીલખુશ નવા | ૭૫૦૦ | સુરજ છાપ ચા | ૩૦૦ | સીંગદાણા | ૬૫-૮૦ |
| ગેટવે રીઝાના | ૪૫૦૦ | દાવત દીલખુશ જુના | ૬૫૦૦ | હરણ છાપ ચા | ૨૨૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| ગેટવે એવરેડી | ૪૦૦૦ | દાવત દુબાર જુના | ૬૦૦૦ | **આખા મરચાં-હળદર** | | દુધી | ૨૦૦-૩૦૦ |
| ગેટવે ડેઈલી | ૩૫૦૦ | દાવત રોઝાના જુના | ૫૫૦૦ | હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ | સુકી ડુંગળી | ૫૮૦-૬૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ | દાવત ૭૦ જુના | ૪૧૦૦ | હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ | લસણ | ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ | દાવત ૬૦ મીની જુના | ૩૨૦૦ | હળદર આખી સેલમ | ૯૦ | ધાણા | ૯૦૦-૧૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ | હળદર તળેલી સાંગલી | ૮૦ | મરચાં | ૮૦૦-૧૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ | મરચા વન્ડર હાટ | ૨૦૫૦ | લીબુ | ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ | લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ | મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ | અડવી પત્તા | ૨૦૦-૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૩૦૦ | લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ | મરચા તેજા | ૧૮૦૦ | આદુ | ૮૦૦-૧૦૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ | લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ | મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ | રીંગણ | ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૫૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ | ૮૫૦૦ | મરચા ટોમેટો | ૨૨૦૦ | ટામેટા | ૧૦૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ | હેરીટેજ તીબાર | ૭૨૦૦ | મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ | ભીંડા | ૪૦૦-૫૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ | હેરીટેજ દુબાર | ૫૫૦૦ | કાશ્મીરી | ૯૦ | કોબી | ૨૮૦-૪૬૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ | હેરીટેજ મીની દુબા | ૪૫૦૦ | કાશ્મીરી મમરી | ૯૦ | વટાણા | ૯૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ | કાયનાત પી | ૮૫૦૦ | સુપર પટની | ૧૦૫ | ટીંડસા | ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ | કાયનાત સુપર | ૮૦૦૦ | સુપર રજવાડી | ૧૯૦ | **ગવાર** | **૧૦૦૦-૧૨૦૦** |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ | કાયનાત | ૬૮૦૦ | મરચા ડેડીકટ | ૧૨૫ | બાદશાહ બટાકા | ૨૦૦-૨૨૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ | રાજા બાસમતી | ૪૦૦૦ | મરચાં | ૫૮૦૦ | સાંગા બટાકા | ૧૨૦-૧૪૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ | કુરૂક્ષેત્ર | ૫૮૦૦ | **ગોળ બજાર** | | ચોળી | ૧૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ | એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ | તુરીયા | ૫૦૦-૮૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ | | | | | | |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ | | | | | | |

## થરા કોલેજ એન એસ એસ સાત દિવસીય ખાસ શિબિર સંપન્ન

### પૂરગ્રસ્ત ગામમાં સ્વચ્છતા, વ્યસનમુક્તિ, કીટ વિતરણ વગેરે કાર્યક્રમો યોજાયા



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત કાંકરેજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ થરા અને.એસે.એસ.યુનિટ દ્વારા પૂરગ્રસ્ત વિસ્તાર એવા ઢેકવાડી ગામે તા.૧૯/૮/૨૦૧૭ થી તા.૨૫/૮/૨૦૧૭ દરમ્યાન ખાસ સાત દિવસીય શ્રમ જન જાગૃત્તિ શિબિર પ્રોગ્રામ ઓફીસર પ્રા.એચ.એલ દવે સહપ્રોગ્રામ ઓફીસર હરીભાઈ સિંઘવની આગેવાનીમાં યોજાયો.જેમાં કોલેજના એકાઉન્ટન્ટ અલ્પેશભાઈ સી.શેઠ દ્વારા પૂરગ્રસ્ત ગામના લોકોને સહયોગી બનાવાના ઉદ્દેશથી વિવિધ પ્રકારની કીટ બનાવી સ્વંય સેવકોના હસ્તે વિતરણ કરાયું.સાત દિવસ સુધી થરા કોલેજ એન.એસ.એસના સ્વયંસેવકોએ ગામમાં કાદવ કીચડ બાવળના ઝુંડ તથા અન્ય કચરો સાફ કરી દવા છંટકાવ કર્યો હતો.પ્રા.શાળામાં બાળકો- ગ્રામજનોમાં ઉત્સાહ વધે તેવા વ્યસનમુક્તિ, સ્વચ્છતાના કાર્યક્રમો કર્યા જેનાથી ગ્રામજનોએ આનંદ વ્યક્ત કર્યો હતો.

ગામના માજી સરપંચ જયંતિભાઈ તથા અન્ય રામાભાઈ, તુલસીભાઈ, મફતભાઈ વગેરે સતત આ સ્વયંસેવકો ઉપસ્થિત રહી પ્રોત્સાહન આપતા હતા. એન.એસ.એસ.સ્વયંસેવકો શિવરાજસિંહ વાઘેલા, ચિરાગ રાવળ, નિલેશ ઠાકોર, વર્શિલ ત્રિવેદી, નિકુલ પ્રજાપતિ વિજય દેસાઈ, રાજેશ ચૌધરી સહિત તમામ સ્વયંસેવકોએ સાત દિવસિય શિબિરમાં શ્રમ જનજાગૃત્તિ કાર્યકરી શિબિરને સફળ બનાવી હતી.

## વડગામ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં લોકગીત (વિસરાતા સુર) કાર્યક્રમ યોજાયો

તા.પ્રતિ. વડગામ

તાલુકા મથક વડગામ માં આવેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં શનિવારે વિસરાતા સુર (લોકગીત) કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ માં કોલેજ ની વિદ્યાર્થીનીઓ દ્વારા ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાની ઝાંખી કરાવતા પ્રાચીન ગીતોમાં ગોર ,કાનુડો તથા લગ્નના જુદા જુદા રીત રિવાજ પ્રમાણે ના ગિટ ખૂબ સુંદર રીતે રજૂ કરી બધાને મંત્ર મુગ્ધ કર્યા હતા.અને આજના પશ્રીમી અનુકરણ સામે આવા કાર્યક્રમો દ્વારા ભારતીય મૂલ્યો મૂકી આપણી પરંપરા ને સાચી રીતે જવંત બનાવી હતી. આ કાર્યક્રમ માં કોલેજ ના પ્રમુખ પરથીભાઈ, મંત્રી ઓખાભાઈ, સહમંત્રી ભૂતળિયા ભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિ્પલ એલ.વી.ગોળ અને એમ.કે. મકવાણા એ પ્રાસંગીક પ્રવચન આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા રમેશભાઈ ચૌધરી અને કોલેજ સ્થાપે ભારે જહેનત ઉઠાવી હતી.

## પાલનપુર શહેર ભાજપ મહિલા મોરચાના હોદ્દેદારોની વરણી

પાલનપુર

ભારતીય જનતા પાર્ટી, બનાસકાંઠા જિલ્લા પ્રમુખ કેશાજી ચૌહાણ, જિલ્લા મહામંત્રી અમરતભાઈ દવે, ભારતસિંહ ભટેસરીયા, ઉમેદદાન ગઢવીની સુચનાથી જિલ્લા મહિલા મોરચા પ્રમુખ મીતાબેન સોની તેમજ પાલનપુર શહેર પ્રભારી વસંતભાઈ પુરોહિત સાથે પરામર્શ કરી પાલનપુર શહેર ભાજપ પ્રમુખ મુન્નાલાલ ગુપ્તા તથા મહામંત્રીઓ દલપતભાઈ બારોટ અને અતુલભાઈ જોષીએ પાલનપુર શહેર ભાજપ મહિલા મોરચાના હોદ્દેદારોની નિમણુંક નીચે મુજબ કરેલ છે. જેમાં પ્રમુખ- જાગૃતિબેન વી. મહેતા, ઉપપ્રમુખ- પરમેશ્વરીબેન જી. ગેહાની, ઉપપ્રમુખ -ચંપાબેન સાધુ, મહામંત્રી પુષ્પાબેન ડી. જાદવ, મંત્રી- રીઝવાનાબેન અબ્બાસી, મંત્રી- ગીતાબેન ગૌસ્વામી, મંત્રી સુશીલાબેન એ.પુરોહિત, મંત્રી- આશાબેન એસ.ચૌધરી, કોષાધ્યક્ષ- ભારતીબેન પઢિયાર.

## વડગામ આર્ટસ અને કોમર્સ કોલેજમાં અખંડ ભારત દિવસ ઉજવાયો

તા.પ્રતિનિધિ વડગામ

શ્રી યુ.એચ. ચૌધરી આર્ટસ અને કોમર્સ કોલેજમાં અખંડ ભારત દિવસની ઉજવણી તા. ૧૮/૮/૨૦૧૭ ના રોજ કોલેજના સાંસ્કૃતિક હોલ ખાતે રાખવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રાસંગિક વક્તવ્ય માટે પારસભાઈ પઢિયારની ખાસ ઉપસ્થિતિ હતી. 'અખંડ ભારત દિવસ' ની ઉજવણીના આ કાર્યક્રમમાં મંચસ્પો કોલેજના પ્રિ.ડૉ.એલ.વી. ગોળ જિલ્લા શારીરીક પ્રમુખ પારસભાઈ પઢિયાર કોલેજ સ્ટાફ હાજર રહ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓમાં અખંડ ભારત વિશે તેની એકતા- ગૌરવ વિશેના વિચારો મંચસ્થાનેથી વક્તાઓ દ્વારા રજુ થયા હતા. કોલેજના ત્રણે વર્ષના વિદ્યાર્થીઓએ ખુબ મોટી સંખ્યામાં હાજર રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યા હતા.

## શ્રી ચાળવા પગાર કેન્દ્ર શાળા ખાતે સેન્ટર કક્ષાનો રમતોત્સવ યોજાયો

પ્રતિ. ચાળવા

લાખણી તાલુકા ખાતે ચાળવા પે.કે.શાળાની આઠ પેટા શાળાઓનો સેન્ટર કક્ષાનો ખેલ-મહાકુંભ યોજાઈ ગયો.જેમાં ચાળવા, લિંબાઉ અને અછવાડીયા ગામની વિવિધ પેટા શાળાઓના રમતવીરોએ ખો-ખો, કબડ્ડી, લાંબીકુંદ , ચક્રફેંક, ગોળાફેંક જેવી જુદી-જુદી રમતોમાં ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.વિવિધ રમતોમાં જે રમતવીરોએ શ્રેષ્ઠ દેખાવ કર્યો અને પ્રથમ નંબર મેળવ્યો હતો તેમને સીઆરસી અરજણભાઈએ પ્રોત્સાહિત ઈનામો આપ્યા હતા.આ પ્રસંગે ચાળવા ગામના સરપંચ વાઘેલા પચાંણભાઈ, ડે.સરપંચ એલ.બી.ડોડીયા, માજી કારોબારી અધ્યક્ષ ભેમજીભાઈ, એસએમસી અધ્યક્ષ માલજીભાઈ, યુવા નેતા નરસિંહભાઈ વગેરે તેમજ ગામના યુવાનો અને વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

## દ્રષ્ટીકોણ..
અનુસંધાન પાન ૫ નું ચાલુ.

જ મુશ્કેલ બની ચુકયું છે. આ બાબતે દિલ્હીના કેજરીવાલ સરકાર કે પછી કેન્દ્ર સરકારે હવે ઘેરી નિંદ્રામાંથી ઉઠી જવાની જરૂર જણાય છે. અને નિર્દોષ યુવતીઓને ન્યાય મળે તે બાબતે આગળ આવવું જોઈએ. આ બાબતે સ્થાનિક મહિલા સંસ્થાઓ દ્વારા અનેકવાર રેલી પ્રદર્શનો યોજવા હોવા છતાં પરીણામ શુન્ય જ આવ્યું છે.

રાજધાની દિલ્હીમાં કાયદો વ્યવસ્થા ખરેખર ચિંથરા ઉડી ગયા છે. ત્યારે શાળા કોલેજ કે વ્યવસાય અંગે બહાર નીકળતી યુવતીઓ કીશોરીઓની સુરક્ષા માટે શા માટે કોઈ તકેદારીના પગલાં લેવામાં આવતા નહીં હોય ? આવા સવાલો આજે ચારેકોર ચર્ચાસ્પદ બન્યા છે. ઉંચા પદ ધરાવતા અધિકારીઓ તેમના અંડરમાં જોબ કરતી યુવતીઓનું જાતીય શોષણ કરે, રાજસ્થાનના મુખ્ય સચિવ ઓ.પી.મીણા સગી પુત્રીનું જાતીય શોષણ કરે તે બાબતને સરકાર કેમ ચલાવી લેતી હશે ? એક ત્રાસવાદી કરતાં જાતીય શોષણ કરતા લોકો સૌથી મોટા ત્રાસવાદી કહેવાય. આ બાબતે અદાલતોમાં કેસ ચલાવવામાં જરૂર જણાતી નથી. સીધી સજાનો આદેશ જ કરવો યોગ્ય ગણી શકાય. ત્યારે ગુજરાત પણ સ્ત્રી શોષણ સ્ત્રીઓ પરના અત્યાચારોના બનાવોથી મુકત નથી. બેટી બચાવો બેટી પઢાઓનું સુત્ર હવે હાસ્યાસ્પદ જણાય છે. કેમ કે ભૃણ હત્યાના બનાવોને રોકી શકાયા નથી તેમજ નાની કિશોરીઓ કે કોલેજમાં અભ્યાસ કરતી યુવતીઓ કે.. કોઈ સંસ્થામાં ફરજ બજાવતી યુવતીઓ દુષ્કર્મનો ભોગ બન્યા સિવાય રહેતી નથી.. ત્યારે આ બાબતે કાયદાને વધુ સક્ષ બનાવવો એ જ મહત્વની બાબત કહી શકાય.પ્રત્યેક સમાજમાં સ્ત્રીઓની પ્રગતિ થાય તે બાબતે ગાધીનું અને ડૉ.આંબેડકર ખુબ જ સંઘર્ષ કરતા હતા. મહિલાઓ તેમની પ્રગતિની લાંબી મજલ કાપીને આગળ વધે તેમ આ બંને નેતાઓ ઈચ્છતા હતા. ભારત જેવા દેશમાં મહીલાઓ અનેક બંધનો શોષણ અને અત્યાચારના બનાવોથી ગભરાયેલી રહી છે. ભારત લોકશાહીળો પ્રનજાસત્તાક દેશ હોવા છતાં સ્ત્રીઓના પ્રશ્નો ઠેરના ઠેર જ છે. તેમના પ્રશ્નોને વાચા આપવાની કોઈની પાસે ફુરસદ નથી.

રાજધાની દિલ્હી જેવા શહેરમાં દર ત્રણ મીનીટમાં એક દુષ્કર્મનો બનાવ બને છે. છતાં દિલ્હીની કેજરીવાલ સરકાર કડક નીતિ આચરી શકી નથી. દિલ્હી બસ ગેંગરેપ નિર્ભયાનો કિસ્સો દેશવાસીઓ કયારેય ભુલી શકશે નહીં. સમય જતાં બધું ભુલાઈ જાય છે. ત્યારે આ સીલસીલાનો અંત આવવો મુશ્કેલ છે.

## કંઈક નરમ ગરમ

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

આજના કુતરા હવે રબ્બર ખાશે. એ ભાઈ ધર્મસંકટમાં આવી ગયા.. રાત્રીના અંધકારમાં એ કુતરૂં એક સ્લીપર લઈને કયાં ગયું.. તો સામે છેડે બીજા તમાશો જોવા ઉભાં રહી ગયેલા. અન્ય કુતરાએ માણસ સામે ઘુરકીયાં કરી ઉઠયા.. સાચે જ એને ભગાડવાનું યોગ્ય માન્યું તો અન્ય પાછળ પડયા.

એણે નક્કી કર્યું.. કુતરાને રોટલા રોટલી ખવરાવવાનું બંધ વિશ્વના બધાં જ કુતરાઓની જાતિ તો આખરે એક જ..

એટલે ગાયોને ઘાસ નાખવાનું નક્કી કર્યું. કુતરાની જગ્યાએ ગાયો આવી. રોજ સવારે ગાયો જ્યાં ઉભી હોય ત્યાં જાય. અને દશ રૂપિયાનું ઘાસ નાખી ગાયને પંપાળે આવું પંપાળવાનું તો કદાચ ભગવાન શ્રીકૃષ્ણે પણ નહીં કર્યું હોય.

એક આનંદ હતો.ગાયોને લીલું ઘાસ ખવરાવવાનો.. જો કે એ જાણતો હતો કે આજકાલની ગાયો કચરો અને પ્લાસ્ટીકની થેલીઓ ખાય એના કરતાં.. પણ એના કરતાં.. પણ એક દિવસ ગાયને ખવરાવીને પંપાળી રહ્યો હતો પણ પંપાળવાનું કદાચ ગાયને પસંદ નહીં આવ્યું હોય એમ ગાયો ફરી જઈને જે ભેટું માર્યું કે, ઉછળ્યા અને બાજુમાં પડેલા રહેલા પોતાના જ વાહન પર પડયો.. પોતાનું અંગભંગ થયું અને વાહન દબંગ બન્યું.

અંગભંગ થતાં લોકોએ પુછયું અરે આ શીદને થયું.ગાયોને ઘાસ ખવરાવવા જતાં અંગ ભંગ થતાં જાણે જીવનનો રંગ બદલાઈ ગયો.બસ ગાયોને ઘાસ ખવરાવવાનું કામ બંધ ભલે ને પુણ્ય ના મળે..પણ પણ એણે માછલીઓને લોટની ગોળી આપવાનું નક્કી કર્યું. દર બે દિવસેશહેરમાં આવેલા એક સરોવરની પાળે જઈને લોટની ગોળીઓ ખવરાવવી.

આહા..હા.. શું આનંદ આવતો હતો. રંગબેરંગી નાની માછલીઓ ફટાફટ ગોળીઓ ખાતી..જાણે વર્ષોથી ભુખી હોય એમ જ પણ...પણ એક દિવસ કયાંકથી મોટી માછલી આવી.. પાણીમાંથી કુદીને એની આંગળીએ બચકું ભરી દીધું.. એણે બુમ પાડી..અરે મરી ગયો રે.. અને એણે જીવજંતુઓને ખવરાવવાનું છોડી દીધું ખાવું હોય તો ખાય નહીં તો..

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**
**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## અજબગજબની દુનિયા
અનુસંધાન પાન ૫ નુ ચાલુ.

આ પક્ષી બ્રાઝિલ, કોલમ્બિયા, વેનેઝુએલા, હોન્ડુરાસ અને દક્ષિણ અમેરિકાના દેશોમાં થાય છે.આ પક્ષીને તણખલાંનો માળો બનાવવામાં કોઈ જ રસ હોતો નથી. એટલે તે ચોમાસા સુધી રાહ જુએ છે. વરસાદમાં માટી ચીકણી બનીને નરમ બને ત્યારે આ પક્ષી માટી ભેગી કરે છે. ચાંચ અને પાણી વડે લીપીને ચુલા જેવો આકાર બનાવે છે. સુર્યના તાપમાં આ માટી સેકાય એટલે ઓવનબર્ડનું પાકું મકાન તૈયાર!

આપણને એ સવાલ થાય કે ગુજરાતનું જુનામાં જુનું વૃક્ષ કયું? વયમાં પહેલો નંબર આવે સુરત પાસે આવેલા ગોરખ આમલીના બહુ પ્રાચીન વૃક્ષનો. આ વૃક્ષના થડમાં ૫૬૫ ઘનફીટ જેટલું લાકડું હોય છે. અને તેની ઉંચાઈ ૬૫ ફીટ હોય છે. સેંકડો વર્ષ પહેલાં આરબો તેનો ઠળિયો લાવ્યા હતા. ગોરખ આમલીનો ઠળિયો એટલો કઠણ હોય છે કે તેમાંથી આપ મેળે અંકુર ફુટી શકતા નથી. આફ્રીકાના બબુન વાંદરા તે ઠળિયાને ખાય ત્યારે તેની જાડી છાલ નરમ બને છે. ત્યારે જ ઠળિયા ઉગે છે. માટે ગોરખ આમલીના વૃક્ષો વિશ્વમાં મુખ્યત્વે આફ્રિકામાં વધુ જોવા મળે છે. **કમલેશ કંસારા**

---

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

### હેપ્પી બર્થ-ડે વૈદેહી



પિતા : હિતેશકુમાર રાવલ (શિક્ષક)
માતા : હર્ષિદાબેન
(શિક્ષક રૈયા હાઈસ્કૂલ)
દાદા : રમેશચંદ્ર રાવલ
જન્મ તા.૨૭/૮/૨૦૧૩
ડે.ગોગામઢ,
અંબિકા સોસાયટી, ભીલડી
તા.ડીસા, જિ.બ.કાં.

### જન્મદિન મુબારક

નામ :..................... પતિ/પિતા :.....................
માતા : .....................જ.તા. ...............ઉ.વ.
પરિચય: ...................................................
સરનામુ : .................................................
મોકલનારની સહી : .......................................

## લોર્ડ ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સ ખાતે ખેલ મહાકુંભની તાલુકા કક્ષા 'ચેસ' સ્પર્ધા યોજાઈ



પાટણ

ગતરોજ પાટણની લોર્ડ ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સ મુકામે ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક અને રમતગમત વિભાગ દ્વારા અને પાટણ રમતગમત કચેરી દ્વારા આયોજિત ખેલમહાકુંભની તાલુકા કક્ષાની ચેસ સ્પર્ધા યોજાઈ ગઈ, તેમાં જુદી જુદી શાળાના કુલ ૧૮૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. તેમની સાથે શાળાઓનાં માર્ગદર્શક શિક્ષકો, વાલીગણ પણ ઉપસ્થિત રહ્યા. ક્રિષ્ના સ્કુલના રમતગમત શિક્ષકો બળદેવભાઈ જોષી (તાલુકા કક્ષા ચેસ કન્વીનર), ભરતભાઈ પટેલ, મેહુલભાઈ મકવાણા તથા મેહુલભાઈ ગોસાઈ, ચિરાગભાઈ મોદીએ સમગ્ર સ્પર્ધાનું આયોજન સંભાળ્યું હતું. આ પ્રસંગે વ્યાયામ મંડળ પ્રમુખ કુબેરભાઈ તથા મંત્રી જશુભાઈ પણ ઉપસ્થિત રહ્યા. તમામ વિદ્યાર્થીઓએ સુંદર સૌમ્ય અને શાંત વાતાવરણમાં એકાગ્ર બની આ સ્પર્ધામાં ભાગ લઈ પોતાની કૌશલ્ય બનાવ્યું. કાર્યક્રમના પ્રારંભે શાળાનાં પાઠવી શાળાના પ્રમુખ દિનાબેન પટેલ, મેનેજીંગ ટ્રસ્ટી અમિતભાઈ પટેલ, ટ્રસ્ટી કે.પી. પટેલ, એલ.કે. પટેલ, ડી.એન. પટેલે પણ બાળકોને સ્પર્ધા માટે શુભકામના પાઠવી. પ્રાથમિક આચાર્ય જગદીશભાઈ પંચાલ તથા અંગ્રેજી માધ્યમના આચાર્ય રીચાબેન દિવાને હાજર રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો.

## સા.કાં. એસ.ઓ.જી. એ બાઈક ચોર ગેંગ પકડી ૧૩ બાઈક ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો

હિમતનગર

સાબરકાંઠા એસઓજીએ મંગળવારે બપોરે હિંમતનગર શહેરના બસ સ્ટેન્ડ આગળથી બાઈક પર જઇ રહેલા બે ઇસમોને ઝડપી પૂછપરછ કરતાં ૧૫ જેટલી બાઈકચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો હતો અને પોલીસે ૧૨ બાઈક રીકવર કરી સંભવિત વધુ બાઈકચોરીના ગુના શોધવા તજવીજ હાથ ધરી હતી. બાઈકચોર ગેંગના ત્રણ પૈકી એક ઇસમને જાણ થતાં ફરાર થઇ ગયો હતો.

એસ.ઓ.જી.પી.આઇ.વી.આર.ચાવડાએ વિગતવાર માહીતી આપતા જણાવ્યુ હતુ કે, જિલ્લા પોલીસ વડા પ્રવિણ માલની સૂચના અંતર્ગત ક્રાઇમ ડીટેક્શન કામગીરી સઘન બનાવવાના ભાગરૂપે પીએસઆઇ એસ એન પરમાર અને સ્ટાફ સહિત મંગળવારે બપોરે હિંમતનગર બસ સ્ટેશન આગળ વાહન ચેકીંગ હાથ ધર્યુ હતું.તે દરમિયાન અઢી વાગ્યાના સુમારે મોતીપુરાથી બાઇક (નં જી.જે-૯-એ.બી.૫૧૫૪) લઇને આવી રહેલા બે ઇસમોને ઉભા રાખી તેમના નામ અને બાઇકના પેપર્સ બાબતે પૂછતા સંતોષકારક જવાબ આપી ન શકતા બંનેની અટકાયત કરવામાં આવી હતી.

અટકાયત કારાયેલ સુરેશસિંહ ઉર્ફે ઇશ્વરસિંહ સોનાજી રાઠોડ (હાલ રહે.રામપુરા,ગોબરના છાપરા હીરાભાઇના કુવા પર તા.તલોદ, મૂળ રહે.મહૂડીયા-દેવકરણના મુવાડા તા.દહેગામ) તથા બીજા કિશોરની પૂછપરછ કરતાં ત્રણેક માસ અગાઉ આ બાઇક હિંમતનગર સિવિલ હોસ્પિટલમાંથી સુરેશસિંહ રાડોઠ અને રઘુવીર કિષ્ણગોપાલ (રહે.માઉન્ટ આબુ રાજસ્થાન ) બંનેએ ભેગા મળી ચોરી હોવાની કબૂલાત કરી હતી.

એક બાઇક ચોરીની કબૂલાતને પગલે બંને આરોપીઓએ વધુ ચોરીઓ કરી હોવાની આશંકા મજબૂત થવા બાદ આકરી પૂછપરછ દરમિયાન બંને જણા ભાંગી પડ્યા હતા અને ત્રણેય ઇસમોએ સાથે મળીને હિંમતનગર પ્રાંતિજ અને અમદાવાદમાં ૧૫ જેટલી બાઇક ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. ત્રીજો આરોપી બંને જણા પકડાયા હોવાની જાણ થતા ફરાર થઇ ગયો હતો.

## વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ડીસા | | એરંડા | ૮૭૦-૮૭૫ | જીરૂ | ૨૩૦૦ |
| એરંડા | ૮૭૫-૮૮૫ | બાજરી | ૨૫૦-૨૭૫ | સુવા | ૮૮૫-૯૨૩ |
| રાયડો | ૬૫૨-૬૫૫ | ચીકુડી | ૮૫૦-૮૮૦ | રાજગરો | ૭૨૬ |
| બાજરી | ૨૫૩-૨૬૭ | વાવ | | રજકો | ૧૮૦૦ |
| રાજગરો | ૭૪૦-૮૧૫ | જીરૂ | ૩૩૩૪-૩૫૨૫ | અન્ય | ૬૭૦-૮૮૫ |
| મગફળી | ૫૧૧-૭૨૫ | એરંડા | ૮૬૬-૮૮૦ | થરા | |
| લાખણી | | ગવાર | ૭૨૦-૭૪૫ | જીરૂ | ૩૧૫૦-૩૫૬૦ |
| એરંડા | ૮૬૦-૮૮૭ | બાજરી | ૨૩૫-૨૭૦ | એરંડા | ૮૮૫-૮૯૭ |
| રાયડો | ૬૫૦-૬૬૯ | મગ | ૬૨૧-૬૩૦ | રાયડો | ૬૪૫-૬૫૮ |
| ચીકુડી | ૭૭૬-૯૦૦ | વડગામ | | વરીયાળી | ૮૫૬-૧૦૨૫ |
| રજકો | ૨૪૦૫-૨૯૩૦ | ઘઉં | ૩૧૧-૩૧૨ | ગવાર | ૭૨૫-૭૩૩ |
| બાજરી | ૨૫૦-૨૫૭ | બાજરી | ૨૨૫-૨૫૫ | ઘઉં | ૩૦૬-૩૨૦ |
| ગવાર | ૬૭૦-૭૬૯ | એરંડા | ૮૮૫ | બાજરી | ૨૩૦-૨૪૩ |
| અજમો | ૯૦૦ | ગવાર | ૭૬૫-૭૭૪ | સુવા | ૮૬૦-૯૫૦ |
| થરાદ | | ભીલડી | | પાટણ | |
| ચીકુડી | ૮૦૦-૯૧૧ | એરંડા | ૮૮૪-૮૯૦ | જીરૂ | ૩૦૫૧-૩૩૪૦ |
| ગવાર | ૭૨૦-૭૪૮ | રાયડો | ૬૪૫-૬૬૪ | વરીયાળી | ૮૫૫-૧૧૦૧ |
| મેથી | ૫૦૦-૫૮૦ | રાજગરો | ૬૫૦-૭૯૦ | મેથી | ૪૪૧-૫૧૫ |
| એરંડા | ૮૭૫-૮૮૭ | બાજરી | ૨૩૦-૨૫૩ | સુવા | ૮૬૫-૯૬૦ |
| બાજરી | ૨૬૦-૨૮૬ | ઘઉં | ૩૦૦-૩૪૩ | રાયડો | ૬૪૦-૭૦૦ |
| ઈસ. | ૧૭૦૦-૨૦૨૫ | ગવાર | ૭૦૦-૭૪૬ | એરંડા | ૮૭૦-૮૯૭ |
| જીરૂ | ૩૦૦૦-૩૭૫૨ | ધાનેરા | | ઘઉં | ૩૧૦-૩૫૩ |
| રાયડો | ૬૬૦-૬૯૨ | ઘઉં | ૨૮૧-૩૫૦ | જુવાર | ૫૫૦-૬૨૮ |
| અ જમો | ૭૫૦-૧૪૬૦ | બાજરી | ૨૨૫-૨૫૧ | બાજરી | ૨૧૦-૨૬૭ |
| રજકો | ૨૬૦૦-૨૯૦૦ | ગવાર | ૭૫૦-૭૫૮ | બંટી | ૩૦૦-૩૨૭ |
| રાહ | | રાયડો | ૬૪૦-૬૭૩ | અડદ | ૫૦૦-૭૨૦ |
| રાયડો | ૬૬૦-૬૭૦ | એરંડા | ૮૬૦-૮૮૧ | ગવાર | ૭૨૦-૭૫૬ |

## પાટણ ખાતે સોમવારે આઈકોનીક બસ પોર્ટનું ખાતમુહૂર્ત થશે

પાટણ

પાટણ ખાતે જુનું એસ.ટી. બસ સ્ટેશનની જગ્યાએ પીપીપીના ધોરણે નવું આઇકોનીક બસ પોર્ટ બનશે. ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને કતિરા કન્સ્ટ્રકશન લી. તેમજ સી.સી.ઇ. એલ, ભુજ દ્વારા પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ (પીપીપી)ના ધોરણે રૂ. ૭૭.૩૮ કરોડના ખર્ચે નિર્માણ થનાર આઇકોનીક બસ પોર્ટનું ખાતમુહુર્ત રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના હસ્તે થનાર છે.

આઇકોનીક બસ પોર્ટના ખાતમુહુર્તનો કાર્યક્રમ તા. ૨૮ ઓગસ્ટ-૨૦૧૭ના સોમવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે એસ.ટી. ડેપો, પાટણ ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં મહેસુલ અને શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર, વાહન વ્યવહાર વિભાગના રાજયકક્ષાના મંત્રીશ્રી વલ્લભભાઇ કાકડિયા, સંસદીય સચિવશ્રી રણછોડભાઇ દેસાઇ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. સાંસદશ્રી લીલાધરભાઇ વાઘેલા, એસ.ટી. નિગમના ડીરેકટર સર્વશ્રી ભરતભાઇ આર્ય, ભગવાનદાસ પંચાલ, દિનેશભાઇ અનાવાડીયા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે, તેમ એસ.ટી. મહેસાણાના વિભાગીય નિયામકશ્રીની એક યાદીમાં જણાવ્યું છે.

## સાબરકાંઠા જિલ્લા આરોગ્યતંત્ર સતર્ક : જિલ્લા પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને ડિસ્ટ્રીક્ટ હેલ્થ મિશનની બેઠક યોજાઈ



હિંમતનગર

જીલ્લા પ્રભારી મંત્રીશ્રી વલ્લભભાઇ કાકડીયા ની અધ્યક્ષતામાં સરકીટ હાઉસ હિમતનગર ખાતે ડીસ્ટ્રીક્ટ હેલ્થ મિશનનીબેઠક મળી. નેશનલ રૂરલ હેલ્થ મિશન પ્રોગ્રામ અંતર્ગત આરોગ્ય, માતૃબાળ કલ્યાણ, રોગ પ્રતિકારક રસીકરણ, કુટુંબ કલ્યાણ, ક્ષય રોગ નિયંત્રણ, મેલેરિયા નાબુદી જેવા વિવિધ કાર્યક્રમનું સંચાલનના હેતુસર ડીસ્ટ્રીક્ટ હેલ્થ મિશન ની બેઠક યોજાયેલ. માન. પ્રભારી મંત્રીએ આરોગ્યના દરેક કાર્યક્રમની કામગીરીની વિગતે સમીક્ષા કરી જણાવ્યુ કે આપણે છેવાડાના માનવીને ગુણવતાયુકત આરોગ્ય સેવાઓ મળી રહે તે બાબતને અગ્રીમતા આપવી આવશ્યક છે. હાલનાં સમયમાં સ્વાઈન ફ્લુનાં કેસો નોધાયેલા છે આ બાબતે જીલ્લામાં પણ દરેક પોજીટીવ કેસની તાત્કાલિક મુલાકાત લઈને આસપાસના ઘરોમાં રોગ નિયંત્રણ કામગીરીના પગલાં લેવાય તે બાબતે ત્વરિત ઘટતી કાર્યવાહી કરવા જરૂરી સૂચનો પણ આપેલ.

બેઠકમાં જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ સ્વાઈન ફ્લુ અંગે જીલ્લામાં થયેલ કામગીરીથી પ્રભારીમંત્રીને માહિતગાર કરેલ. જીલ્લા કલેકટર અને જીલ્લા વિકાસ અધિકારીએ આરોગ્યના અધિકારીઓ અને પદાધીકારીઓ ને સ્વાઈન ફ્લુ બાબતે વધુમાં વધુ લોકજાગૃતિ કેળવાય તે અંગે જરૂરી સહયોગ અને કામગીરી અંગે માર્ગદર્શન આપેલ.

આ બેઠકમાં જીલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી દીવાણજી ઠાકોર, સામાજિક ન્યાય સમિતિ ચેરમેન રતનબેન સુતરીયા, વિવિધ નગરપાલિકા ચીફ ઓફિસર તથા આરોગ્ય શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહેલ.

## બનાસકાંઠા-પાટણના પૂરપીડિતોના પૂનર્વસન માટે મુખ્યમંત્રી રાહતનિધિમાં દ્વારા રૂ. ૧૦ કરોડનું દાન અર્પણ

પાટણ

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીને લાર્સન એન્ડ ટૂબ્રો લિમીટેડ L&T ના પૂર્ણ સમયના ડાયરેકટર શ્રી શૈલેન્દ્ર રોયે ગાંધીનગરમાં મળીને મુખ્યમંત્રી રાહતનિધિ માટે રૂ. ૧૦ કરોડ ૫૮ લાખ ૮૭ હજારની રકમનો ચેક અર્પણ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ તાજેતરમાં બનાસકાંઠા-પાટણમાં અતિવૃષ્ટિને પરિણામે જે ભારે પૂર અને વરસાદી કહેર સર્જાયો તેના અસરગ્રસ્તોને ઝડપભેર પૂર્વવત કરવાના રાજ્ય સરકારના ભગીરથ પ્રયાસોમાં મુખ્યમંત્રી રાહતનિધિમાં ફાળો-દાન આપી સહયોગ કરવા કરેલી અપિલનો પ્રતિસાદ આપતાં એલ એન્ડ ટી એ આ રાહત સહાયનો ચેક મુખ્યમંત્રીશ્રીને અર્પણ કર્યો હતો. શ્રી વિજયભાઇ રૂપાણીએ લાર્સન ટૂબ્રોની આ સમાજ દાયિત્વ ભાવના અને આપત્તિ પીડિતો પ્રત્યેની સંવેદનની સરાહના કરી હતી.

આ ઉપરાંત ગુજરાતની ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓના શિક્ષકોએ પણ સ્વૈચ્છિક એકત્ર કરેલા રૂ. ૯ લાખ ૬૭ હજારનો ફાળો પૂરપીડિતોના પૂનર્વસન માટે મુખ્યમંત્રી રાહતનિધિમાં આપ્યો છે.

પીઆરઓ/અરૂણ

## પાટણમાં જર્જરીત બનેલા નાળાને લઈ મુસ્લીમ સમાજ દ્વારા આવેદન

પાટણ

શહેરનાસિધ્ધી સરોવર માર્ગ ઉપરના જર્જરીત બબનેલા નાળાને લઇ ગુરૂવારની સાંજે મુસ્લિમ સમાજ ધ્વારા પાલિકા ખાતે આવી પક્ષના નેતાને આવેદનપત્ર આપી તાત્કાલિક ધોરણે નાળાનું કામ હાથ ધરવા રજુઆત કરી હતી.

પાટણ મુસ્લિમ સમાજ ધ્વારા સિધ્ધી સરોવર માર્ગ પર ઈદગાર પાસેનું જર્જરીત બનેલ નાળુ અકસ્માત સર્જે તેવી સંભાવના વ્યકત કરી તાત્કાલિક ધોરણે તેનું રીપેરીંગ કામ હાથ ધરાઇ તેવી માંગ સાથે પક્ષના નેતાને આવેદન પત્ર આપ્યુ હતું. પક્ષના નેતા મહેન્દ્ર પટેલે ઉપરોકત કામ માટે રૂ.૪૪ લાખની ગ્રાન્ટ ફાળવી દેવાઇ હોવાનું જણાવી ટુંકજ સમયમાં કામ હાથ ધરાશે તેવી હૈયા ધારણા આપી હતી. જ્યારે કામ શરૂ થાય નહિ ત્યાં સુધી ઉપરોકત માર્ગ પર રેડીયમથી સાવચેતી દર્શાવતું બોર્ડ લગાવાશે તેવૂ જણાવ્યું હતું. મુસ્લિમ સમાજ ધ્વારા આવેદનપત્રના કાર્યક્રમમાં મૌલાના ઈમરાન શેખ, ઈકબાલ મેમન, મોહંમદ ઈદ્રીશ, ભુરાભાઇ સૈયદ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

## વડાલીના હિંમતપુર અને ભવાનગઢનો સસ્તા અનાજનો પુરવઠો બારોબાર વગે

પ્રતિ વડાલી

વડાલી તાલુકાના હિંમતપુર તથા ભવાનગઢના સસ્તા અનાજના સંચાલક દ્વારા ગરીબોને ફાળવવામાં આવતાં ઘઉં, ચોખા, ખાંડ, તેલ અને કેરોસીનના જથ્થાને ખુલ્લેઆમ કાળાબજારમાં વેચી મારવામાં આવતો હોવાની બુમરાડ ઉઠી છે.હિંમતપુરના લોકોને પૂરતા પ્રમાણમાં પુરવઠાનો જથ્થો આપવામાં આવતો નથી.આટલુ ઓછુ હોય તેમ હવે હિંમતપુરના સંચાલકને ભગાનગઢનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે અને ત્યાં અનાજના પુરવઠાની વિતરણની કામગીરી પુરવઠા વિભાગ દ્વારા સોંપવામાં આવી છે.ત્યારે સંચાલક મહિનામાં એકજ દિવસ ટ્રેક્ટરમાં લઈ જઈને વિતરણ કરવા જાય છે.વિતરણનો જથ્થો ક્યાં ઉતારે છે તેની કોઈને ખબર પડતી નથી.

જયારે ભવાનગઢ ખાતે આવતો જથ્થો સરકારમાંથી કેટલો આવે છે તેની જનતાને જાણ હોતી નથી.ભગવાનગઢના લોકોનું કહેવું છે કે હિંમતપુરના સંચાલકને તાત્કાલિક ધોરણે બંધ કરી અગાઉના સંચાલકને જવાબદારી સોંપવામાં આવે તો એમને અનાજનો જથ્થો મળી શકે તેમ છે.

## પાટણ જિલ્લામાં પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને સંકલ્પથી સિધ્ધિ કાર્યક્રમ યોજાયો

### જિલ્લામાં પંચાયતી રાજના પ્રતિનિધિઓનું સંમેલન યોજાયું



પાટણ

ગુજરાત રાજયમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ''ભારત જોડો'' ના અભિયાન દ્વારા ગંદકી, ભ્રષ્ટાચાર, આતંકવાદ, જાતિવાદ, સંપ્રદાયવાદને દૂર કરવાના સંકલ્પો સાથે ''નયા ભારત''ના નિર્માણ માટે ''સંકલ્પ સે સિધ્ધિ''ના કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. ભારત સરકાર દ્વારા શ્ઈ૩૯;હિન્દ છોડો ચળવળ ૧૯૪૨ ના ૭૫ વર્ષ પૂર્ણ થયે જન અભિયાન થકી સંકલ્પથી સિદ્ધિ નયા ભારત મંથન કાર્યક્રમ પાટણ જિલ્લાના પ્રભારી મંત્રી અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ વિભાગના રાજયકક્ષાના મંત્રી કેશાજી ચૌહાણના અધ્યક્ષસ્થાને એ.પી.એમ.સી., પાટણ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રીશ્રીના સંદેશાનું વાંચન કરી ભ્રષ્ટાચાર મુકત ભારત, સ્વચ્છ ભારત, ગરીબી મુકત ભારત, આતંકવાદ મુકત ભારત, જ્ઞાતિવાદ મુકત ભારત અને કોમવાદ મુકત ભારત માટે લોકોએ સંકલ્પ લીધા હતા. પાટણ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કેશાજી ચૌહાણે જણાવ્યું હતું કે, તા. ૦૯ મી ઓગષ્ટ, ૧૯૪૨ના રોજ સ્વરાજય માટેનો સંકલ્પ સાથે આ ''ક્રાંતિ દિવસ'' અંગ્રેજોને ''ભારત છોડો'' આંદોલનના સંકલ્પથી પ્રારંભ થયો અને ૫ વર્ષ પછી તા. ૧૫ ઓગષ્ટ, ૧૯૪૭ના દિવસે દેશની સ્વતંત્રતા સાથે આ સંકલ્પ સિધ્ધ થયો હતો.

ભારતને ૨૦૨૨માં આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા. ૦૯ મી ઓગષ્ટ, ૨૦૧૭ આવેલ ક્રાંતિ દિવસથી શરૂ કરીને ૨૦૨૨ સુધી એટલે કે ૫ વર્ષ સુધી સંકલ્પ સે સિધ્ધિ મંત્ર સાથે ''નયા ભારત'' ના નિર્માણ માટે ''ભારત જોડો'' નું એક મહાઅભિયાન ચલાવવા દેશની જનતાને આહ્?વાન કર્યું છે. ન્યૂ ઈન્ડિયાના નિર્માણ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેવેલા સ્વપ્નને વાસ્તવિક રૂપ આપવા માટે, દેશના પ્રજાજનો હકારાત્મક અભિગમ સાથે પ્રતિબદ્ધ બને તે આવશ્યક છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

## પાટણની ધારપુર સિવીલમાં સ્વાઈન ફ્લૂના ૨૪ પોઝેટીવ કેસ નોંધાયા

પાટણ

પાટણ જિલ્લામાં સ્વાઈન ફ્લૂના કેસોમાં વધારો થઈ રહ્યો છે ત્યારે ગત બુધવારે વધુ ત્રણ પોઝેટીવ કેસો નોંધાવા પામ્યા છે. પાટણ નજીકની ધારપુર સિવીલ હોસ્પિટલમાં કુલ પોઝીટીવ કેસનો આંક ૨૪ ઉપ પહોચ્યો છે ત્યારે હવે રહી રહીને જિલ્લા આરોગ્યતંત્રની ઉંઘ ઉડી જવા પામી છે. મૃત્યુ આંક વધવાની શક્યતાને પણ નકારી શકાય તેમ નથી.

અત્યાર સુધીમાં જિલ્લામાં સ્વાઈન ફ્લૂથી ત્રણ વ્યક્તિઓના મોત થવા પામ્યા છે. ત્યારે ધારપુર સિવીલમાં સ્વાઈન ફ્લૂનો ભોગ બનતા બે નાના ભૂલકાઓ મોતને ભેટ્યા છે. ગત ૪ ઓગસ્ટે ધારપુરમાં પ્રથમ સ્વાઈન ફ્લૂ પોઝીટીવ કેસ નોંધાયા બાદ ૨૧ ઓગસ્ટ સુધીમાં એટલે કે ૧૯ દિવસમાં ૨૧ પોઝીટીવ કેસ નોંધાયા છે જેમાં અરફાન અજીતભાઈ મનસુરી (ઉ.વ.૩) અને બબુબેન પુંજાજી ઠાકોર ઉ.વ.૫૦ તથા બબુબેન ગોંવિદભાઈ પટણી ઉ.વ.૫૦ ને ધારપુર સ્વાઈન ફ્લૂ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે.

## વિસનગર તોફાન કેસમાં હાર્દિક અને લાલજી કોર્ટમાં હાજર રહ્યા

વિસનગર

વિસનગરમાં પાટીદાર અનામત આંદોલનની નીકળેલી રેલી બાદ થયેલા તોફાન કેસમાં મંગળવારના રોજ મુદત હોવાથી પાસના નેતા હાર્દિક પટેલ તેમજ એસપીજીના લાલજી પટેલ સહિત તમામ આરોપીઓ હાજર રહ્યા હતા. જેમાં મંગળવારે સાક્ષીની જુબાની લેવાયા બાદ કોર્ટે આગામી ૨૦મી સપ્ટેમ્બરની મુદત આપી છે. વિસનગરમાં ૨૩ જુલાઇ, ૨૦૧૫ના રોજ અનામત આંદોલત સમિતિ દ્વારા પાટીદાર અનામત રેલી કાઢવામાં આવી હતી.

રેલી બાદ થયેલ તોડફોડ તેમજ તોફાન કેસમાં પાસના નેતા હાર્દિક પટેલ સહિત ૧૭ વિરુદ્ધ ફરિયાદ નોંધાઇ હતી. જે કેસની મંગળવારે મુદત હોવાથી પાસના નેતા હાર્દિક પટેલ, એસપીજીના લાલજી પટેલ સહિત તમામ આરોપીઓ હાજર રહ્યા હતા. જયારે કોર્ટમાં સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી અને કોર્ટે આગામી મુદત ૨૦ સપ્ટેમ્બરના રોજ આપી છે. આ અંગે હાર્દિક પટેલના વકીલના જણાવ્યા પ્રમાણે, મંગળવારે સાક્ષીઓની જુબાની લેવાઇ હતી અને કોર્ટે ૨૦મી સપ્ટેમ્બરની મુદત આપી છે.

## વિજયનગરમાં વહેમ અને ગૃહક્લેશમાં પત્નીની કુહાડીના ઘા ઝીંકી હત્યા

વિજયનગર

વિજયનગરના ટોલડુંગરી ગામે શુક્રવારે પત્ની ઉપર ખોટો શક રાખી ગૃહક્લેશ બાબતે પોતાની પત્નીને કુહાડીના ઘા ઝીંકી હત્યા કરી દેતા ટોલડુંગરી ગામમાં અને સમગ્ર નીચલાપટ્ટામાં ચકચાર મચી જવા પામી છે. આ ઘટના ની જાણ વિજયનગર પોલીસ સબઈન્સ્પેકટરને થતાં તેઓએ એ સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચી જઈને લાશનું પંચનામું કરીને પોસ્ટ મોર્ટમ માટે વિજયનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયારે આ બનાવ મામલે મૃતક મહિલાના પિતાએ વિજયનગર પોલીસ મથકમાં પોતાના જમાઈ વિરુદ્ધ પોતાની દીકરીની ક્રૂર હત્યા કરવા મામલે ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યારા પતિને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

## પહેલા જાટ આંદોલન અને હવે ડેરા સચ્ચા સોદા પ્રમુખ મામલો હરિયાણા સરકાર દર વખતે નિષ્ફળ

ચંડીગઢ

ડેરા સચ્ચા સોદા પ્રમુખની વિરૂધ્ધ સીબીઆઇ કોર્ટમાં ગઇકાલે આવનેલા નિર્ણય બાદ પંચકુલા સહિત હરિયાણાના મોટાભાગના હિસ્સામાં હિંસા ભડકી ઉઠી છે. ખાસ વાત એ છે કે ડેરા પ્રમુખ સમર્થકો છેલ્લા ત્રણ દિવસથી સિરસા ચંડીગઢ પંચકુલા સહિત અન્ય જગ્યાઓ પર જમા થઇ રહ્યાં હતાં અને અદાલતના નિર્ણય બાદ સમર્થક ઉગ્ર થઇ ગયા હતાં. આ વાતની આશંકા કોર્ટથી લઇ શાસન પ્રશાસન અને ત્યાં સુધી કે સામાન્ય વ્યક્તિને હતી આમ છતાં હરિયાણા સરકારે આ સ્થિતિનો સામનો કરવા માટે પુરતી વ્યવસ્થા કરવામાં આવી ન હતી. તમામ લોકો તેને હરિયાણા સરકારની નિષ્ફળતા માની રહ્યાં છે જાટ આંદોલન બાદ હરિયાણા સરકારની સતત આ બીજી નિષ્ફળતા છે. પહેલા જાટ આંદોલન અને ત્યારબાદ ડેરા સચ્ચા સોદા મામલામાં હરિયાણામાં મચેલ તોફાનો બાદ જાણકારોનું માનવું છે કે હરિયાણા સરકાર કોઇ મોટી ઘટનાનો મુકાબલો કરવામાં સક્ષમ નથી. જાણકારોનું કહેવું છે કે હાઇકોર્ટ હરિયાણા સરકારને બે દિવસ પહેલા જ કડક ફટકાર લગાવી ચુકી હતી જયારે કલમ ૧૪૪ લાગી છે તો ડેરા સમર્થક કંઇ રીતે ઠેર ઠેર એકત્રિત થઇ હતી. તેમને હટાવવા માટે કેમ કોઇ કાર્યવાહી કરવામાં આવી નહીં. તેને કારણે જ કોર્ટના નિર્ણય બાદ રામ રહીમના સમર્થક બેકાબુ થઇ ગઇ અને જોત જોતામાં પંચકુલા ચંડીગઢ સિરસા સહિત અનેક મોટાભાગના વિસ્તારોમાં હિંસા ફાટી નિકળી અને ૨૦થી વધુ લોકોના મોત નિપજયા અને સેંકડો લોકોને ઇજા થઇ છે. આ પહેલા પણ અખિલ ભારતીય જાટ અનામત સમિતિએ ફેબ્રુઆરીમાં અનામતની માંગને લઇ આંદોલન શરૂ કરી હતી.તે સમયે પણ આંદોલનને જોતા રાજય સરકારે ખુબ મોટી તૈયારીઓ કરી હતી પરંતુ રોહતકમાં સડક પર ઉતરી આવ્યા અને આંદોલનકારી કયારે હિંસક થઇ ગયા તે સરકારને ખબર જ ન રહી. અને તમામ વ્યવસ્થા નિષ્ફળ થઇ ગઇ. જાટ આંદોલન સમિતિએ ૧૪ ફેબ્રુઆરીએ રોહતકના સાંપલામાં જાટ અનામતને લઇ સમેલન બોલાવ્યું આ સંમેલન બાદ તરત જ આંદોલનકારીઓએ રોહતક દિલ્હી હાઇવેને જામ કરી દીધો આગામી દિવસે આંદોલન ફેલાવવાનું શરૂ કરી દીધુ આંદોલનની આગમાં આઠ જીલ્લા સળગી ઉઠયા હતાં આ હિંસામાં ૩૦થી વધુ લોકોના મોત નિપજયા હતાં.

# પાલનપુરમાં બે કોમના લોકો વચ્ચે તકરાર : ચારને ઈજા


(સંજય જોષી)

પાલનપુર

પાલનપુરમાં બે કોમના લોકો વચ્ચે નજીવી બાબતે થયેલી તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા જૂથ અથડામણ થઇ હતી. જેમાં ૪ લોકોને ઈજા થઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પાલનપુર ટેલિફોન એક્સચેન્જ પાસે બબાલ થઈ હતી. તલવાર અને ધોકા વડે થયેલા હુમલામાં ૪ યુવકો ઈજાગ્રસ્ત થયા હતા. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવને પગલે ખુદ એસ.પી પૂર્વ પોલીસ મથકે દોડી આવ્યા હતા.

અગાઉ જનતાનગરમાં બે કોમના યુવાનો વચ્ચે તકરાર થઈ હતી. જે તકરારની અદાવતને લઈને જૂથ અથડામણ થઇ હોવાના અહેવાલ મળ્યા છે. સામાન્ય નાસ્તા ની તકરાર મા બે કોમના યુવકો વચ્ચે બબાલ થઇ હતી. જેમાં ઘાયલઆફતાબ ઈમરાન પરમાર ઉ.૧૯ રહે.કમાલપુરા, શાહરુખ નૂર મહમદ મલિક ઉ.૨૮ રહે. જનતા નગર, અજરૂદ્દીન અલીહુસેન ચૌહાણ ઉ.૨૪ રહે.જનતા નગર, પાલનપુરને સારવાર માટે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા. ઘટનાને પગલે લોકોના ટોળેટોળાં પોલીસ સ્ટેશને ઉમટી પડ્યા હતા.

# ડીસાના ધાનપુરા ગામે ખેતરમાં કરંટ લાગતા મહિલાનું મોત


ભરત સુંદેશા

## પશુઓથી રક્ષણ મેળવવા ઝાટકા મશીન લગાવ્યું હતું : મહિલાનું ડીસા સિવિલમાં પીએમ કરાવાયુ

ડીસા

બનાસકાંઠા જિલ્લાના સૂઇગામ તાલુકામાં તાજેતરમાં ખેતરમાં ઝાટકા મશીન ના કારણે વીજ કરંટથી બે યુવકોના મોત નીપજ્યા હતાં ત્યારે આવો જ બનાવ ડીસા તાલુકાના ધાનપુરા ગામે પણ બન્યો છે.જેમાં ખેતરમાં પશુઓથી રક્ષણ મેળવવા લગાવેલા ઝાટકા મશીનના તારમાંથી કરંટ લાગતા એક મહિલાનું મોત નીપજ્યું છે

આ બનાવની વિગત એવી છે કે ડીસા તાલુકાના ધાનપુરા ગામે રહેતા રાજુબા અશોકસિંહ વાઘેલા શનિવારે સવારે પોતાના પતિ માટે ભાત લઈને ખેતરમાં જતા હતા. દરમિયાન તેઓ ડાહ્યાભાઈ વજાભાઈ ચૌધરીના ખેતરની વાડ ઓળંગવા જતા ત્યાં પશુઓથી

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં ૧૫૦ થી વધુ જાહેર સ્થળે ગણપતિની સ્થાપના



ભરત સુંદેશા

## ઠેરઠેર સાર્વજનિક ગણેશોત્સવના પંડાલ લાગ્યા : વિસર્જન પણ સામૂહિક રીતે થશે

ડીસા

ડીસા આ શહેરમાં છેલ્લા બે દાયકાથી ગણપતિ મહોત્સવનો મહિમા વધતાં અનેક જગ્યાએ સાર્વજનિક ગણેશ મહોત્સવના આયોજન થઈ રહ્યાં છે જેમાં ચાલુ વર્ષે દોઢસોથી વધુ ગણપતિ મહોત્સવના આયોજનના પંડાલ લાગ્યા છે. ડીસામાં ગણપતિની સ્થાપના બાદ તેના વિસર્જનની પણ ખૂબી છે જેમાં શહેરના તમામ ગણપતિનુ એક જ દિવસે એટલે કે જલજીલણી અગિયારસ ના દિવસે સામુહિક રીતે બનાસ નદીમાં કરવામાં આવશે.

બનાસકાંઠા સહિત સમગ્ર ગુજરાતમાં આજે ગણેશ ચોથ નિમિત્તે ઠેરઠેર 'શ્રી'પ્રતિમા ઓની

અનુસંધાન પાના નં.૬

# પાલનપુરની હરિપુરા શાળાના આચાર્ય સહિત પાંચ સામે ફરીયાદ

પાલનપુર

પાલનપુરની હરીપુરા પ્રાથમિક શાળામાં વાલીઓની રજૂઆતના પગલે શિક્ષણાધિકારીએ શિક્ષિકાની બદલી કરી દીધી હતી.તેમ છતાં આ શિક્ષિકા નસીબાબેન શેખ શાળામાં ફરજ બજાવતી હતી.જેનો વાલીઓએ વિરોધ કર્યો હતો.જે બદલ શિક્ષિકાએ શાળાના આચાર્ય સહિત ચાર વાલીઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી જણાવ્યું હતુ કે હું શાળામાં ફરજ બજાવતી હતી તે દરમ્યાન આચાર્યે બાળકોને તેમના વાલીઓને બોલાવવા મોકલ્યા

અનુસંધાન પાના નં.૬

# થરાદના ગણતામાં ખેતરના માલિક સામે ભાગીયાની દીકરી પર દુષ્કર્મની ફરીયાદ

## પી.આઇ.એ મોડી સાંજે ૬૩ વર્ષીય આધેડની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકાના ગણતા ગામના એક ૬૩ વર્ષીય આધેડ ખેતરના માલિક સામે ભાગીયાની ૧૪ વર્ષની પુત્રી પર દુષ્કર્મ આચરાયાની ફરીયાદ પોલીસ દફતરમાં નોંધાતાં ચારેબાજુ ચકચાર સાથે ફીટકારની લાગણી ફેલાવા પામી હતી.પોલીસે ખેતરના આધેડ માલિકની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.


(વિષ્ણુ દવે)

થરાદ તાલુકાના ગણતા ગામના કરશનભાઈ ગણેશભાઈ પટેલ નામના ખેડુતના ખેતરમાં તાલુકાના ઉંદરાણા ગામના એક ભાગીયાએ બે મહિના પહેલાં ભાગમાં ખેતરનું વાવેતર રાખ્યું હતું. ગત ૨

અનુસંધાન પાના નં.૬

# બેણપના યુવકોના મોત સંદર્ભે બે વિરૂધ્ધ ''માનવ વધ'' ની ફરિયાદ

તાલુકા પ્રતિનિધિ વાવ

તા. ૨૩/૮/૧૭ ને બુધવારના રોજ સુઈગામ તાલુકાના ધનાણા ગામના પૂર્વ સરપંચ મેરૂજી વિરમજી ચૌહાણના ખેતરમાં લગાવેલા ઝાટકા મશીનથી અર્થીંગ આવતા બેણપ ગામના રાજપુત વર્ધસિંહ રાણાજી ઉ.૨૨ અને રાજપુત થાંનાજી વિહાજી ઉ.૨૦ ના મોત

અનુસંધાન પાના નં.૬

# સાતસણ નજીકથી પસાર થતુ ઓવરલોડ ટ્રેલર ઝડપાયું

(પ્રતિ.) પાંથાવાડા

જીલ્લામાં ભારેથી અતિભારે વરસાદ વરસતા નાના મોટા રોડ, રસ્તાની સાથે સાથે આંતર રાજ્ય રસ્તાઓ પણ પ્રભાવિત થયા હતા. જેથી મોટા ભાગનો વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો.જોકે એકાદ માસ બાદ રસ્તાઓ ચાલુ થતા વાહન વ્યવહાર પૂર્વવત થયો છે. જેથી ચોર રસ્તેથી પોતાના ઓવર લોડ વાહનો પસાર જરાવવા અસામાજિક તત્વો સક્રિય થયાછે. પાંથાવાડા બોર્ડર પોલીસ મથકના સૂત્રોના જણાવ્યા અનુસાર પાંથાવાડા બોર્ડર પી.એસ.આઈ. જયદીપસિંહ વનાર પોતાના સ્ટાફ સાથે ગુરૂવારે રાત્રે કોમ્બિગ નાઈટમાં હતા. ત્યારે મોડી રાત્રે ગુંદરી ચેક પોસ્ટ બચાવવા સાતસણ ચોર રસ્તેથી પસાર થતુ ટ્રેલર નંબર-આજે-૦૧-જીબી-૩૨૩૭ ને ઝડપી પાડી ગુંદરી આર.ટી.ઓ. કચેરી ખાતે લાવતા ફરજ પરના અધિકારીએ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસામાં ૧૦ કરોડની કેશડોલ્સ ચુકવાઈ પણ હજુ ફરિયાદો ચાલુ

## પાટણ હાઈવેના ગામડાઓને સહાય ન મળી હોવાની રાવ

ડીસા

બનાસકાંઠામાં ભયાનક પુરે તબાહી મચાવ્યા બાદ સરકાર દ્વારા સહાય આપવામાં આવતા માત્ર ડીસા તાલુકામાં રૂ.૧૦ કરોડ ઉપરાંત ની સહાય ચૂકવવા છતાં હજુ અનેક લોકોને કેશડોલ્સ મળી ન હોવાની ફરિયાદો મળી રહી છે.

બનાસકાંઠા જીલ્લામાં આ વર્ષે આવેલા ભયાનક પુરમાં અસંખ્ય પરિવારો બરબાદ થઇ ચુક્યા છે તો કેટલાક પરિવારોએ તેમના સ્વજનોને ગુમાવી દીધા છે. બનાસકાંઠા જીલ્લા પર આવેલી આ કુદરતી આપદા વખતે ગુજરાત સરકારે અત્યાર સુધીનો સૌથી ઝડપી નિર્ણય લઈ ઐતિહાસિક રીતે સહાયની સરવાણી વહાવી હતી અને તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારોને સહાય પહોંચતી કરી દીધી હતી. સરકારના આદેશથી સક્રિય થયેલા વહીવટી તંત્રે દિવસ રાત જોયા વગર અસરગ્રસ્તો સુધી પહોંચી ઘરે ઘરે સહાય પહોંચાડી છે. પરંતુ હજુ અને લોકો સહાય ન મળી હોવાની ફરિયાદો લઈ રોજે રોજ તાલુકા પંચાયત કચેરી એ આવે છે

માત્ર ડીસા તાલુકાની જ વાત કરીએ તો ડીસા તાલુકાના ૯૦ ગામોમાં અધિકારીઓએ પહોંચીને લગભગ ૧૦ કરોડ રૂપિયાની સહાય કેશડોલ્સ, ઘરવખરી તરીકે ચૂકવી હોવાનું તાલુકા વિકાસ અધિકારી સી એમ દરજીએ જણાવ્યું હતું. જો કે તાલુકા વિકાસ અધિકારીએ સ્વીકાર કરતા જણાવ્યું

અનુસંધાન પાના નં.૬

Wanted
Second Hand
imported
Gear Box
(prefer Germany make)
for Ribbon Blender
of 4 M. Ton.
Contact : 09825800722

## અમારા કહ્યામાં નથી



અમારો પુત્ર પિન્ટુભાઈ પ્રતાપજી માળી રહે.બજરંગનગર, કાંટ રોડ, ડીસા અમારા કહ્યામાં નથી, મારો છોકરો મારા કહ્યામાં નથી જેની સર્વેએ નોંધ લેવી. તેની સાથે કોઈપણ જાતનો કંઈ પણ વ્યવહાર કરવો નહીં. જો કોઈપણ વ્યવહાર કરશે તો અમારી કોઈપણ જવાબદારી રહેશે નહીં. જેની સર્વેએ નોંધ લેવી.

લિ. પ્રતાપજી રૂપાજી માળી
બજરંગનગર, કાંટ રોડ, ડીસા,
મો.૯૯૨૪૬૧૯૪૧૪

## બેસણું


સ્વ.રાજીબેન વિરમાભાઈ ચૌધરી
સ્વ.તા.૨૫/૮/૨૦૧૭

અમારે પૂજ્ય માતૃશ્રી સ્વ.રાજીબેન વિરમાભાઈ ચૌધરી તા.૨૫/૮/૨૦૧૭ ને શુક્રવારના રોજ દેવલોક પામેલ છે. સદ્દગતનું બેસણું (બપોરો) સમાજના રિતરિવાજ મુજબ તા.૨૮/૮/૨૦૧૭ ને સોમવારના રોજ અમારા નિવાસ સ્થાન કાંટ મુકામે રાખેલ છે.

સ્થળ : મુ.કાંટ, તા.ડીસા, જિ.બ.કાં.
મો.૯૪૨૮૩ ૭૨૩૫૮

લિ. ચૌધરી હેમાભાઈ વિરમાભાઈ (પુત્ર)

| | |
|---|---|
| ચૌધરી ભેમાભાઈ કરમશીભાઈ - ભત્રીજા | ચૌધરી સ્વ.દેવશીભાઈ પબાભાઈ - ભત્રીજા |
| ચૌધરી જીવાભાઈ કરમશીભાઈ - ભત્રીજા | ચૌધરી લાલજીભાઈ કાંનજીભાઈ - પૌત્ર |
| ચૌધરી રામજીભાઈ માદેવભાઈ - ભત્રીજા | ચૌધરી રમેશભાઈ રામસુંગભાઈ - પૌત્ર |
| ચૌધરી ભગાભાઈ માદેવભાઈ - ભત્રીજા | ચૌધરી આનંદકુમાર હેમાભાઈ - પૌત્ર |
| ચૌધરી માનસુંગભાઈ માદેવભાઈ - ભત્રીજા | ચૌધરી વિકાસકુમાર હેમાભાઈ - પૌત્ર |

ફર્મ : ખોડીયાર પેટ્રોલિયમ કાંટ,
શ્રી અંબિકા કોલ્ડ સ્ટોરેજ - કાંટ, તા.ડીસા, જિ.બ.કાં.

